કુમાર

આવતી કાલનાં

હોડી (ચતુર્ભુજ મરચંટ)



નાગરિકો ઘડતું સામયિક

તંત્રી · રવિશંકર રાવળ ★ સંપાદક · બચુભાઈ રાવત

કુમાર

મે ૧૯૪૧

અંક ૨૦૯

ચિત્રો

કાવ્ય

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પ્રદેશના રૂા. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના: મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ-૧; તથા બીજા એજન્ટો: આર.આર.શેઠની કં., શિષ્ટ સાહિત્ય ભંડાર અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



ભરત

ચિત્રકાર કનુ દેસાઈ



ટપાલની કેટલીક નવતર ટિકિટો (શ્રી હરિલાલ બૅંકરના સંગ્રહમાંથી

ઉપલી હાર: પહેલી ચાર ટિકિટો સ્પૅનિશ મોરોક્કોએ પોતાના આંતરવિગ્રહની શતાબ્દી પ્રસંગે કાઢેલી ૧, ૨, ૫ અને ૧૦ સેન્ટની ટિકિટો તેમાં પહેલી બેમાં સોલ્જરનું, ત્રીજીમાં ક્રૂપરનું અને ચોથીમાં વૉલન્ટીઅરનું ચિત્ર છે. છેલ્લી ત્રણ ટિકિટો મેક્સિકોએ ૧૯૩૯–૧૯૪૦માં વસ્તીગણત્રી કરી તે સમયે કાઢેલી, જેમાં પહેલી બે સેન્ટની ટિકિટમાં મોટાં મકાનો, બીજી પાંચ સેન્ટની ટિકિટમાં ખેતીવાડીની ખીલવણીનું સૂચન તથા છેલ્લી દસ સેન્ટની ટિકિટમાં એક હાથમાં માલનું બંડલ ને બીજા હાથમાં ડૉલર વડે વ્યાપારનું સૂચન કરતાં ચિત્રો છે. નીચલી હાર: પહેલી બે આફ્રિકાની વૂર ટ્રેકર મેમોરિયલની છે, ત્રીજી સ્વિટ્ઝરલૅન્ડની રેડક્રૉસને સ્મરણાંકિત કરતી ૧૯૩૯ની ટિકિટ છે અને છેલ્લી ઉત્તર અમેરિકાના એકમાત્ર ફ્રેન્ચ સંસ્થાન મિકવેલનની રાજધાની સેંટ પીઅરીની ટિકિટ છે, જેમાં બરફની વસાહતનો ખ્યાલ આલેખ્યો છે



'વિષબિંદુઓ': વિનોદચંદ્ર બચ્ચ (અમદાવાદ)-કનેજના ઈનામ

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

આ મહિને પણ એકેય ચિત્ર ઈનામને પાત્ર ઠરતું નથી. આવેલા સંગ્રહમાંથી 'વિષબિન્દુઓ' નવીન જ વિષયને નિરૂપતું હોવાથી તેને કનેજના-ઇનામ મળે છે. જંતુફોટોગ્રાફીનો એ સારો પ્રયત્ન ગણાય. ચિત્ર બહુ જ નજીકથી અગર પોર્ટ્રેટ લેન્સ કે પ્રૉક્સાર લેન્સ ચડાવીને પાડેલું હોઈ વીંછીના આગળના ચીપિયા અસ્પષ્ટ આવ્યા છે. આવા વિષયો લેતી વખતે ડાયાફ્રામ વધારે ઝીણો રાખીને પ્રમાણમાં એક્સ્પોઝર વધારવાથી ફોકસિંગની આ ક્ષતિ દૂર થશે.

'કુમાર'ની ફોટોગ્રાફી-હરીફાઇના નિયમો સંબંધે ગયે મહિને અમે ધ્યાન ખેંચ્યું છે કે હરીફો તેનું પૂરું પાલન કરતા નથી. એ નિયમો અમે 'કુમાર'ના ૧૯૨મા અંકમાં આપી ગયા છીએ તે વાંચી જવાની અગર એક આનાની ટપાલની ટિકિટ બીડીને તેની છાપેલી પત્રિકા મંગાવી લેવાની સૌ હરીફોને અમારી ભલામણ છે. હવે પછીથી એ નિયમોમાંના કોઈનો પણ ભંગ કરનાર ફોટોગ્રાફી-હરીફાઈમાં સ્થાન પામી શકશે નહિ. **બલવન્ત ભટ્ટ**



અગ્નિને

૧

હોતા છું, પાવકાગ્નિ !

લાવ્યો મારાં કિલ્બિષો, બાળજે તું
જેવો તારી સાત જિહ્વા થકી તું
હોમાએલું જાય છે સર્વ ભક્ષી.

પૃથ્વીને તું બાળતો સૂર્યરૂપે;
બાળે, એની ભૂખ વર્ષાની જાગે;
મારામાં યે એમ, ઓ અગ્નિ ! જાગો
વર્ષાની એ ભૂખ, જેના થકી હું
અમૃતાની ધાર ઝીલું સહસ્ર.

૨

ઋત્વિજ છું, વરદાગ્નિ !

તારી શક્તિ, તેજ તારાં તું આપ,
માગું તારી ચેતનાના કણો હું.
અગ્નિપ્રેર્યાં અંતરીક્ષે ય વિશ્વો;
સ્વયંભૂ તું, અગ્નિ, ઓ ! પ્રેમીઓના
ચિત્તામાં તું આવ, પ્રાણે તું આવ.

તારા પ્રેર્યા અર્થ ને કામ માટે
સંસારે આ છે જ વહેવાર સર્વ.
હોમાવાની છે જ કાયા તને આ,
જ્યારે મારી ચેતના સંહરે તું,
એને આજે સુકૃતાર્થી બનાવ.

બ્રહ્મા છું, મંગલાગ્નિ !

હૈયે હૈયે હેતના હોજમાં તું,
રાષ્ટ્રે રાષ્ટ્રે તું જ માનવ્ય સાચું;
શોણે આજે શોણિતોની નદીએ
પૃથ્વીને તું ભીંજવે અગ્નિ, પૂછું ?
શબ્દોમાં તું વ્યંજના, પ્રેરણા તું,
સૌન્દર્યોમાં જાગતું સત્ય તુંથી,
ચેતનવંતું સૃષ્ટિમાં જે બધું ત્યાં
તારી ઉષ્મા, તેજ તું, તું જ અગ્નિ.

તું છે પેલો ધૂર્જટિ, શિવ તું છે
જેણે રોળ્યાં ચૌદ બ્રહ્માંડ, અન્તે
પોતાના જે યજ્ઞથી સૃષ્ટિ સર્જે.
તારાં સાતે હાથમાં બાણ લૈને
તું રોળીને ચૌદ બ્રહ્માંડ અન્તે
તેવા યજ્ઞે પ્રેર તું માનવોને.

હરિશ્ચન્દ્ર ભ. ભટ્ટ

ભાવના, કલ્પના અને શબ્દાવલિમાં વેદમંત્રોનો ખ્યાલ ઉપજાવતા આ કાવ્યને, તેના શાલિનીવૃત્તનો પાઠધ્વનિ પણ ઉપયુક્તપણે પુષ્ટ કરે છે અને આપણને એક સારું આવાહનકાવ્ય મળે છે.

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૧૮ · અંક ૫ · મે · ૧૯૪૧



હિંદુસ્તાનની કમનસીબી

● દુનિયાના એકેએક ભાગમાં પ્રજાઓ પર આજે યુદ્ધનાં આક્રમણો થઈ રહ્યાં છે. શાંત અને વ્યવસ્થિતરીતે પ્રગતિ કરી રહેલા નવા મુલકો અને પ્રજાઓનું ભવિષ્ય બેદાનમેદાન થઇ રહ્યું છે. પણ એ બધા ઉપર બહારની શક્તિઓ ને સત્તાઓનો ડોળો પડ્યો છે; જ્યારે હિંદુસ્તાન તો અનેક સૈકાઓ બાદ એક મહાપ્રજાનો મુલક બનવાની ભવ્ય યોજના વિચારી રહ્યું હતું તે વખતે તે અંદરઅંદરના બીનહયાતીવાળા મુદ્દાઓ પર વિરોધો ઉઠાવી એક બીજી કોમને બરબાદ કરવાના હિચકારા, ખૂની અને શયતાની પ્રયોગોને પંથે ગબડી રહ્યું છે. હિંદની ભવિષ્યની રચનામાં કોઇ કોમી સંગઠન નહિ હોય, કોઈ સ્વાર્થી ને એકપક્ષી આબાદી અને સત્તાની રચના નહિ હોય, એવી મહાસભાની પ્રામાણિક ઘોષણાઓ છતાં, આજે કોઈના યે હાથમાં કશું નથી આવ્યું તે પહેલાં 'બૈરાં આગાળે અને ઘેર ધમાધમ' જેવી મનોવૃત્તિ દેશમાં ફેલાઇ ગઈ છે અને તેણે હારોહાર નિર્દોષ અસહાય જનતાને બેફામીમાં આગ, ખૂન અને લૂટના તાંડવમાં ફેંકી દીધી છે.

ગુજરાતમાં

● અમદાવાદમાં ૧૮-૧૯-૨૦ એપ્રિલ (શુક્ર શનિ રવિ)ના દિવસોમાં એ શહેરની બેફામ પ્રજા ઉપર જે ગજબના બનાવો વીત્યા છે તે ઈતિહાસમાં નોંધાઈ રહેશે. ગમે એટલી કેળવણી, સુધારા અને જમાનાના પ્રકાશ ગળવા છતાં અણસમજ અને હેવાનિયત હજુ એટલી હદ સુધી વ્યાપી રહ્યાં છે કે સૈકાઓના ગાઢ સંબંધથી જોડાએલા પોતાના જ ભાઇઓને પીઠ પાછળથી કાતિલ ઘા થઇ શક્યા છે. આટલા પ્રગતિમાન અને જ્ઞાનવાન યુગમાં કોઈપણ કોમ કે આ રીતે જ પોતાનું બહેતર કરવા ઈચ્છતી હોય તો જગતના ડહાપણો અને જ્ઞાનીઓ તેમને શાબાશી આપી નહિ શકે. પ્રામાણિક વિરોધો કે ગેરઈન્સાફના નિકાલ કરવાને શસ્ત્રસજ્જ મુલકો પણ બને ત્યાં સુધી પોતાની મર્યાદાની લાયકી સાબિત કરતા ન્યાય-પંચની દરબારેના કરી રહ્યા છે. હિંદુ મુસલમાનોએ તો સૈકાઓથી ભેગા રાજ્યકારભાર, વહીવટ અને વેપાર કર્યો છે અને હવે તો એવો પણ યુગ આવી લાગ્યો હતો કે કોઈ પ્રકારના સામાજિક સદાચાર અને વ્યવહાર પણ સરળ અને શુભ બનવા લાગ્યા હતા અને હિંદુસ્તાન એક તથા અભેદ બને એવું ભવ્ય ભવિષ્ય ઊગતું હતું. તેવે વખતે મનુષ્યમનુષ્યની પાયમાલી કરનારું ઝેર દેશ આખામાં ફેલાવનારાં ઝાલિમ જિગરોએ દેશના દુશ્મનોને હરખાવ્યા છે.

પ્રગતિમાન કોમ

● હરેક કોમના દાના મનુષ્યો તો જરૂર આ પ્રસંગથી દિલગીર અને ઉદાસ બન્યા હશે. કોઇપણ અક્કલમંદ માનવી આ યુગમાં ઉત્કર્ષ અને આબાદી માટે ખૂન અને ખરાબીના રસ્તો વ્યાજબી સાધનો તરીકે સ્વીકારી ન જ શકે. એવી રીતે મેળવેલી સંપત્તિ અને સત્તાના પાયા દોજખમાં ઊતરેલા હોય છે. ખુદાઈ કે ફિરસ્તાઈ કાનૂનોને તેની સાથે લાગતુંવળગતું હોતું નથી. ઈમાન અને મજહબના નામને તે કલંક આપનારૂં છે. પારસી કોમે જે સૌજન્યથી અને સલુકાઈથી આ દેશમાં પોતાનો વસવાટ કર્યો અને હજુ પણ દિનપ્રતિદિન પોતાની સત્તા ને આબાદીમાં વધારો કરતી રહી છે તેનું દૃષ્ટાંત લેવું જોઇએ. મુઠ્ઠીભર વસ્તીવાળા પારસી ભાઇઓ બીજી મોટી કોમો વચ્ચે પોતાની મહત્તા, કીર્તિ, શાખ અને સરસાઈ પ્રાપ્ત કરી શક્યા છે. તેમનો કોઈ દ્વેષ કરતું નથી; તેમની દિલાવરી સૌ કોમો જાણે છે; તેમનાં જ્ઞાન, સાહસ અને વેપારથી દેશ સમૃદ્ધ થયો છે; તેમના હક્કો કે સલામતીનો કોઈ પ્રશ્ન જ નથી.

સીધી સમજણ

● કોઈપણ સમાજ પોતાની કોમ કે મજહબને ગુંડાગીરી અને ખૂનરેજીના આશ્રયથી ઉપર લાવવાની ધારણા રાખતો હોય તો એ કુદરતી કાનૂનથી ખિલાફ છે. કુદરતે ઝાલિમ, ખૂની કે ભયંકર પ્રાણીઓને પૃથ્વી પરથી નાશ પામવા દીધાં છે અને માણસોએ ધીમેધીમે વ્યવસ્થા, સંગઠન, ન્યાય ને કેળવણીના જોર પર ઝનૂની, વહેમી અને અજ્ઞાન પ્રજાઓને શિકસ્ત આપી છે. આજનું વિજ્ઞાન, આજની સાંસ્કૃતિક પ્રગતિ અને આજની બીજી શોધખોળો આગળ હિંદુ કે મુસ્લિમો-ની મજહબી તકરારોના અર્થ શો છે? આજે રશિયા દુનિયા આગળ એવા એક નવા સમાજનો અખતરો રજૂ કરી રહ્યું છે કે જેમાં, બધા ધર્મો ને વહેમો જ્ઞાનની જ્વાળાઓમાં વિલય પામી માનવીમાત્રને એકસરખાં સુખસંપત્તિ અને આબાદી મળી રહે એવી રચના દેખાય છે. ગરીબ હિંદુસ્તાનને ઉદ્યોગધંધામાં પરદેશોએ પાછું પાડ્યું છે, તેની કાચી સંપત્તિ સ્ટીમરો ઉપાડી જાય છે અને શહેરના મુઠ્ઠીભર માનવીઓને બાદ કરતા લાખો આમવારી (હિંદુ કે મુસલ-

ગાન) અરધો ભૂખમરો વેઠી રહ્યા છે. તેમના ઉદ્ધાર માટે જ્ઞાન, ઉદ્યોગ, કારખાનાં, દવાખાનાં કે તાલીમખાનાં વિસ્તારવાની મોટી રાષ્ટ્રીય યોજનાઓ પગભર કરવાને બદલે આજે જે યોજના કેવળ એક કલ્પના છે તેના નામે ઝનૂનપૂર્વક હજારો વર્ષની મહોબતો, નાતાઓ અને લાગણીઓ ખુવાર મેળવાઈ રહ્યાં છે તેનું નુકસાન કોઈ પણ સંપત્તિ નહિ ભરી શકે.

હિંદુ

● હિંદુ કોમ છે, ધર્મ છે કે જાતિ છે તેનો નિર્ણય મુશ્કેલ છે. કોમ એ છે કે જે સાથે ખાઈપી શકે છે. ધર્મ એ છે કે જે તેના આત્માની અને જાતની ઊંચી પ્રવૃત્તિ ઘડે છે. જાતિ એ છે કે જેમાંથી તે પોતાનો પરિવાર વિસ્તારી શકે છે. આ ત્રણે પ્રકારો એક જ સમાજમાં થતા હોય તો તેનું સંગઠન સરળ છે. પણ હિંદુ નામધારી દરેક જણ અનેક વાડા અને સંપ્રદાયોનાં દોરડાંથી બંધાએલો છે. એ બંધનોએ તેને ક્રિયાશૂન્ય, મર્યાદિત અને હેતુશૂન્ય સામાજિક ગુલામ બનાવી દીધો છે. તેનાથી અમુક ધંધો ન થાય, અમુક પોશાક ન પહેરાય, અમુક નામ ન રખાય, અમુક દેશમાં ન જવાય, અ-



ચિત્રકાર · એડવર્ડ સલિવાન (Bibby's Annual 1932)

શી રીતે ઉપર જઈ શકો?

ખેંચાખેંચીથી કે એકબીજાનો સહકાર સાધીને?

ઇંગ્લંડના ચિત્રકાર એડવર્ડ સલિવાને તેના સમાજ માટે કરેલું આ ચિત્ર આજની આપણી કોમી સમાજનીતિને કેટલું સૂચક ઉદ્‌બોધન કરી રહ્યું છે! તેમાં નીચેના બે શખ્સો પ્રગતિનો કેડો છોડી ઉપર ચડવાનું જ સાધન જે સ્નેહસંપનો દોર તેને આત્મઘાતના ખડકો ઉપર ખેંચી રહ્યા છે; અને શયતાન તે જોઈ ખુશાલીના પોકારો કરી રહ્યો છે. એ જાણે છે કે સંપનું ફિરસ્તાઈ દોરડું તૂટતાં બંને નીચે દોજખમાં ભરતી કરવાના છે. પરંતુ પાછળની બાજુ બે શાણા શખ્સો વર્ગભેદની તકરાર છોડી એકબીજાને ઉપર ખેંચી આબાદીના શિખર સમીપ પહોંચી ગયા છે. આબાદી ને આરામ મફત મળી શકતાં નથી. તે મેળવવા અને સાચવવા માટે સતત જાગૃતિ અને સમર્પણની તૈયારી જોઈએ. કોઈ પણ સમાજ કે વર્ગ શિસ્ત, નિયમપાલન અને વ્યવસ્થિત કાર્યક્રમ વિના પ્રગતિમાન બની શકતો નથી. તેની યોજનામાં સાર્વજનિક કલ્યાણભાવના ને સલામતીનાં તત્ત્વો નહિ હોય તો અસંતોષ અને અતૃપ્તિના જંતુઓ પરસ્પરના વિનાશ અને અરાજકતાનું ઝેર ઉત્પન્ન કરવાનાં જ અને માનવીમાત્ર અજંપો બેકારી ને આફતનાં બિછાનામાં તડપતાં રહેવાનાં.

મુકનું ખવાય અમુકનું ન ખવાય, અમુકને પરણાય અમુકને નહિ, અમુક દેવસ્થાન કે તીર્થ તેનું અને અમુક બીજાનું; અને પછી ગુરુઓ, આચાર્યો, પટેલો અને વડીલોનાં ખાનાં અને ગલીઓમાંથી તે સહજમાં નીકળી શકે એવી તાકાત ખોઇ બેઠો છે. આટઆટલાં નિયમો ને વ્રત પાળવા છતાં તે કંઇ વિશેષ આધ્યાત્મિક બળ કે સમૃદ્ધિ મેળવી શક્યો હોય એવું દેખાતું નથી. વર્ણાશ્રમનો ભોગ બનેલો તે બિચારો કોઇ ક્ષત્રિય આવી પોતાનું રક્ષણ કરશે એવી રાહ જુએ છે! બ્રાહ્મણ હોય તો ગોબ્રાહ્મણ પ્રતિપાલોને શોધે છે! અને ગીતાનો પાઠ તો તેણે નવર્ણોનો જ ધર્મ બનાવી દીધો છે. અર્જુને ગીતા કયે સ્થળે કયા સંજોગોમાં જાણી છે એ વાત તો આખો હિંદુ સમાજ વીસરી જ ગયો જણાય છે, અને ભગવાં લૂગડાં પાછળ મૂઢ બની, ક્રિયાશૂન્ય પલાંઠીઓ મારી, દુનિયાના મહેનતુ ને પરિશ્રમવાળા સમાજને ભ્રષ્ટ અને અધોગત કહી પોતાને અતિ આધ્યાત્મિક અને ધાર્મિક મનાવવાનો દંભ તે સેવી રહ્યો છે.

પોતાની જડતી લ્યો

● એવો આ હિંદુ સમાજ પોતાનું રક્ષણ પારકાં બળો ઉપર છોડી દઈ પોતે તો આજે નાતજાતના વહેવાર, લાડાલાડીનાં લગ્નો, મંદિરના ઓચ્છવો, આચાર્યોનાં વેવલાં પૂજનો અને અંધભક્તિ શ્રાદ્ધો તથા પર્વો પાછળ ઘેલછા કેળવીને કર્તવ્ય, ઉદ્યોગ, વ્યાયામ કે ગ્રામસંગઠનનાં કાર્યો ભૂલી માત્ર પામરતા જ વિસ્તારી રહ્યો છે. એવો બેવકૂફ, વહેમી અને પરસ્પરદ્વેષી માનવસમાજ કોઈ વખતે એક સંગઠિત યોજનાબદ્ધ હુમલાનો ભોગ બને ત્યારે શું પરિણામ આવે? કરુણ મૃત્યુ, નાસભાગ અને સંચિત કરેલી સર્વ સંપત્તિનો નાશ. સંસારના ઇતિહાસમાં આથી બીજો કોઈ અંજામ આવ્યો નથી. જ્યારે કોઇ પણ પ્રજા કે સમાજ વિલાસ ને વૈભવમાં કે ફાળીની મળેલી શાંતિમાં ગાફેલ બની છે ત્યારે તેનો ગ્રાસ કરનારાં બળો ઉત્પન્ન થયાં જ છે. પોતાનાં શરીરની અને મનની શક્તિઓને જે સતેજ અને તત્પર રાખી શકે છે તેને જ આ પૃથ્વીનું વાતાવરણ ટકવા અને જીવવાની તક આપે છે; બાકીના પ્રત્યેક પળે વ્યાધિ ક્ષય અને દારિદ્ર્યના દફતરમાં મૃત્યુતિથિ નોંધાવી ચૂક્યા છે. જીવન અને મૃત્યુનો સૂક્ષ્મ વિચાર કરનાર અને આત્માનું અમરત્વ પ્રબોધનાર હિંદુ આજે કોના પ્રતાપે મૂઢ, અક્રિય અને નવેણિયો બની ગયો છે? તેના આચાર્યો અને ધર્મશાસકોનાં તપ અને શક્તિનો પ્રભાવ શો રહ્યો છે? હિંદુએ બીજાના દોષ શોધવા પહેલાં પોતાની જ જડતી લેવી ઘટે છે. જેની ભાવનામાં જગતનો કોઈ પણ માનવી બંધુનો નાતો ભોગવી શકે એવી શક્તિ અને પ્રતાપ એ જ ખરા હિંદુનો વારસો છે.

ર. મ. રા.

ધી. તંત્રીને મોકલાતા લેખો કે ચિત્રો પાછાં મેળવવાં હોય અગર તે માટે ઉત્તર મેળવવો હોય તો પોસ્ટેજ બીડવું જરૂરી છે.

એક પૌરુષચિત્ર

ક્લાર્ક

જનતાનાં દિલ જીતનારો

જગત આખાનો માનીતો, ફિલ્મક્ષેત્રના સર્વશ્રેષ્ઠ અભિનેતાઓમાંનો એક ગણાતો અને પોતાના પૌરુષભર્યા વ્યક્તિત્વથી યુવાન જનતાને તો મુગ્ધ બનાવી દેનાર અમેરિકાના એ નામચીન નટને સીનેમાસ્ક્રીન પર ન જોયો હોય એવું કોઇક જ હશે; પરંતુ આજનાં યુવાનોનો દિલજીત એ મર્દમાનવ (he-man) પોતાનાં કાંડાંબાવડાંના બળ ઉપર ઝઝૂમીને કીર્તિશિખરે પહોંચેલો શ્રમજીવી છે એ વાત એના પ્રશંસકોમાં બહુ ઓછી જાણીતી છે. એનું એ પૂર્વજીવન ગુજરાતના યૌવનને ઉત્સાહિત કરે એવું છે. માન્યવર શ્રી કાલેલકરે આપણા મધ્યમ વર્ગના યુવકો માટે 'ભાંગેલી કેડવાળા' એવા જે ચેતાશબ્દ ઉચ્ચાર્યા છે તેને લાયકના, અંગશ્રમથી અળગા રહેનાર આપણ સૌને ક્લાર્ક ગેબલની આ સ્વાશ્રયકથા અનુકરણીય દૃષ્ટાંત આપે એવી છે.

અમેરિકન અને અંગ્રેજી બોલતી દુનિયા છેલ્લાં દસેક વરસથી એના પર આફરીન થઈ એનું સૌથી મોટું કારણ એનું પુરુષત્વ છે. માણસો એના પ્રશંસકો બને છે કારણકે એનામાં પૌરુષનો સારો વિકાસ થએલો દેખાય છે. અને એની ખાસિયતોને અનુસરવાનો પ્રયત્ન પણ એ વખાણનારા કરે એ સ્વાભાવિક છે.

ક્લાર્ક દેખાવે સાદો પણ ખુમારીભર્યો, માયાળુ અને હાસ્યરસિક જુવાન છે. એને ગમે છે સાદું જીવન, સાદી રમતગમત અને કદીક ચિંતન માટે એકાંત. એને જોતાં તમને થાય કે એ કોઇને ઇજા કરવા પોતાનો હાથ ઉગામે એવો નથી; પરંતુ જો કોઇ સંજોગમાં ધારે તો ગમે તેવા માણસને ધૂળ ફાકતો પણ કરી જ દે.

સામાન્ય જનસમૂહ ગેબલને સુંદર ગણે છે. હા, એ સુંદર તો છે જ. પણ તમે એને જરા વધારે નજીકથી અવલોકો તો જણાશે કે એની સુંદરતા વારસાથી પ્રાપ્ત થઈ હોય એવી નથી; પરંતુ એના આખા દેહમાં ફરી વળતા અંગબળના પરિણામે એ રૂપ એણે મેળવ્યું છે.

ગેબલ

અહીં રજૂ થાય છે તે

જગનામી અમેરિકન અભિનેતા નહિ, પણ

પ્રયત્નશીલ પુરુષાર્થી



ગેબલનું બાળપણ કોઇ પણ શ્રમવાસી ગામડિયા બાળકથી જુદું ન હતું. આજે શક્તિશાળી, હસમુખો તેમજ દૃઢનિશ્ચયી જણાતો એ યુવક બહુ સાધારણ સંજોગોમાં ઊછર્યો હતો. જીવનના એ દસકા એણે પારાવાર હાડમારીઓમાં કાઢ્યા છે. કેટલી યે વખત એણે ભૂખતરસ વેઠી માત્ર આકાશનો જ આશ્રય સેવ્યો છે. આવી મુસ્કેલીઓ છતાં એ કદી નિરાશ થતો નહિ, કારણ કે એને પોતાના વ્યક્તિત્વમાં વિશ્વાસ હતો. પોતાની કિંમત કર્યે સમયે કેટલી છે તે એ પૂરેપૂરૂં સમજતો હતો. આથી, જ્યારે એને સફળતા લાધી ત્યારે એને મદ કે મત્સર થયો નથી. આજે એની રીતભાત પહેલાંના જેવી જ—જ્યારે એને બીજા ટંકના ભોજનની પણ ચિંતા રહેતી ત્યારના જેવી જ—રહી છે.

અમેરિકાનાં હાડ ઘડનાર ત્યાંના જાણીતા આરોગ્ય-શિક્ષક બર્નાર મૅકફૅડન* કલાર્ક ગેબલને સાચેસાચો બલવાન મનુષ્ય ગણે છે. સાચેસાચો બલિષ્ઠ એટલે તનથી અને મનથી એમ બંને રીતે. એના ખભા કાંઇ દરજીએ મઢેલી ગાદીઓના બનેલા નથી. જ્યારેજ્યારે એ પુરુષનો અભિનય કરે છે ત્યારેત્યારે ખરેખાત એને પોતાનાં શક્તિસામર્થ્ય અને બલનું પ્રદર્શન કરવાનો અવસર મળે છે. ગમે તે પાત્રની ભૂમિકા એને ભજવવાની હોય, પણ એ દરેકમાં એનું પુરુષત્વ ઝળકી ઊઠે છે. એની ચાલવાની ચપળતા જુઓ. જાણે એ કમાનો પર ઊછળતો જ ન હોય ! એના દરેક અંગની ગતિ સાથે બલ અને ધીટતાનો આવિષ્કાર થાય છે. જે જે કાંઇ એ કરે છે તે જાણે ગાઇવગાડીને તમને સંભળાવે છે કે એવાં શક્તિ માગતાં કાર્યો તો એ કર્યા જ કરી શકે એમ છે. એ કદી થાકે એમ જ ન હોય એમ લાગે છે; પછી ભલેને એને કેટલું યે દોડવાનું હોય કે કલાકો સુધી બીજો વ્યાયામ સેવવાનો હોય.

આટલું સામર્થ્યભર્યું સ્વાસ્થ્ય જાળવાઇ રહેવાનાં કારણમાં એની બહુ વિચારપૂર્વક ગોઠવાએલી દિનચર્યાને ગણવી જોઇએ. તમે માત્ર આરામાસનવાળું જીવન જીવીને આવી શક્તિ મેળવો અથવા લાંબા સમય સુધી સંગ્રહી શકો એ બને એમ નથી. કોઇ મલ્લ પોતે બીનહરીફ રહેવા માટે જેમ રોજ અંગ કસતો જ રહે, તેમ આવું જોમ પ્રાપ્ત કરનારને પણ કરતા રહેવાની કાળજી રાખવી પડે છે.

કલાર્કને ઘણો પ્રિય એવો આ વ્યાયામવિધિ એ દરરોજ પ્રાતઃકાળમાં આટોપે છે. જમીન સાથે પગ જડાએલા રહે એમ એક સ્ટૂલ પર બેસીને પછી પીઠ પર વળી માથું જમીનને અડકાડવાની કસરત રોજના એક સો વખત એ કરે છે. આરંભમાં તો દસ વખત કરતાં પણ થાકી જવાતું એમ એનું જ કહેવું છે. પણ હવે તો રોજ સો વખત કર્યા વગર ચાલે જ નહિ ! બીજી હમેશ કરવાની કસરત ઢીંચણ વાળવાની છે. એ કસરત પણ હવે એને એવી માફક આવેલી છે કે એક જ પગ પર આખા શરીરનો (કમમાં કમ સવા પાંચ મણ) ભાર લઇને ઢીંચણ વાળવાની (deep knee-bending) કસરત તે કરી શકે છે.

વ્યાયામ પછી એ ગરમ પાણીએ નહાય છે. પરંતુ એ સ્નાનની પૂર્ણાહુતિ તો શીતળ જળથી જ થાય છે.

ખોરાકમાં એને ખાસ ન ભાવે એવું કશું નથી. પણ એક મોટો આવશ્યક નિયમ એ પાળે છે તે એ છે કે કદી યે ભોજનના વચલા સમયમાં કાંઇ પણ ખાવું નહિ.

---

* એ લેખકના વક્તવ્યને જ આધારે આ લેખ તૈયાર કર્યો છે.

પહેલાં જ્યારે જંગલમાં ઝાડ પાડવાનું કે તેલના ક્ષેત્રમાં ખોદવાનું કામ કરવું પડતું ત્યારે જેટલું ખાઈ શકાતું તેટલું હવે એ ખાઈ શકતો નથી એમ એ પોતે સ્વીકારે છે.

સવારના નાસ્તામાં એ માત્ર એક પ્યાલો કૉફી અને એક નારંગી અથવા થોડી દ્રાક્ષ જ લે છે; બપોરનું એનું ભોજન સાંજ હલકું, પણ રાતનું ભોજન ખૂબ મજાનું અને પ્રમાણમાં ભારે હોય છે. ભોજનને અંતે ફળાહારમાં લીલી દ્રાક્ષ જેવાં જ ફળ લેવાની એની ટેવ છે.

બીજી રમતોમાં ઘોડેસવારી ઉપરાંત ટેનિસ અને ગૉલ્ફ એને ઘણાં ગમે છે. જોકે એની માન્યતા તો એવી છે કે ચાલવા જેવી બીજી એકકે કસરત નથી. જ્યારેજ્યારે બની શકે ત્યારેત્યારે એ ચાલવાનું ચૂકતો જ નથી. કેટલીક વખત દશ્ય ઉતારાતાં હોય અને સમયની થોડી તાણ હોય ત્યારે થાક ઉતારવા માટે બે દશ્યના વચગાળે મળતી પંદર વીસ મિનિટમાં પણ ચાલવાનો આનંદ એ મેળવી લે છે અને સરવાળે અભિનય માટે તાજગી પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત રાઈફલ તેમજ બંદુક એ બહુ આસાનીથી વાપરી શકે છે અને જબરો નિશાનબાજ છે.

આજે એને ૩૮ વરસ થયાં છે, પણ હજી વીસ વરસના યુવક જેવું સ્વાસ્થ્ય અને જોમ ધરાવે છે તેનું સૌથી અગત્યનું કારણ એ છે કે એ સોળ સત્તર વરસનો યુવક હતો ત્યારથી એનું ચિત્ત વ્યાયામ ને રમતગમત તરફ વળેલું. ત્યારે એની ઉંચાઈ છ ફૂટ અને એક ઇંચ હતી અને વજન ૧૫૭ રતલ હતું! આ પાયા પર તેણે ચાલવાની કસરત તેમજ 'ફૂટબૉલ' અને 'બાસ્કેટબૉલ'ની રમતોમાં ઝંપલાવીને શરીરવિકાસ સાધ્યો. (સત્તર વરસની વયે લગભગ ચાર મણ વજન અને છ ફૂટ ઊંચાઈ હોવી એ અમેરિકામાં સામાન્ય ગણાય છે એ પર વાંચનારનું ધ્યાન ખેંચવું જરૂરી છે.) આવી સ્થિતિએ પહોંચવાને આપણે કેટલું તપ કરવું જોઈશે!

કલાર્કનો જન્મ એક ગામડામાં થએલો. નિશાળ સિવાયનો બાકીનો વખત એને ખુલ્લી અફાટ ધરતી ઉપર જ ગાળવાનો મળતો. ઉનાળાના ગરમ દિવસોમાં તરવાનું મળતું અને શિયાળામાં તળાવનાં પાણી ઠરી જતાં ત્યારે તેના બરફ પર લપસવાનું (skating) મળતું. એ જ્યારે હાઈસ્કૂલમાં ભણતો થયો ત્યારે એ વ્યાયામ તો કરતો જ, પરંતુ તે ઉપરાંત એને સંગીતનો શોખ હતો. એણે શાળાના બૅન્ડમાં 'બ્યૂગ્લર'નું પદ ભોગવ્યું હતું. આ ઉપરાંત એના વતનથી સોળ માઈલ દૂર આવેલા શહેરના થીએટરના પડદા અને પ્રકાશનું એને આકર્ષણ રહ્યા કરતું. અવારનવાર ત્યાં જઈ, તે રંગભૂમિ પર કાંઈ ને કાંઈ કામ મેળવીને આનંદ માણી લેતો હતો. અને તે પછી યે એ આકર્ષણ કદી યે ઓછું થયું ન હતું.

બે વરસ પછી એના પિતાએ સ્થળાંતર કરવાથી કલાર્કનું માધ્યમિક શિક્ષણ અટકી ગયું. હવે એ પોતાના પિતા સાથે એક વરસ ખેતર ઉપર રહ્યો. તે બાદ પોતાની જ ઊર્મિથી એ શહેરમાં આવ્યો અને હાજરી-કારકુનની એક નોકરીમાં જોડાયો. પેટની ચિંતા આમ દૂર થતાં તેણે ભાવિ જીવનની યોજના કરવા માંડી અને દાક્તર થવાનું પસંદ કર્યું. રોજગાર અને ભણતર એ બંને સાથે થઈ શકે તે માટે તેને એવી રાત્રિશાળાનો લાભ મળી ગયો અને એણે શહેરની વિદ્યાપીઠની રાત્રિશાળામાં તબીબી શીખવા અગાઉનું જરૂરી શિક્ષણ શરૂ કર્યું. આ ભણતર માટે દર અઠવાડિયે પાંચ રાત નિશાળ ભરવી પડતી અને બે રાતની રજા પડતી. આજે કલાર્ક ગેબલ દાક્તર નથી એનું કારણ આ બે છુટ્ટીની રાતો છે! આવી એક રજવાળી રાત્રે વીશીમાં જમતાંજમતાં, બહારગામથી આવેલી નાટકમંડળીના બે નટના સમાગમમાં એ આવ્યો. એ નટોએ એને નાટક જોવા આમંત્રણ આપ્યું. અને પછી તો દોસ્તી એટલી ત્વરાથી વધી ગઈ કે કલાર્કે વગર વેતને કંપની માટે છોકરા (કૉલબૉય)નું કામ કરવાનું માથે લીધું. આમ દુનિયાએ એક ભાવિ દાક્તર ગુમાવ્યો, પરંતુ તે દિવસથી કલાર્કનું અભિનયકાર તરીકેનું ઘડતર શરૂ થયું.

આ અરસામાં થોડે દિવસે એની વિમાતાનું મૃત્યુ થયું. નાનો હતો ત્યારથી એણે એ જ માતા જોઈ હતી ને એનું જ વાત્સલ્ય અનુભવ્યું હતું. એને એ ઘણું ચાહતો અને પોતાના ઘડતરમાં એ માતાના ઉપકાર આજે પણ એ સગર્વ અને કૃતજ્ઞ હૃદયે સ્વીકારે છે.

માતાના મરણ પછી એનો પિતા ખેતી છોડીને તેલના પ્રદેશમાં ગયો. પોતાની અનિચ્છા છતાં પિતાની આજ્ઞાનુસાર કલાર્ક સાથે ગયો. જે બને છે તે સારા માટે જ, એ ન્યાયે આ નવી દિશામાં પણ કલાર્કના શરીરબળને બહુ ઉપકારક નીવડે એવું કાર્ય—ઓજાર સજવાનું કામ—એને સોંપાયું. આ કામગીરી પર એ જોડાયો ત્યારે એનું વજન ૧૬૫ રતલ હતું;

પરંતુ આ કામમાં થતી સંગમહેનતને પરિણામે એનાં હાડમાંસ એટલી ઝડપથી વિકસ્યાં કે એક વરસમાં તો એ વધીને ૨૧૨ રતલનો બન્યો.

આ તૈલપ્રદેશ પર એ પૂરાં બે વરસ રહ્યો, પરંતુ એને લાગ્યું કે એ કાંઈ એનું જીવનધ્યેય નહતું. જોકે આ બે વરસમાં બંધાએલો દેહ એને બહુ ઉપયોગી નીવડ્યો. ૧૯૨૧માં પિતાની રજા લઈને કલાર્ક કાન્સાસ શહેરમાં આવ્યો અને પોતાને પ્રિય એવા ધંધામાં એક પ્રવાસી નાટક કંપની સાથે જોડાતાં એના નટજીવનનો આરંભ થયો.

કોઈ એમ ન માને કે નટજીવન શરૂ કરતાંની સાથે જ એને ફત્તેહ મળી ગઈ. ના. એને તો વરસો સુધી હાડમારીઓ અને દારિદ્ર્ય અનુભવવાં પડ્યાં. એને આકરો પરસેવો નિતારવો પડતો, કડકડતી ટાઢ વેઠવી પડતી, ભૂખ્યા રહેવું પડતું અને ઘણી યે વખત કોઈ નિર્જન સ્ટેશનના કઠણ બાંકડાની શય્યા કરવી પડતી. પણ આ બધા યે લાંબો સમય એણે આશા કદી ન છોડી, કારણકે નાટ્યભૂમિમાં જ એનો જીવનરસ સમાએલો હતો. બે વરસ બાદ એની નાટકમંડળી તૂટી ગઈ અને ગેબલ બેકાર બની ગયો. એ વરસોમાં નાટકમંડળીઓનું કામ ચાલી શકતું જ નહિ, આથી ઉદરનિર્વાહાર્થે એને બીજું કામ શોધવું પડ્યું. જંગલમાં મોજણીદારની છાવણીમાં એને મજૂરનું કામ મળ્યું. ત્યાં એને કાંટાળાં ઝાંખરાંભર્યાં ગીચ ઝૂંડમાંથી માર્ગ કરવો પડતો, કારણકે એને સાંકળ પકડનારનું કામ આપવામાં આવ્યું હતું! એ કામમાં એક બાજુથી કાંટા અને ઝાંખરાંના ઉઝરડા ખમવા પડતા અને બીજી બાજુથી મચ્છર અને બીજી મોટી માખીઓના ડંખ સહેવા પડતા. પરંતુ એની દષ્ટિ તો હજી રંગભૂમિ ઉપર જ હતી. અભિનયકળાનો નાદ એની નસેનસમાં વ્યાપી ગયો હતો. એ ધ્યેય માટે એ પોતાની કમાણી બહુ સાવચેતીથી વાપરતો. એને ખાત્રી હતી કે કોઈક દિવસ પણ એણે લૉસ ઍન્જેલેસ, શિકાગો અથવા ન્યૂયૉર્ક જવું જ. તે સિવાય ધ્યેયસિદ્ધિ શક્ય થનાર નથી.

અને એ બધી વિટંબણા, એ શ્રમ, અને એ કઠોર તપને અંતે એની બધી યે આશાઓ ફળી. આજે ગેબલ એ મુસીબતોનું બયાન ઘણા ગર્વથી કરે છે. એ મુશ્કેલીઓએ જ એને જીવનમાં વિજય પ્રાપ્ત કરવાના પાઠ શીખવ્યા છે. એ દુઃખના દિવસોએ જ એને ગરીબ અને શ્રમજીવી થવું એ શું છે તે બતાવ્યું છે. આથી જ ગેબલ ધનહીન અને શ્રમજીવી પરત્વે હમેશાં મમત્વ દર્શાવે છે.

મહાદેવપ્રસાદ હરિલાલ દેશાઈ

સ્વ. પ્રો. જે. પી. ત્રિવેદી

વિદ્યાર્થીજગતમાં તેમજ જનતામાં એકસરખી લોકપ્રિયતા ને ચાહના પ્રાપ્ત કરનાર પ્રોફેસરો વિરલ હોય છે. પ્રો. જયશંકરભાઈ ત્રિવેદીનું નામ તેમાં હમેશાં અગ્ર રહેશે; અને દેશને એવા સૌજન્યશીલ ને સેવાપરાયણ જનોની બહુ જ જરૂર છે તેવા આજના વખતે થએલું તેમનું અવસાન વધારે દુઃખદ લાગશે. તેઓ સરકારી નોકર હતા છતાં સાચા રાષ્ટ્રવાદી હતા અને નોકરી દરમિયાન તેમના ખાદીના પોશાક અને રાષ્ટ્રીય વિચારો ઉપર કઈક અંગ્રેજ અધિકારીઓની ત્રાંસી નજર છતાં તેમની પ્રામાણિકતા અને સત્યનિષ્ઠાએ તેમના અંગ્રેજ પ્રિન્સિપાલનું મન જીતી લીધું હતું અને તેમના સાચા હામી બનાવ્યા હતા.

તેમની આખી કારકિર્દી પુના ઍગ્રિકલ્ચર કૉલેજના એક પ્રોફેસર તરીકે વીતી છતાં ગુજરાતના એકેએક સંસ્કારી જન સુધી તેમની સુવાસ પહોંચી હતી. અદનામાં અદનો ગુજરાતી તેમને ઘેર કુટુંબવત્ આતિથ્ય પામતો; -કહો કે એમનું ઘર મહેમાનોને જ ભળાવેલું રહેતું. આમ છતાં એ સંકુચિત પ્રાંતીય



દષ્ટિવાળા નહોતા. મહારાષ્ટ્રના દસ હજાર સ્કાઉટોના તે સેક્રેટરી હતા. તેમણે તરુણોને વ્યવસ્થિત સમાજજીવન અને સમાજસેવાના જાતેસક્રિય પાઠો આપ્યા હતા. વચ્ચે થોડો વખત સરકારે ભાવનગર રાજ્યને તેમની નોકરી ઉછીની આપી ત્યારે અધિકારી તરીકે ત્યાં પણ ત્રિવેદી સાહેબે પ્રજા અને અમલદારોને એક નવો નમૂનો પૂરો પાડ્યો અને ત્યાં પણ સ્કાઉટિંગમાં સાચો નવો રસ પેદા કર્યો હતો. બે જ વર્ષ તેઓ ત્યાં રહ્યા હશે, પણ ભાવનગર તેમને નહિ ભૂલી શકે.

સત્યાગ્રહ વખતે યરવડા જેલમાં

ગએલા કોઈ પણ ગુજરાતીના રહેઠાણપર ત્રિવેદી સાહેબ જ હતા. કોઈને સાબુ; કોઈને દૂધપાક, કોઈને ચોપડી કે કોઈને દવા લેઈએ તો ચિઠ્ઠી ત્યાં જ મોકલાતી. અને જેલમાંથી છૂટ્યા બાદ વિસામાસ્થાન પણ એમનું ઘર જ હતું. ત્રિવેદી સાહેબે સાચા સંસારી સંન્યાસી તરીકે પૈસા બચાવવા તરફ ધ્યાન આપ્યું નથી. આજે ગુજરાતને કહેવાને હરકત નથી કે પોતાને મોટો પગાર મળતો છતાં પોતાના એકના એક પુત્ર મનુભાઈને કેળવણી લેવા મોકલવા સારૂ તેમને લોનની મદદ લેવી પડી હતી. ગુજરાતનો મોટો ભાગ સ્વાર્થના પડળમાં સામાની મુસીબતો વિચારી શકતો નથી અને આવા સંતોનો તપબાર ઘણીવાર એળે જતો લાગે છે; પણ ત્રિવેદી સાહેબે એ બાજુનો વિચાર કદી કર્યો જણાતો નથી. હમેશાં ઉત્સાહી, સુપ્રસન્ન સ્મિત વરસાવતા એ દરેક સમાજમાં ઘૂમતા અને કામ કરવા લાગી જતા. એમના એકાંત નિશ્વાસ કે થાક અંતર્યામી જ જાણી શક્યા હશે. વ્યાપક સમાજસેવામાં સ્થાપસ્થા રહેલા છતાં એમનું કુટુંબવાત્સલ્ય અને માર્દવ અનેરૂં હતું. બાળકો અને યુવકોના તે કલ્પવૃક્ષ અને ફિરસ્તા હતા.

કોઈને લેઈની ચીજ પોતાની પાસે હોય તો આપી દેતાં કે આળસ કરતાં તે વાર ન કરતા. તેમનું સમૃદ્ધ પુસ્તકાલય સૌનો ભંડાળ બન્યું હતું. કલાની સિફત વિદ્વાનોમાંથી તેમની જેમ કોઈક જ માણતા હશે. ચિત્રો સંઘરવાનો તો તેમને અજબ નાદ હતો. ચારે તરફથી મેળવેલા સુંદર ચિત્રો, કાર્ડો, ચોપાનિયામાંથી કાપેલાં ચિત્રો વગેરેને તેમણે સરસ જાડા કાગળોનાં આલ્બમોમાં ચોડી આપી આભરાઈ ભરી હતી. ગમે તે પ્રકારનાં માણસોમાં તે રસ લઈ શકતા, તેમને આશ્વાસનરૂપ બનતા કે કામમાં સહાય અને સલાહ આપી શકતા. પોતાની પ્રશંસા પુરસ્કારના પ્રસંગોએ તે દૂર ખસી જતા, પણ પોતાના હાથ નીચેના માણસોને આગળ લાવતા.

ઘરનો નોકર કે રસોઈઓ પણ સ્વમાનપૂર્વક ને સંતોષપૂર્વક રહી શકે એવી સગવડ આપતા અને તેને કુટુંબીજનો જેવા ગણતા. તેમને ઘેર મહેમાન થનારાએ સૌએ જોયું હશે કે રોજ સવારની પ્રાર્થનામાં સૌની સાથે નોકરોને પણ એકસાડી પ્રભુના બાળકો તરીકે તેમનો સમાન દરજ્જો તે સ્વીકારતા. એમની નિખાલસ અને પ્રામાણિક સેવાપરાયણ વૃત્તિની પરીક્ષા કરીને જ આણંદના ઉદ્યોગવાળી નવી ખેતીવાડી કોલેજના પ્રિન્સિપાલ તરીકે તેમની ચૂંટણી કરાએલી.

એમના એકના એક પુત્ર મનુભાઈ યુરોપની ડાક્તરી ડિગ્રીઓ લઈ સાત વર્ષે આવ્યા ત્યાં સુધી તેમનું ઘર એક જાહેર ઉતારો જ હતું પણ જીવનના ભાર અને મૂંગી ચિંતાઓથી તેમનું શરીર ક્ષીણ બન્યું અને ગઈ તા. ૭૭ઓ વર્ષોમાં તેમનો દેહોત્સર્ગ થયો. તેમના એકેએક મિત્ર અને સ્નેહીની જ આ ખોટ નથી, પણ સમગ્ર ગુજરાતે એક વિરલ વિભૂતિ ગુમાવી છે. એ તો જીવનમુક્ત જેવા હતા. **ર.મ.ર.**

રેડીઓ

આ જે અતિ સામાન્ય થઈ પડેલા રેડીઓનો પણ સ્વતંત્ર ઈતિહાસ છે. જેની સહાયથી હજારો જિંદગીઓ બચાવવામાં આવી છે તથા જે આજે મનોરંજન માટે સસ્તામાં સસ્તું સાધન ગણાય છે તે રેડીઓ કાંઈ એક જ માણસની શોધ નથી. તે તો કેટલા યે વૈજ્ઞાનિકોએ કરેલા અથાગ પરિશ્રમના ફળ રૂપ છે. તેમ છતાં રેડીઓ હજુ તેના બાળપણમાં જ છે.

વાયરલેસની શોધ સાથે અનેક વિભૂતિઓનાં નામો સંકળાએલાં છે. સૌથી પ્રથમ આ દિશા પ્રત્યે લક્ષ દોરનાર છે વિખ્યાત વૈજ્ઞાનિક માઈકેલ ફેરાડે. ઇ. સ. ૧૮૩૦માં તેણે જનતા સમક્ષ 'વિદ્યુત–ચુંબકીય ઉત્પાદન' (electro magnetic induction)નો નિયમ રજૂ કર્યો અને તેને અનુસરીને તેણે સફળતાથી પ્રયોગો કર્યા. રેડીઓની ઈમારત મૂળ આ સિદ્ધાંત ઉપર ચણાઈ છે.

ત્યાર બાદ ચોત્રીસ વર્ષે ઈ. સ. ૧૮૬૪માં જેમ્સ કલાર્ક મૅક્સવેલે 'વિદ્યુત–ચુંબકીય આંદોલનો'નો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો અને ફેરાડેના પ્રયોગોમાંથી ઉદ્ભવતી શંકાઓનું બીજગણિતની મદદથી નિવારણ કર્યું. તે પછી હાઈનરિક હર્ટ્ઝ (Heinrich Hertz) નામના જર્મન વિજ્ઞાનશાસ્ત્રીએ મૅક્સવેલ તથા ફેરાડેના સિદ્ધાંતોને અનુલક્ષીને પ્રયોગો કર્યા અને એ માનવી પહેલી જ વાર એક સ્થળેથી બીજે સ્થળે તણખા (sparks)ની મદદથી અતારવાળી (બીનતારી) સંદેશા મોકલવામાં સફળ થયો. વળી તેણે વિદ્યુત-ચુંબકીય મોજાંની લંબાઈ ને ગતિનું માપ કાઢ્યું. વાયરલેસના ક્ષેત્રમાં તેણે એટલો મહાન ફાળો આપ્યો છે કે તેનું નામ અમર કરવા માટે વાયરલેસના તરંગોને હર્ટ્ઝના તરંગો (Hertzian waves) પણ કહેવામાં આવે છે. પણ તેમ છતાં માર્કોનીએ જે કર્યું તે એ ન કરી શક્યો. હર્ટ્ઝની શોધ માત્ર પ્રાયોગિક દશામાં હતી; માર્કોનીએ તેને વ્યવહારૂ બનાવી.

માર્કોનીને પોતાના પ્રયોગોમાં એક પછી એક સફળતાઓ મળવા લાગી. તે વખતે કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓનું એમ માનવું હતું કે પૃથ્વી ગોળ હોવાથી બહુ

તેનો ઈતિહાસ અને વિકાસ

દૂર સુધી અતારવાળી સંદેશા મોકલવાનું શક્ય બનશે નહિ. પણ જ્યારે ઈ. સ. ૧૯૦૧માં માર્કોનીએ ઍટ્લાંટિકને પેલે પાર એવો સંદેશો મોકલી એ વિધાન ખોટું પાડ્યું ત્યારે તેઓએ આંગળાં કરડ્યાં. માર્કોનીએ તેમને ગણિતશાસ્ત્રની સહાયથી સાબિત કરી બતાવ્યું કે પૃથ્વીની સપાટીથી કેટલેક ઊંચે અમુક પ્રકારના થરો આવેલા હોઈને રેડીઓનાં મોજાંનું પરાવર્તન (reflection) થાય છે અને તે પાછાં પૃથ્વી પર અમુક અંશનો કોણ રાખીને અથડાય છે; ત્યાંથી ફરીથી તેઓ પરાવર્તિત થઈને આકાશમાં રહેલા થરો પાસે પહોંચે છે અને ફરીથી પરાવર્તિત થઈને પૃથ્વી પર આવે છે. આમ પૃથ્વીને દરેક છેડે રેડીઓનાં મોજાં પહોંચી વળે છે.

આમ છતાં યે માર્કોનીને 'રેડીઓનો જનક' કહેવો એ ફેરાડે, મૅક્સવેલ અને હર્ઝને અન્યાય કરવા જેવું છે. તેમણે માર્કોનીને માટે રેડીઓનું ક્ષેત્ર સરળ બનાવી આપ્યું. એ સિવાય પણ બીજાં કેટલાંક નામો રેડીઓના જન્મ તથા વિકાસના કારણ રૂપ છે. એડ્વર્ડ હ્યૂજિસે ઇ. સ. ૧૮૭૮માં માઇક્રોફોનની શોધ ન કરી હોત તો આજે રેડીઓ હોત કે નહિ એ પણ ન કહી શકાય. ટૉમસ ઍલ્વા એડીસને પણ રેડીઓના વિકાસમાં ફાળો આપ્યો છે. તેણે રેડીઓના 'વાલ્વ' માટે કરેલા પ્રયોગોને 'એડીસન ઇફેક્ટ' (Edison effect) કહેવામાં આવે છે. તે પછી ૧૮૯૦માં ફ્લેમિંગે 'ડાયોડ વાલ્વ' (Diode valve) અને ૧૯૦૭માં ડૉ. લી દ. ફોરેસ્ટે 'ટ્રાયોડ વાલ્વ' (Triode valve)ની શોધ કરી રેડીઓના વિકાસમાં વેગ આણ્યો છે. આ સિવાય મેસ્નરે ૧૯૧૩માં 'વાલ્વ આંદોલનોત્પાદક (Valve oscillator)ની શોધ કરી સારો ફાળો આપ્યો છે. આમ રેડીઓ અનેકના પ્રયાસના ફળરૂપ ગણાય.

સામાન્ય માણસને મન રેડીઓ એટલે જાદુઈ પેટી જ છે. ખરું જોતાં આધુનિક જીવનમાં રેડીઓની શોધે બીજી અનેક શોધોને સ્થાન આપ્યું છે. છેક ૧૯મી સદીના અંત સુધી દૂર સંદેશા મોકલવા માટે વાવટા કે વીજળિક પ્રકાશનો સાંકેતિક ભાષામાં ઉપયોગ કરવામાં આવતો હતો. પણ તેનું ક્ષેત્ર મર્યાદિત જ રહેતું. હવે રેડીઓ કે વાયરલેસથી સંદેશા મોકલાતા હોઈને દરિયાના કોઈ પણ ખૂણે રહેલા જહાજને કે આકાશમાં ભૂલા પડેલા વિમાનને યોગ્ય દોરવણી આપી શકાય છે. કોઈ સ્ટીમર ભયમાં હોય ત્યારે તે વાયરલેસથી 'એસ.ઓ.એસ'(SOS)ના સંદેશા મોકલીને

આપણી હવામાં અનેક પ્રકારના તરંગો રહેલા છે: પ્રકાશના, ગરમીના, વિદ્યુતના પાણીમાં પથરો ફેંકીએ ને જેમ તરંગો ઊઠે તેમજ, એ તરંગો તેમના મૂળ પદાર્થમાંથી પ્રસરે છે.

આમાંના વીજળીના તરંગો વાયરલેસ ટેલીગ્રાફી તથા રેડીઓના કામમાં વપરાય છે. આપણે જાણતા હોઈએ કે નહિ, પણ આપણી આસપાસ એ તરંગો હમેશાં રહેલા જ હોય છે. રેડીઓના બ્રૉડકાસ્ટિંગ સ્ટેશને માઇક્રોફોનમાં કોઈ બોલે કે તરત તેના અવાજના તરંગો વિદ્યુતના તરંગોમાં ફેરવાઇ જાય છે અને તે પ્રસરવા માંડે છે. આપણા ઘરમાં રેડીઓ હોય તેનો રિસીવિંગ સેટ એ વિદ્યુતતરંગોને ઝીલીને પાછાં અવાજના તરંગોમાં ફેરવે છે ને આપણે રેડીઓ પર બોલનારનો અવાજ સાંભળીએ છીએ.

અવાજના એ તરંગો અમુક મર્યાદિત અંતર સુધી જ જઈ શકે, ને કોઇ આડો આવતો પદાર્થ એમની ગતિ રોથી પણ લે. એમની ઝડપનો ઘણો આધાર ઉષ્ણમાન પર રહે છે; પણ સામાન્યતઃ એમની ગતિ સેકન્ડના ૧,૧૨૫ ફૂટ લેખાય.

પણ વાયરલેસ કે રેડીઓના તરંગો તો ઘન પદાર્થોમાંથી પણ પસાર થઇ શકે છે; અને એમની ગતિ તો લગભગ પ્રકાશની ગતિ જેટલી જ, એક સેકંડના ૧,૮૬,૦૦૦ માઇલની હોય છે અને એક સેકંડમાં તો એ તરંગો આઠ વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરી વળે છે.

આથી માઇક્રોફોનમાં બોલતા કોઈ વ્યાખ્યાનકારનું વ્યાખ્યાન, એના શબ્દોચ્ચારની સાથે જ, એ ખંડને છેડે બેઠેલા સાંભળે તેથી યે કદાચ પહેલાં, દૂર દૂરના રેડીઓશ્રોતાઓ સાંભળી શકે છે!

બીજી સ્ટીમરને મદદે બોલાવી શકે છે. આમ રેડીઓએ અનેક જિંદગીઓ બચાવી છે. હવામાનના સંદેશા પણ સ્ટીમરને યોગ્ય દોરવણી આપે છે. ગમે તે ઝડપે જતી સ્ટીમરની નીચે દરિયો કેટલો ઊંડો છે તે પણ રેડીઓયુક્ત સ્વયંચલિત (automatic) યંત્ર નોંધી જણાવે છે.

રેડીઓનો હવે કેળવણી આપવા માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. હિંદમાં ૯૦ ટકા વસ્તી વાંચી લખી શકતી નથી, પણ પ્રાંતિક ભાષામાં રેડીઓ દ્વારા અપાએલી કેળવણી સાંભળી અને સમજી શકે છે; એટલે રેડીઓ દ્વારા શિક્ષણ અસરકારક નીવડે જ.

રેડીઓની સહાયથી સ્થિર ફોટોગ્રાફ મોકલવાની શોધ થઇ ચૂકી છે. અને તેને પણ પાછી પાડે તેવી શોધ ટેલીવિઝનની છે. તે દ્વારા કોઇ પણ કાર્યક્રમનો હાલતોચાલતો ફોટોગ્રાફ દુનિયાને છેડે મોકલી શકાશે. આ શોધ હજી પ્રાયોગિક દશામાં જ છે અને તેનું ક્ષેત્ર ટેલીવિઝન મથકથી ફરતા ૧૦૦૦ માઇલ જેટલું જ છે, પણ તેનો ઝડપી વિકાસ થઇ રહ્યો છે અને ટૂંક મુદતમાં આપણે ટેલીવિઝનનો સંપૂર્ણ લાભ લઇ શકીશું.

'અરેબીઅન નાઇટ્સ'માં આવતી અનેક અદ્દભુત વાતો, રેડીઓની મદદથી ક્રિયામાન થતા 'ફોટો ઇલેક્ટ્રિક સેલ (photo-electric cell)' વડે શક્ય થઇ રહી છે. બંધ દ્વાર આપોઆપ ઊઘડી જાય, અમુક નિયત કરેલા સમયે રેડીઓ સ્વયં ચાલુ થઇ જાય, અમુક હદ ઓળંગતાં ભયસૂચક ઘંટડી વાગે વગેરે અનેક સ્વયંચલિત ક્રિયાઓ આ ફોટો ઇલેક્ટ્રિક સેલ દ્વારા કરી શકાય છે.

ટૂંકમાં રેડીઓ આધુનિક જગતના જીવનમાં સર્વ રીતે ઓતપ્રોત થઇ ગયો છે. અને હજી તો એ એના બાળપણમાં છે. ભવિષ્ય તો આપણને રેડીઓની અનેકગણી ઉપયોગિતાઓ તરફ લઇ જશે.

રાજેન મોતીચંદ ઝવેરી

મધ્યાહ્ન

• મિશ્ર •

બપોર વેળા.
શેવાળથી જર્જર સ્રોતહીણી
નદી કૃશાંગી; અધડૂબી નૌકા–
પરે રહ્યાં રંગીન માછલાં; તીરે
ચરે પણે ધાન્યવિહીન ખેતરે
બેચાર ગાયો; જળમાં ડૂબેલી
ઊંચું કરી મોં અતિ શાંત નેત્ર
પડી રહી ભેંશ; નદીકિનારે
બાંધેલ નૌકા જનહીન; સૂના
ઘાટે તપેલો ધૂંપમાંહી કાગડો
કરી રહ્યો સ્નાન અફાળી પાંખો;
લીલોતરીમાં પૂંછડી હલાવતું
કૂદી રહ્યું ખંજન આમતેમ;
પતંગિયાં રંગભરેલ પાંખે
ઊડી ભૂરા વ્યોમતળે, વિરામે
શેવાળમાં; ગામ નજીક ઘાટે
કલધ્વનિ એકલ રાજહંસ
કરંત, ચંચુ જળમાં પલાળી
ધોળી ધુવે પાંખ; લઇ સુગંધ
સૂકાં તૃણોની, ઝૂમ્યો સમીરણ
વાતો બધે દૂરસુદૂર પ્હોંચતો;
બસે ઘડી બે ઘડી ગામકૂતરાં
ટોળે મળીને કલહે રચ્યાંપચ્યાં.


ક્યારેક ગાયો ખૂંબ શાંત ભાંભરે,
ક્યારેક મેના કલહાક પાહવે,
ક્યારેક મર્મરરવ જીર્ણ પીપળો,
ક્યારેક શૂન્યે સમડી તીણા રવે,
ક્યારેક આર્ત્તસ્વર વાયુથી ભર્યો,
બાંધેલ નૌકાપર વાય;—આમ સૌ
મધ્યાહ્નનું શાંત કરુણ તાન,
અરણ્યની સ્નિગ્ધ ગભીર છાયા,
ગ્રામે છવાયેલ સુષુપ્ત શાંતિ:
ને મધ્યમાં એકલ હું પ્રવાસી.

પ્રવાસનું વિરહદુઃખ નાહિ.
ભળી ગયો છું સહુ પ્રાણમાંહી.
જાણે ફરીને નિજ આદિ જન્મ-
સ્થળે બહુકાળ પછી પહોંચ્યો !—
વક્ષસ્થળે આ ધરણીતણા સૌ
પંખી, પશુ, જંતુ સમગ્ર સાથે
ભળી ગયો કોઇ નવા પ્રભાતે
આદિમ જન્મે.–જીવનાદિ કાળે
ઉલ્લાસથી પાન કરંત ધારા
અપૂર્વ આનંદરસે ભરેલી,—
જાણે ઊંડે પ્રેરસના ફુવારા—
ચરાચરે વ્યાપક તે ઉછાળા !*

(*રવીન્દ્રનાથ ઠાકુરના 'ચૈતાલિ'માંથી)

જયંતીલાલ આચાર્ય

દુઃસહ ગ્રીષ્મના ધખધખતા બપોરમાં તપતા બંગાળના ગામડાનું, સહજ સરળ ભાષામાં તાદશ ચિત્ર ખડું કરતું આ કાવ્ય, કવિવર રવીન્દ્રનાથની કલમની લાક્ષણિક પ્રસાદી છે. પ્રત્યેક દૃશ્યની છાપ કવિ ઉન્મુક્ત ચિત્તે ઝીલે છે અને એ બધાંની સાથે એટલી ગાઢ તન્મયતા સધાય છે કે કવિના સ્મૃતિલોકમાં, પોતે આદિ જન્મથી માંડીને આજ સુધીની પોતાની ઉત્ક્રાન્તિમાં જળ, સ્થળ, વનસ્પતિ, પશુ, પંખી વગેરે રૂપે ભોગવેલી જીવનયાત્રાનાં સ્મરણો તાજાં થાય છે. પ્રકૃતિ સાથેના આ પ્રકારના યોગમાં એક બાજુથી વ્યક્તિગત ભાવે શોક છે, જ્યારે સમગ્રભાવે આનંદ છે. તેથી જ કવિ પ્રવાસવિરહનું દુઃખ ભૂલીને સમગ્રમાં પોતાની જાતને અનુભવે છે અને અપૂર્વ આનંદ ભોગવે છે. —જ. મ. આ.



રેડીઓ કેમ ચાલે છે?

સ્ટુડિઓમાં વાગતા વાજિંત્રના કે બોલનારના સ્વરના તરંગો અબરખના ડાયાફ્રામ (સ્વરપડદા) સાથે અફળાઇ તેની અંદરના કાર્બનના છૂટા કણોને દબાવે છે જેથી બે વીજળીક છેડાઓ (ઇલેક્ટ્રોડ)માં વિદ્યુત વહેવા લાગે છે. એ પ્રવાહ સર્કિટ Aમાંથી ટ્રાન્સફૉર્મરમાં થઇને સર્કિટ B દ્વારા એક ગ્રિડ (અંકુશ)માં જાય છે; જ્યાં સર્કિટ C મારફત એક હાઈ વૉલ્ટેજ બૅટરીનો પ્રવાહ તેને મળીને પ્લેટ ઉપરથી પહેલા ઍમ્પ્લીફાયરમાં લઈ જઇ અવાજને વધુ બળવાન બનાવે છે. ત્યાંથી કંટ્રોલ બોર્ડ પર બીજા ઍમ્પ્લીફાયરમાં આવતાં અત્યંત જોરદાર બનેલા એ પ્રવાહને જોઇતા કાબુમાં લઈ તેને પ્રમાણપુરઃસર ટ્રાન્સમિટિંગ સ્ટેશન પર એક તાર મારફત મોકલવામાં આવે છે. અહીં ફરી એક વાર ટ્રાન્સમીટર દ્વારા એ સ્વરને ખૂબ બળવાન બનાવી તેનાં અદૃશ્ય આંદોલનોને ઊંચાઊંચા એરિયલ સ્થંભો દ્વારા દુનિયાભરમાં વહેતાં મૂકવામાં આવે છે. અને અવકાશમાંના એ સ્વરતરંગોને આપણા ઘર પરના એરિયલ ઝડપી લઇને, નીચેની હારમાં બતાવ્યા મુજબ, ફરી પાછી શરૂઆતની ક્રિયાઓ પ્રમાણે ગ્રિડમાં હાઈ વૉલ્ટેજ બૅટરી વડે તેને મોટા કરી ટ્યૂનિંગ કોઇલ અને કંડક્ટર દ્વારા આપણા રેડિયોમાંથી બહાર પાડે છે, જે આપણા કાન પર અથડાતાં, સ્ટુડિયોમાં બોલાયા મુજબ જ આપણને સંભળાય છે.

ગંગાજી

હા! હા! હા! હા!

હા! હા! હા! હા!

વર્ગમાં હસાહસ થઇ પડી.

માસ્તરે દરબારને પૂછ્યું: 'દરબાર, પૃથ્વીનો આકાર કેવો છે ?' અને દરબારે તેમની પોતીકી બોલીમાં જવાબ આપ્યો; 'સકરડા (ચકરડા) જેવો !'

કેટલાક ટીખળીઓએ તો 'સકરડું,' 'સકરડું' કરીને દરબારની મશ્કરી કરવાની મઝા પણ માણી લીધી. દરબાર, પોતાને ભોગે બીજાઓને હસાવે એવા પરમાર્થીઓમાંના એક હતા.

પરમ દિવસે માસ્તરે ભૂગોળ શીખવવી શરૂ કરી ત્યારે પૃથ્વી કઈ જાતનું પ્રાણી હશે એ જ દરબારને સમજાતું નહોતું. પછી માસ્તરે લાડવાનો ને દડાનો દાખલો આપીને અને પાટિયા પર ગોળ ચક્કર દોરીને સમજાવ્યું કે પૃથ્વી ગોળ છે, ત્યારે મહા મુશ્કેલીએ દરબારના મગજમાં એટલું જ પ્રવેશી શકેલું કે 'પ્રથવી ગોળ સકરડા જેવી સે!'

'દરબાર, પાટિયા ઉપર ચકરડું તો મેં સમજાવવા માટે દોર્યું હતું. ખરી રીતે તો પૃથ્વી લાડવા જેવી છે. હવે વિદ્યાધિકારી સાહેબ પૂછે ત્યારે જોજો વળી આવું બોલી બેસતા !' માસ્તરે તેમની ઉપર અહોનિશ ઝઝૂમતો ભય યાદ કર્યો.

અને પછી તેમણે ભૂગોળ સમજાવવી શરૂ કરી. પણ આજ કોઇ વર્ગમાં બરોબર ધ્યાન આપતું જણાયું નહિ. બહાર રસ્તાપર ઝડપી અવરજવર ચાલી રહી હતી અને આખો વર્ગ એ દોડધામ જોવામાં રોકાયો હતો. માસ્તર હજી કોઈને કાંઇ પૂછપરછ કરે તે પહેલાં તો વર્ગનો મહા બારાડી છોકરો નવલો શ્વાસભેર દોડતો આવીને બોલ્યો:

'સા'બ, સા'બ ગંગાજી નીકળ્યાં છે?'

'હેં . . એં . . . એં . . ? ક્યાં? ક્યાં!' માસ્તરના હાથમાંથી ભૂગોળ પટ કરતીક ને નીચે પડી ગઇ.

'ધોરી વાવમાં જીવા પટેલને ખેતરે. હું તો નહાઇ આવ્યો. મુખ્યાજી કહે, તારા માસ્તરને ઝટ તેડી આવ.'

મથુરાદાસજી માસ્તર એટલે હાડોહાડ વૈષ્ણવ. ગામડાની એ નિશાળમાં ચાર કલાક ભણાવવાનું કામ તો તે એક પ્રવૃત્તિ ખાતર કરતા એટલું જ. બાકી તો શ્રીમહાપ્રભુજીના એ પરમ ભક્ત સવારમાં મંગળાનાં દર્શનથી માંડીને તે સાંજે શયન સુધી ઠાકોરસેવામાં જ રચ્યાપચ્યા રહેતા. છેલ્લાં વીસ વરસથી તેમણે મરજાદ લઇને ઠાકોરજી પધરાવેલા ત્યારથી દર વર્ષે ગંગાજીના પવિત્રોદકની ખાસ લોટીઓ મંગાવતા અને સવારમાં તુલસીપત્ર સાથે તેનું પાન કર્યા વગર બીજું કાંઈ મોંમાં ન મૂકતા. તેમના જેવા સ્નાનપ્રિયને ઘેરબેઠાં ગંગાજી મળે એથી બીજું કયું પરમ ભાગ્ય હોઇ શકે ?

'નવલા, જા, મેંદીની વાડમાંથી એક સારી જેવી સોટી કાપી આવ; અને જો કોઇ ઊં કે ચૂં કરે એને કાનબૂટ પકડાવજે.' નવલાને વર્ગનો 'ચાર્જ' સોંપી, માસ્તર હાંફળાફાંફળા, પગમાં ઉપાન પણ પહેર્યા વગર જીવા પટેલના ખેતર તરફ ધસ્યે જતાં ટોળાંમાં ભળ્યા.

ધોરીવાવ ગામથી ચારેક ખેતરવા હશે. એ આખો યે ગાડામાર્ગ અત્યારે ગંગામૈયાના યાત્રાળુઓથી ઊભરાતો હતો. સ્ત્રીઓ અને બાળકો, જુવાન અને વૃદ્ધ, સહુ ધોરીવાવમાં પ્રગટ થએલાં ગંગાજીમાં સ્નાન કરી પાવન થવા જઇ રહ્યાં હતાં. એંશી એંશી વરસનાં ઘરડાંઓ, જેઓ આમ તો ઘરની બહાર પગ પણ ન મૂકતાં એ પણ, ગાડાંમાં બેસીને ચાલી નીકળ્યાં હતાં. નહાઇ નહાઇને જેઓ પાછાં વળતાં હતાં તેમને જનારાં સૌ પૂછી શકાય તેટલું પૂછતાં હતાં: 'એ, હવે કેટલું આઘું રહ્યું !' 'પાણી સાવ ધોળું છે, અલ્યા !' 'એઇ, દીવો થાય છે કે નહિ ?' તો વળી કોઇ અધીરું પૂછતું, 'અરે વહ્યાં તો નથી ગ્યાં ને !'

માસ્તર જીવા પટેલને ખેતરે પહોંચ્યા ત્યારે ખેતરમાં યાત્રાળુઓનું કીડિયારું ઊભરાતું હતું. ધોરીવાવ અને જીવા પટેલનું ખેતર અત્યારે યાત્રાનાં ધામ જેવાં થઈ પડ્યાં હતાં. ખેતરને શેઢેથી માંડીને તે છેક વાવના પગથાળ સુધી પાઇપૈસા અને ચપટી ચોખા માગનારાંઓએ પાથરણાં પાથરીને, નહાવા આવનારાઓનું સ્વાગત કરતા હોય તેમ બંને બાજુ કતારો બનાવી દીધી હતી. તે ઉપરાંત જીવા પટેલે પોતાના ખેતરમાં ગંગાજી નીકળ્યાં તે માટે લાગા તરીકે સવા પાંચ આના લેવા નક્કી કર્યા હતા. એ તો સવા પાંચ આના જ 'ફી' હતી, પણ સવા રૂપિયો હોત તો પણ 'પતિતપાવની ગંગા'માં સ્નાન કરવાથી મળતા પુણ્ય બદલ

જ્યારે ઘેરબેઠાં નીકળે છે ત્યારે—



આજે એની કાંઇ વિસાત કોઇ ન ગણત. માસ્તર આ બધા લાગા ચૂકવતા ચૂકવતા માંડ વાવ પાસે પહોંચી શક્યા પણ ત્યાં તો ઊભવાની જગ્યા પણ મુસ્કેલીથી મળી શકે તેમ હતું. સૌ જે સાધન હાથ આવે તે વતી પાણી ખેંચીખેંચીને નહાતું હતું. અરે કેટલાંકે તો પાઘડી લાંબી કરી તેનો પાણી ખેંચવાના સીંચણિયા તરીકે ઉપયોગ કર્યો હતો. નહાવા માટે પડાપડી થતી હતી. કેટલાંક મરજાદીઓ તો બની શકે તેટલા ઘડા ધાર્મિક શબ્દોના ઉચ્ચાર સાથે ઢોળ્યે જ જતાં હતાં. સ્ત્રીઓ ગાગરો ભરીભરીને પાણી ઘેર લઇ જતી હતી. જેની પાસે કાંઇ સાધન નહોતું તે એકાદ નાનો લોટો કે છેવટે પતરાનું ભાંગેલતૂટેલ ડબલું કે એવું કંઇક પણ ભરીને ગંગાજીને ઘેર લઇ જતાં હતાં.

કોઇ જુવાનિયાં ગંગાજીના પ્રાગટ્યની સત્યાસત્યતા વિષે બીતાંબીતાં શંકા ઉઠાવતાં તો વૃદ્ધો તુરત ખબર લઈ નાખતા: 'અરે જોતા નથી, ધોળું દૂધ જેવું પાણી થઇ ગયું છે એ !'

'બસ, ગંગાજી જ પ્રગટ્યાં છે. ગંગોત્રી પાસેનો પ્રવાહ આવા જ રંગનો છે.' માસ્તરે પોતાના ભૂગોળ-ના જ્ઞાનનો ભભકભર્યો ઉપયોગ કર્યો.

'અરે, આ કળજગમાં ગંગાજી નીકળ્યાં ઈ ગામનાં પુન્ય હમજોને, ભલા માણહ.'

'હા; છપ્પનિયા મોર એક વાર હાથિયે પાણે નીકળ્યાં'તાં. મારો તો તંઈ જલમે ય નૈં. મારો કાકો મારા જીવડા. તી ઈ વાતું કરતા, કે સરવાણીમાંથી ધોળું ધોળું પાણી હાલ્યું જ આવે, બસ, હાલ્યું ઉં . . .જ આવે ! કેદ ક્યાં ક્યાંનું માણહ ના'વા આવ્યું 'તું !' કોઈ ભૂતકાળપ્રેમીએ ભૂતકાળ ઉખેળ્યો.

'જીવા પટેલનાં ય ભાગ્ય ઊઘડ્યાં તી ઈની જ વાડીમાં માતાજી પ્રગટ્યાં.' સૌ જીવા પટેલને અભિનંદન આપતાં હતાં.

'અરે હું તો મેઘલા લવારની કોઢ્યમાં દાંતીને પાણી ચડાવવા બેઠો'તો. છોરો બામંડા દોરાં લઇને ખેતરે ગ્યો'તો. ઈ કોડે ખેડવા ગ્યો ને તરત પાછો આવીને કે', આતા આતા, વાવ્યમાં પાણી સાવ ધોરૂં છાસ્ય જેવું કાં ? મેં કું, હાલ્ય જોંઇ, ગોરબાપાને બતાવી ઇ. હું તો નાથા બાપાને પૂજામાંથી ઉઠાડીને ખેતરે લઇ ગ્યો, તો વાવ્યમાં જોઇને કયે કે આ તો ગંગામા નીકળ્યાં છે !' જીવા પટેલ હરખાતા હરખાતા સૌને આ હકીકતના જુદાજુદા ઉત્તર આપતા હતા.

માસ્તરે શરીર સહન કરી શક્યું ત્યાં સુધી તો નહાયા કર્યું અને પેટમાં સમાઇ શક્યું તેટલું પાણી પી લીધું. પછી કોગળા જ કર્યે રાખ્યા. શરીર આખું ધ્રૂજતું હતું, પણ એ ધ્રૂજારીને તેમણે ધર્મપાઠના ઉચ્ચાર વડે જડબાંની ડાકલી બજાવીને જણાવા દીધી નહોતી. વર્ગમાં શીખવતા તે બધી યે પવિત્ર નદીઓનાં નામ તેઓ અત્યારે લઈ રહ્યા હતા. છેવટે આ ધૂનમાંથી પરવાર્યા ત્યારે સૌને કોઈ ને કોઈ વાસણમાં ગંગાજી ઘેર લઇ જતાં જોયા. એ જોઇને તેઓ મૂંઝાયા; કેમકે વર્ગમાં ભૂગોળ શીખવતા શીખવતા જ તે નહાવા ચાલી નીકળ્યા હતા, તેથી કાંઈ સાધન તો પાસે હતું નહિ. અંતે તેમણે યુક્તિ અજમાવી. કોઇનું વધારાનું અબો-ટિયું માગી લઇને તેને ખૂબ ભીનું કર્યું, અંદર રહી શક્યું તેટલું પાણી લઇ લીધું, અને હળવેહળવે, કોઇ અસ્પૃશ્યનો ઓછાયો ન પડી જાય તેવી રીતે, ઘર તરફ જવા નીકળ્યા.

રસ્તે બીજાં જે કોઈ પાણી લઇ જતાં હતાં તેમને માસ્તર વણમાગી સલાહ આપતા હતા: 'જઇને તરત

ગોખલામાં મૂકી દેજે. ગોખલો ગૌછાણથી લીંપી લેજે. જો, કોઇ મહેતર આવું ન ઊતરી જાય . . .'

ઠેઠ મધરાત પછી પાણીમાંથી ધોળો રંગ ઓછો થવા માંડ્યો ત્યાં સુધી અનેક ભાવિકોએ નહાયા કર્યું.

બીજે દિવસે માસ્તર શરદી થઇ ગઇ હોવાથી, ધ્રૂજતા ધ્રૂજતા વર્ગમાં આવ્યા અને ભૂગોળ લેવી શરૂ કરી:

'હિંદુસ્તાનની મુખ્ય નદીઓ બોલ જોઇએ, બાબુલાલ!'

'સિ . . . ધુ . . . ધુ . . . ધુ, ગં . . . ગં . . . ગં . . . ગા, બ્રહ્મપુ . . . ત્ર . . . ત્ર . . . ત્રા . . . આ . . આ . . આ . . . . . .' બાબુલાલે ભજનનો રાગમાં જવાબ આપ્યો.

'સિંધુ નદી ક્યાંથી નીકળે છે? ચંપકલાલ!'

'સા'બ, હિમાલયમાંથી.'

'હં, બરોબર. ગંગાજી ક્યાંથી નીકળે છે, દરબાર!' દરબાર ઝોકાં ખાતા હતા તેમને માસ્તરે જાગૃત કર્યા.

'જીવા પટેલને ખેતરેથી, સા'બ.' દરબારે જવાબ આપ્યો.

અને વર્ગમાં હસાહસ થઇ પડી.

માસ્તર આમે ય ધ્રૂજતા હતા તે આ એકાએક હસાહસ થઇ પડવાથી વધુ ધ્રૂજી ઊઠ્યા. ફટાકડાની સેર ફોડી હોય તેમ હા . . . હા . . . હા . . . હા . . . ની તડાફડી બોલી રહી. થોડી વારે સૌ હસીહસીને થાકી પામેથી શાંત પડ્યા ત્યારે માસ્તરે શરૂ કર્યું: 'દરબાર, જીવા પટેલને ખેતરેથી કાલે નીકળ્યાં હતાં એ ગંગાજી . . . . . .'

'સા'બ, સા'બ, તમને પોલીસ પટેલ બોલાવે છે.' નવલો બહારથી દોડતો આવીને બોલ્યો.

'શું છે! શું કામ છે!' માસ્તરની ધ્રુજારી વળી અતિશય વધી.

'કોણ જાણે. જીવા પટેલને ખેતરે બેઠા છે. અને પંચાતનામું કરવા ખડિયાકલમ ને કોરા કાગળ લઇને આવવાનું કીધું છે; ઝટ કરો.' નવલો બોલ્યે જતો હતો.

માસ્તર મેજના ખાનામાંથી ખડિયોકલમ ને કાગળ કાઢીને પગમાં ઉપાન પણ પહેર્યા વગર હાંફળાફાંફળા ચાલી નીકળ્યા,—ગંગાજીમાં નહાવા જતી વખતે નીકળ્યા હતા તેમજ.

કમનસીબે માસ્તર ગામમાં વાંચીલખી જાણે એવા માણસ રહ્યા એટલે તેમના ખડિયાકલમને અનેક સારામાઠા પ્રસંગોએ કામ કરવું પડતું. ઘડીક કાછડી ખોસતા તો ઘડીક ડગલાનાં બોરિયાં બીડતા તેઓ નવલાની પાછળ પાછળ જીવા પટેલને ખેતરે પહોંચ્યા. ધોરીવાવની બાજુમાં પોલીસ પટેલ તથા બે પસાયતા ખાટલો ઢાળીને બેઠા હતા. અને થોડીથોડી વારે જીવા પટેલને ગાળો દેતા હતા. ખાટલા પાસે ત્રીકમ, કોદાળી, માટી ભરવાનો ટોપલો, બે ઠીકરાના ઘડા વગેરે જેમતેમ પડ્યાં હતાં.

'આવો મહેતાજી, બેઠો બેઠો. પંચનામું કરો આ હરામખોરનું.' પોલીસ પટેલે માસ્તરને બેસાડ્યા.

'શાનું પંચનામું?' માસ્તરે કંપી ઊઠીને પૂછ્યું.

'અરે આ ચૂનાનાં માટલાં વાવમાં નાખીને ગંગાજી કાઢ્યાં છે તે . . .' પોલીસ પટેલે કહ્યું અને જીવા પટેલ તરફ ફરીને બોલ્યા: 'ગામ આખાને અભડાવતાં શરમ ન થઇ!'

માસ્તરે પંચનામું લખવું શરૂ કર્યું. પોલીસ પટેલનો એક એક શબ્દ તેમના હાથ અને કલમને ધ્રુજાવતો હતો.

વળી થોડી વાર થઇ એટલે પોલીસ પટેલે તેમની પ્રિય ગાળો દેવી શરૂ કરી, 'પાડરડું લપસીને વાવમાં ડૂબી મૂઉં તો પાણી ગંધાઇ જ જાય ને? અરે એવું હતું તો ગામમાં ફાળો કરીને પાણી ઉલેચાવવું'તું; 'પણ આ. . . કમજાત, આ ધંધા કરાય?' અને પછી છિ છિ કરીને થૂંક્યા: 'ગામ આખાને અભડાવી માર્યું.'

માસ્તરે પડથાળની કોર ઉપર બેસીને વિગતવાર કાગળિયાં તૈયાર કર્યા,—જે જગ્યાએ બેસીને આગલે દિવસે ગંગાસ્નાન કર્યું હતું ત્યાં જ. **'વિરંચિ'**

કહેવત કથન અને કવિતા

'તુરત દાન મહા પુણ્ય'

એક ઘા ને બે કટકા.
ધર્મના કામમાં ઢીલ નહિ.
અફસોસનો ઉધારો નહિ.
દેવું ત્યારે વાયદો શો?
તાને ઘાએ મલમપટા.
હાજર સો હથિયાર.
ઘા બળ્યા ને ભવ બળ્યા.

ૐ

નર ને ચતુર સુજાણ, સર અવસર ચૂકે નહિ;
અવસરનાં એંધાણ, રહે ઘણા દિ રાજીઆ.

ખુદ ઇતિહાસ પણ જેને પોતાના ચોપડામાં નોંધતાં આશ્ચર્યચકિત થઈ જાય એવો દુનિયા સમસ્તને યુદ્ધમાં ઝબોળતો જે

જગત્‌વ્યાપી દાવાનળ

ચોમેર વ્યાપી વળવાની કપરી ઘડી આજે આખા સંસાર પર તોળાઇ રહી છે તેનો સિલસિલાબંધ ખ્યાલ આપતો આ લેખ આપણે કેવા કટોકટીને આરે અત્યારે ઊભા છીએ તે સમજાવે છે

ઈ. સ. ૧૯૧૪નો જુલાઈ માસ. સમસ્ત યુરોપ એટલે તે સમયનો દારૂગોળાનો એક ભંડાર. જામગરી ચંપાવાની જ વાર. ઑસ્ટ્રિયાના પાટવીનું ખુન થોડા સર્વિયનોએ કર્યું કે ભડાકો થયો. ઑસ્ટ્રિયાએ ખૂનીઓ સોંપવાની માગણી કરી. સર્વિયાએ તેનો અસ્વીકાર કરવાથી ઑસ્ટ્રિયા તેની સામે યુદ્ધ ચઢયું. રશિયા મિત્ર ફ્રાન્સ સાથે સર્વિયાની વારે ધાયું; જર્મની પડખે થયું; ઑસ્ટ્રિયાની અને પહેલી ઑગસ્ટે યુદ્ધ સળગ્યું. બેલ્જીઅમમાંથી જર્મનીએ બળપૂર્વક રસ્તો લેતાં બ્રિટન વિશાળ સામ્રાજ્ય સહિત તેની કુમકે ચઢયું અને પોતાના મૂળ શત્રુ જર્મની સામે યુદ્ધ પોકાર્યું. પછીથી ઇટલી, ગ્રીસ, રૂમાનિયા, પોર્ટુગાલ, જાપાન અને છેવટ અમેરિકા એક બાજુ થયાં. બીજી બાજુ જર્મની ને ઑસ્ટ્રિયા સાથે ટર્કી ને બલ્ગેરિયા જોડાયાં. ખંડ ખંડ ને સમુદ્રે સમુદ્ર આવરી લેતો વિશ્વયુદ્ધનો પ્રચંડ દાવાનળ ભભૂકી ઊઠયો. પરસ્પર દાવની સોગટીઓ મારતા બંને પક્ષોએ મહા સંહારતાંડવ ચાર વરસ સુધી ખેલ્યું. છેવટે જર્મનીએ થાકીને ઇ.સ. ૧૯૧૮ના નવેમ્બરમાં સંધિ કરી. આ યુદ્ધની દુનિયાભરનાં તમામ ક્ષેત્રોમાં ક્રાન્તિકારી અસરો થઇ. કૈસરે ગાદીત્યાગ કર્યો. ઝાર માર્યો ગયો ને રશિયામાં સામ્યવાદી ક્રાન્તિ થઇ; અને તેના પ્રત્યાઘાત દૂરદૂરના દેશોમાં પડયા. હિંદમાં રાષ્ટ્રીય ચળવળે જોર પકડયું. કમાલ પાશાએ ટર્કીનું નવસર્જન કર્યું. પરાજિત જર્મનીએ સંસ્થાનો ખોયાં, સ્વદેશના પણ થોડા ભાગ ખોયા. તે ભારે દંડને પાત્ર બન્યું. ઑસ્ટ્રિયાનું સામ્રાજ્ય તૂટયું; હંગેરી જુદું રાષ્ટ્ર બન્યું. ચેકોસ્લોવાકિયા ને યુગોસ્લાવિયાનાં નૂતન રાષ્ટ્રો સરજાયાં. જર્મની અને રશિયાના મળેલા વધારાના મુલક સાથે પોલાંડ સ્વતંત્ર રાષ્ટ્ર થયું. ક્રાન્તિકારી રશિયા હવે મિત્રરાષ્ટ્રોનું મિત્ર રહ્યું નહોતું. બાલ્કનનાં નવાં અને જૂનાં બધાં જ રાજ્યોમાં ઘણી જાતની ચિત્રવિચિત્ર લઘુમતિઓ સમાવવામાં આવી. રશિયા, હંગેરી અને બલ્ગેરિયાનો કેટલોક વિસ્તાર ભેળવી રૂમાનિયાને ત્રણગણું મોટું બનાવવામાં આવ્યું. આ સર્વ વ્યવસ્થા વર્સાઇની સંધિથી થઇ અને એમાંથી ભાવી તકરાર તથા અવ્યવસ્થાનાં બીજ નંખાયાં.

મિત્રરાજ્યોને અમેરિકાનું ગંજાવર યુદ્ધઋણ થયું હતું. પણ જર્મની તેમને પૂરતો દંડ ભરી ન શક્યું, એટલે અમેરિકાનું દેવું પણ ન વળી શકયું. જર્મની રોજ ને રોજ દયામણી સ્થિતિમાં આવતું જતું હતું અને ફ્રાન્સ તેને કચરાએલું રાખવા તત્પર રહેતું હતું. બ્રિટનને તેના તરફ કંઇક સહાનુભૂતિ રહેતી, એટલે તેણે લૉકાર્નો વગેરે સંધિ કરાવી જર્મનીને રક્ષણ આપ્યું અને રાષ્ટ્રસંઘમાં દાખલ કર્યું. પણ જર્મનીની આર્થિક હાલત ખોખરી હતી અને રાષ્ટ્ર તરીકેનો તેનો મોભો રહ્યો નહોતો. અમેરિકન પ્રેસિડેન્ટ વિલ્સનના ૧૪ મુદ્દાઓ પ્રમાણે સૌ રાષ્ટ્રોએ શસ્ત્રત્યાગ કરવાનો હતો, પણ વિજયી રાજ્યો અધૂરા મનથી શસ્ત્રો ઘટાડતાં. છતાં યે શસ્ત્રપરિષદ ભરવામાં આવી, પણ તે નિષ્ફળ નીવડી. દરમિયાન લડાઇ ન થાય એ માટે રાષ્ટ્રસંઘ, કેલૉગ પૅક્ટના કરારો વગેરે સાધનો યોજાયાં હતાં. પણ તેની પાછળ ઝાઝું નૈતિકબળ ન હતું; અને શસ્ત્રબળ તો સમૂળગું નહોતું. પરિણામે જાપાને દાંડાઇ કરી ચીનનું મંચુરિયા લઈ લીધું. રાષ્ટ્રસંઘે તેને કંઇ ન કર્યું અને ત્યારથી તેણે આબરૂ ખોવા માંડી, અને પતનને પંથે પરવર્યું.

આ બધો વખત જર્મનીમાં એક અતિ ઉગ્ર રાષ્ટ્રવાદી શક્તિનું ઉત્થાન થતું ગયું. જર્મનીનું તત્કાલીન નિર્બળ લોકશાસનનું રાજ્ય તે શક્તિને ડારી શકયું નહિ. આ પ્રચંડ શક્તિ હેર હિટલરમાં મૂર્તિમંત થઇ. તે અસંતુષ્ટ જર્મન પ્રજાનો નેતા બન્યો. આમ, ફ્રાન્સની ભૂલ અને વર્સાઇના કરારો, જર્મનીમાં ઉદ્ભવેલી રાક્ષસી

શક્તિનાં નિમિત્ત બન્યાં. વખત જતાં સ્વરક્ષણના ક્ષેત્રમાં નહિ સમાતાં આ શક્તિ પરદ્રોહ કરવા તત્પર થઇ અને અત્યારે તે તેના ખરા રાક્ષસી સ્વરૂપમાં બહાર પડી છે. ઈશ્વરનો કંઇ ઓર જ હેતુ લાગે છે.

ઇ. ૧૯૩૪માં સત્તા ઉપર આવતાં જ હિટલરે જર્મનોના કહેવાતા અન્યાયો દૂર કરવા માંડ્યા. ફરજિયાત લશ્કરી નોકરી દાખલ કરી, ર્હાઇનલૅન્ડમાં કિલ્લેબંધી કરી, ઑસ્ટ્રિયા ઓહિયાં કર્યું; ચેકોસ્લોવાકિયા જેર કર્યું અને પછી પોલાંડમાં બજેલા પોતાના મુલક તરફ આંખ ફેરવી. આ બધામાં તેને તેના જેવો જ સાથી મળી ગયો અને તે મુસોલિની—ઈટાલીનો રાષ્ટ્રવિધાયક. તે હિટલરની માફક એકહથ્થુ શાસન કરનાર હતો અને ઈટલી માટે રોમન સામ્રાજ્યનાં સ્વપ્ન સેવતો. તેણે ઍબીસીનિયા જીતી લઇ રાષ્ટ્રસંઘને છેવટનો ફટકો માર્યો. બ્રિટન, ફ્રાન્સ વગેરેએ તેને આર્થિક ઘેરો ઘાલવાનો પ્રયત્ન કર્યો, એટલે ઇટલી છંછેડાયું. પરિણામે મુસોલિની હિટલરના પહોળા બાહુમાં પડી તેનો મિત્ર બન્યો અને તેની સાથે દોસ્તીના કોલકરાર કર્યા. બંનેના મોરચાને ધરીસત્તાઓ નામે ઓળખવામાં આવે છે.

જર્મનીએ હવે પોતાના ઉદ્યોગપ્રધાન વૈજ્ઞાનિક દેશની સમગ્ર સંપત્તિ, બુદ્ધિ અને શક્તિને આગામી મહાયુદ્ધની તોતીંગ યોજનામાં કામે લગાડ્યાં. બ્રિટન અને ફ્રાન્સે પણ હવે આગામી ભયને ઓળખી તૈયારીઓ આરંભી, પણ તે પૂરતી થઈ રહે ત્યાં સુધી તેમણે વચ્ચેવચ્ચે જર્મનીના ફૂંફાડાને છાવરી લીધા કર્યા. છેવટે જર્મનીએ જ્યારે પોલાન્ડ ઉપર નજર નાખી ત્યારે બ્રિટન અને ફ્રાન્સ તેને છાવરવાની હમેશની નીતિથી કંટાળી જઇ તેને પડકારવા તૈયાર ઊભાં. તે બંનેએ રશિયા સાથે સંધિ કરવા પ્રયત્ન કર્યો, પણ જર્મનીએ તેમ જ કર્યું, અને રશિયાને તેના પોલાન્ડનો મૂળ ભાગ લેવા લલચાવી પોતાનું દોસ્ત બનાવી દઇને તેને તટસ્થ રાખ્યું. આટલું કરી હિટલર ઇ. સ. ૧૯૩૯ના સપ્ટેમ્બરની પહેલી તારીખે પોલાન્ડ ઉપર ત્રાટક્યો. તેની સાથે જ બ્રિટન અને ફ્રાન્સે પણ જર્મની સામે યુદ્ધ પોકાર્યું. આમ માત્ર ૨૧ વરસના ગાળામાં બીજું દારુણ યુદ્ધ ફાટી નીકળશે તેવું સને ૧૯૧૮માં કોણે ધાર્યું હશે? થોડાંક અઠવાડિયાંના વીજળીક યુદ્ધથી હિટલરે પોલાન્ડ ખલાસ કર્યું. દરમિયાન બ્રિટન અને ફ્રાન્સનું લશ્કર ફ્રાન્કો-જર્મન સરહદ ઉપર બંધાએલી, ફ્રેન્ચ મૅજીનો લાઇનમાં ખડું રહ્યું. તેના જેવી જર્મન સિગફ્રીડ લાઇન બંધાએલી હોવાથી જર્મની ઉપર હુમલો થઈ શકયો નહિ. પોલાંડના પરાજય પછી રશિયાએ અરધું પોલાંડ લઇ લીધું અને ફિન્લૅન્ડ જેર કર્યું. આમ આન્તરરાષ્ટ્રીય અંધાધુંધી શરૂ થઇ. ૧૯૩૯ના શિયાળા દરમિયાન દરિયાઈ અને વિમાની ઝપાઝપી ચાલુ રહી. પણ ૧૯૪૦ના માર્ચની ૮મીએ હિટલરે ડેન્માર્ક હાથમાં લઈ નૉર્વેમાં લશ્કર ઉતાર્યું અને તે દેશ કબજે કર્યો. ત્યાર બાદ હૉલૅન્ડ-બેલ્જીઅમ ઉપર પડી તેને જેર કરી, ફ્રાન્સના લશ્કરની મ્યુઝ નદીની લાઇન ભેદી, તેના ઉત્તર કિનારાનાં ખાડીનાં બંદરો લઇ, પારીસની પ્રચંડ લડાઇ અમાનુષી ત્વરાથી જીતી લઇ, સમસ્ત ફ્રાન્સને સંધિ કરવાની ફરજ પાડી. ફ્રાન્સના પરાજયની તૈયારી વખતે મુસોલિનીએ જર્મનીની તરફેણમાં યુદ્ધે ચડી ફ્રાન્સને છેહ દીધો. અંતે મહાન્ ફ્રાન્સ પડ્યું. આનાં ઘણાં કારણો છે, પણ વર્તમાન યુદ્ધપદ્ધતિમાં થએલો ફેરફાર મુખ્ય કારણ છે. અત્યારે પહેલાંની જેમ ઍડવાન્સ ગાર્ડ્ઝ તોપમારાના રક્ષણ તળે આક્રમણકારક કૂચ કરતાં નથી. આધુનિક જર્મન પદ્ધતિ એવી છે કે આગળ ડાઇવ બૉમ્બરો જઈ દુશ્મનનો ઘાણ કહાડે; પછી ટૅન્કો બખ્તરગાડીઓ, મોટર-સાઇકલોની ફોજ કલાકે ૪૦ કે તેથી વધારે માઈલના ઝડપથી ધસે અને પછી પાયદળ આવે. આ કૂચમાં, રસ્તામાં શત્રુદળ સાથે ઘમસાણ મચે. શીઘ્રગતિના અને યાંત્રિક સરંજામના આ નૂતન પ્રચંડ યુદ્ધમાં ફ્રેન્ચો, સાધનો, કુનેહ વગેરેના અભાવે ન ફાવ્યા.

ફ્રાન્સના પતન પછી જર્મનીએ બાલ્કન પ્રદેશોમાં વર્ચસ્વ જમાવ્યું. રશિયાને રૂમાનિયામાં બજેલું તેનું બેસેરેબિયા ખાવા દીધું. રૂમાનિયામાંથી વળી ટ્રાન્સિલ્વાનિયા અને ડોબ્રુની તેના મૂળ માલિકો અનુક્રમે હંગેરી અને બલ્ગેરિયાને અપાવી તે બંનેને પોતાનાં ઋણી બનાવ્યાં. આટલું કરીને પણ પાછું રૂમાનિયાને રક્ષણ આપી તેનો તેલ વગેરે કીમતી કાચો માલ લેવાનો કરાર કર્યો અને ડાન્યુબ નદી પર અધિકાર જમાવ્યો.


અત્યારે જર્મની પાસે ઉત્તરમાં નાર્વિકથી માંડી દક્ષિણમાં ફ્રેન્ચ બંદર બોર્ડો સુધીનો વિશાળ દરિયાકિનારો છે. ત્યાંથી તે બ્રિટન ઉપર ચઢાઇ લઇ જવાના મનોરથ સેવે છે, પણ હિંમત (અનુ. આગળ પૃ. ૧૭૯મે)

ગુજરાતમાં વૃક્ષારોપણ

૪ વૃક્ષઉછેર

વૃક્ષારોપણ પછી વૃક્ષ જામી જાય ત્યાં લગી જ વૃક્ષની પૂરતી સંભાળ લેવાવી જોઈએ. તે પછી તો વૃક્ષની જાતિ-ખાસિયતને અનુલક્ષી કુદરતીરીતે વૃક્ષ પોતાનો જે વિકાસ કરે છે તેમાં સહાયરૂપ અને તેવા જ માત્ર કૃત્રિમ ઉપાયો યોજાવા જોઈએ. જે ઉદ્દેશને માટે વૃક્ષ રોપવામાં આવ્યું હોય તે હેતુ સરે છે કે નહિ તે નજરમાં રાખી તે રીતે વૃક્ષને ઉછેરી કેળવવું જોઈએ.

વિશ્રામગૃહો અને વિનોદગૃહો. શાળાઓ અને દવાખાનાં. ખાતાંઓ અને ઘરનાં આંગણાંમાં વૃક્ષોને આપોઆપ રક્ષણ મળી રહે છે. છતાં યે ઢોરો અને અટકચાળાં છોકરાંથી વૃક્ષને નુકસાન ન થાય તેની તકેદારી ખાતર. ઝાડ ઊંચું વધી થડ મજબૂત બને ત્યાં લગી ટાટું ગોઠવીને કે બીજી રીતે તેને બચાવ આપવો એ અગત્યનું છે. ખાસ કરીને જાહેર રસ્તાઓ ઉપરનાં અને સૂનાં સ્થળોએ ઉછેરાતાં વૃક્ષોની બધી રીતે કાળજી રખાવી જોઈએ. ચાલુ વહેતા માર્ગો અને વસ્તીવાળી જગ્યાઓએ તો લોઢાંના પાંજરાં કે વાંસ અને લાકડાંના ટાટાં ગોઠવવાં જોઈએ; અથવા કાંટાળા તાર (barbed wire)ની વાડ બનાવવી જોઈએ. ગામડાંઓમાં દૂર આવી વસ્તુઓ ઘસાઈ કોપડી જવાની દરેક સંભાવના હોઈ પથ્થર, ઈંટ કે માટીની, તેમાં જલસિંચન માટે યોગ્ય કાંકું રાખીને, ઝાડની ફરતી નાનીસરખી ભીંત જેવું બનાવી, તેની ઉપર, જો કાંટા મળી શકે તો, કાંટાની વાડ કરાવી દેવી. છતાં યે તેમની પણ અવારનવાર સંભાળ તો લેવાવી જોઈએ. પણ એવે સ્થળે ઢોરોથી બચવાનો સારામાં



વાડ કે દીવાલ કરતાં ઝાડની ચોમેર આવી નાળી ખોદી કાઢવાની પદ્ધતિ વધુ સરળ છે. જુઓ આ લેખ

વૃક્ષારોપણનો આદર્શ

જાપાનીઓને વૃક્ષો પ્રતિ જે પ્રેમ અને પૂજ્યભાવ છે તે એ પ્રજાનાં ૫૦૦ વર્ષથી યે જૂનાં લાકડાંનાં મંદિરોથી માંડી આધુનિક બાંધણીનાં તેમનાં ઘરોમાં કલાત્મક રીતે થતા લાકડાંના વપરાશમાં પ્રગટ થાય છે. જાપાનમાં કોઈ એવું ધાર્મિક સ્થાન નહિ હોય જ્યાં સ્થળનું પાવિત્ર્ય ને સૌંદર્ય વધારવા માટે મનોહર વૃક્ષોની ઝાડી નહિ હોય. પોતે કાંઈ વધારે કિંમતી વસ્તુ દેવચરણે ધરાવી શકે એ સ્થિતિમાંનથી એમ સમજી એક જાપાની સજ્જને નિકાના પવિત્ર મહાન દેવમંદિરના પ્રવેશમાર્ગની બંને બાજુએ વૃક્ષો ઉછેર્યાં. ત્રણસો વર્ષ પહેલાંની આ વાત છે. વિશાળકાય ક્રિપ્ટોમેરિયાનાં વૃક્ષોની ત્રીસ માઈલથી યે વધુ લાંબી એ આકર્ષક વૃક્ષશ્રેણિ આજે માનવીય સર્જનોમાં, (તાજમહાલ સિવાયની એ સુંદર અને શ્રેષ્ઠ કૃતિ) ચિરસ્મરણીય ગણાય છે. ભવ્ય અને આહ્લાદક આ વૃક્ષશ્રેણિ વૃક્ષજગતનું એક અદ્ભુત અને અપૂર્વ નિર્માણ છે.



એક એકર જમીનમાં ઉગાડેલાં વૃક્ષો માનવીને કેટલી સમૃદ્ધિ આપે છે તે દર્શાવતો આલેખ.

('OUR INDIA') M·MASANI.

કસમાં ઘણાં જણ પાયખાને જતાં ત્યારે પાણી ન વાપરતાં કાગળ જ વાપરતાં. ગોરાઓ તો એજ વાપરે. એ કાગળના જે મોટમોટા ટુકડા હતા તે એ મેલમાં જુદા વીણી લઈ અલગ ખાડામાં તેને દાટી દીધા. કારણ કાગળને ગળી ખાતર થતાં લગભગ આખું વરસ વીતે છે. પછી બાકી જે મેલ-માટી હતાં તેમાં પાણી નાખી 'સ્પેડ' (ત્રિકમ્ પાવડી) વતી તેને વલોવવા માંડ્યું. પા અર્ધા કલાકે એમાંના કાગળની ઝીણીઝીણી કટકીઓ અને બીજું બધું મળી એકરસ થઇ ગયું ત્યારે હળવેહળવે એ મળ-રસાયણમાં ફરી ગાંઠો પડી ન જાય એ રીતે બંનેએ મળી એ ભારી ડોલ ચરમાં ઠલવી અને એકસરખો ચર પાથરી ચાર આંગળ માટી વાળી દીધી. ધૂળ વાળ્યા પછી અમારા દમમાં દમ આવ્યો. એ અગાઉ જ્યારથી 'સ્પેડ'વડે ઘોળ કરવા માંડેલો ત્યારથી અકળાવી મૂકનારી દુર્ગંધ આવવા લાગી હતી. કોબી કે મૂળાનું એક રાતનું વાસી શાક સડવા લાગતાં જેવી ગંધ ફેલાય એવી ગંધ એમાં-થી નીકળતી હતી. આ ગંધથી માથું ફરી જતું હતું, એટલું જ નહિ પણ ગળે ભીંસ પડી ઊબકા આવતા હતા. સારૂં હતું કે મળ ભેગી માટી મળેલી હોઈ ગંદગી મોળી પડતી હતી. માટી વિના તો એ ગંધ અસહ્ય થઇ પડે.

ધૂળ વાળી લીધા પછી બોલવાની ને વાતો કર-વાની હિંમત આવી. દુર્ગંધનો આવો કડવો અનુભવ બાપુજી કેમ વેઠી શકતા હશે એ સવાલ મને થયો ને મેં દેવદાસકાકાને પૂછ્યું. જવાબ આપ્યો તેમણે કે 'બાપુજીનું નાક સાવ નબળું છે; એમને આ ગંધ આવતી હશે તોપણ બહુ જ આછી.'

મળ દાટ્યા પછી હાથ ખરડાવાનો ભય આવ્યો, કારણ એ ડોલને ધોઈને સાફ કરવાની હતી. કપડે છાંટા ન ઊડે એવી સાવધાનીથી અમે એ ધોઈ અને પાછા આવી યથાસ્થાને પાયખાનાંમાં બાલ્ટી ગોઠવી દઈ નહાવાની તૈયારી માંડી.

નહાવા સારૂ કપડાં લઈને કેશુ કૃષ્ણ વગેરેમાંથી કોઈ અમારી સાથે આવે એ દરમિયાન મેં દેવદાસ કાકાને બહુ જ ઉદાસ થઇ ગએલા જોયા. એમને શો ખેદ ઊપજ્યો એ સમજાયું નહિ. આમ પાય-ખાનું સાફ કરવાના દુઃખે તેઓ દુઃખી છે કે શું એ મને સંદેહ ગયો. એવા દુઃખે એ કચવાય એવા તો હતા નહિ. ઘણીવાર હું એમની સામે તાકી રહ્યો ત્યારે એમણે એક નિસાસો નાખ્યો: 'બાનું કહેવું ગમતું નહિ. પણ હવે અનુભવ થાય છે કે મા તે મા. એના સમાણું કોઇ નહિ.'

પાયખાનાં સફાઈની એ સાંજે શાક ખાવું મને અકારૂં થઇ પડ્યું. એ પહેલા દિવસની દુર્ગંધના કડવા અનુભવે જે ત્રાસ છૂટ્યો તેને આજ વરસોનાં વરસ વીત્યાં તો યે વીસરી નથી શક્યો. અને હજુ યે કોબી. ફ્લાવર કે મૂળાનું રાંધેલું શાક ખાવું મને અકારૂં થઇ પડે છે. એની મ્હેક આવતાંની સાથે પહેલા દિવસની પાયખાનાં-સફાઈનું સ્મરણ તાજું થઈ આવે છે. એ પછી તો પાયખાનાં-સફાઇના સેંકડો અનુભવો મેળવ્યા. અને હવે એ કામમાં એક જાતનો રસ પણ પડે છે.

વાચકને કદાચ આ પ્રકરણ લાંબું જુગુપ્સાભર્યું ને અળખામણું લાગશે, પણ આ વિષય ઉપર વૈજ્ઞાનિક. આરોગ્ય તથા ખેતીવિષયક અને સામાજિક દષ્ટિએ ઊંડા અધ્યયનવાળાં પુસ્તકો લખાવાની જરૂર હું માનું છું. ભવિષ્યમાં આ વિષયનું સાહિત્ય પેદા થશે જ. એ પ્રયોગોના બાપુજી અને મગનકાકાને હાથે થએલા ઉદ્ગમની નોંધ મેં આપી. હવે ત્રણ પાઉંડ સામેનાના ઐતિ-હાસિક સત્યાગ્રહની કથા પર પાછો આવું.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનાં નવાં પુસ્તકો

સાહિત્યવિચાર લેખક: આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ, સંપાદક: રામનારાયણ વિશ્વનાથ પાઠક અને ઉમાશંકર જોષી ૧-૦-૦; **સાહિત્ય અને વિવેચન** (ભાગ ૨) દી. બ. કેશવલાલ હ. ધ્રુવ બી. એ. ૧-૦-૦; **કવિચરિત** (ભાગ ૨) લેખક: કેશવલાલ કાશીરામ શાસ્ત્રી, પંડિત સંશોધનવિભાગ ૧-૦-૦; **બુદ્ધિપ્રકાશ: લેખસંગ્રહ** (ભાગ ૧ લો ઇ. ૧૮૫૪ થી ૧૯૦૮) સંપાદકો: નવલરામ જ. ત્રિવેદી, એમ. એ; અનંતરાય મ. રાવળ, એમ. એ. ૧-૦-૦; **માનવજીવનનો ઉષ:કાળ** લેખક અશોક હર્ષ, ૦-૭-૦; **દૂધ** લેખક: ડા. નરસિંહ મૂળચંદભાઇ શાહ, એમ. એસસી. પીએચ. ડી. ૦-૧-૦; **ગામડાંનું આરોગ્ય કેમ સુધરે?** લેખક: કેશવ-લાલ ચતુરદાસ પટેલ, ડભોડા ૦-૧-૬; **સહશિક્ષણ** લેખક: રણજિતભાઈ એમ. પટેલ ૦-૧-૬; **ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો સને ૧૯૩૯નો અહેવાલ**

ત્રણ જણની આશા દુનિયામાં કોઈથી ન પૂરી શકાય: ધનવાનની, રોગીની અને પ્રવાસીની.

(અનુ. પાછળ પૃ. ૧૭૨ થી) થતી નથી. બ્રિટિશ પ્રજા સામના માટે કૃતનિશ્ચય ઊભી છે. અમેરિકા તેની પીઠ થાબડે છે. ત્યાંથી સરંજામ પણ આવતો જાય છે. બ્રિટનનું બળ વધવા માંડયું છે. હિટલરનાં વિમાનો લંડન ઉપર મારો કરે છે, તો બ્રિટીશ વિમાનો જર્મનીને પંપાળતાં નથી.

બ્રિટન ઉપરના આક્રમણમાં ન ફાવવાથી હિટલરે હવે નવો દાવ ખેલ્યો. દૂર પૂર્વના પોતાના જ જેવા આક્રમણકારી ભેરૂબંધ જાપાનને તેણે જર્મની–ઇટલીની ધરી સાથે સંધિથી જોડી લીધું. આમ કરી હિટલરે અમેરિકાને શેહ આપવા ધાર્યું, પણ પરિણામ ઊલટું જ આવ્યું. અમેરિકાએ આ આવ્હાન ઊચકી લઇ, અમેરિકન પ્રણાલિકાની વિરૂદ્ધ જઇને પણ બ્રિટનપક્ષી રૂઝવેલ્ટને પ્રમુખ તરીકે ત્રીજી વાર ચૂંટયો, અને લોકશાહી સંસ્થાનું રક્ષણ કરવા કમર કસી. બ્રિટનને તમામ શક્ય મદદ આપવા ઉપરાંત તેણે સ્વરક્ષણને જરૂરી એવો યુદ્ધનો જંગજવર સરંજામ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. બ્રિટનનું બળ પણ તેથી વધ્યે જાય છે.

ગઇ સાલ કરતાં યુરોપનો આ વખતનો શિયાળો જરા જુદી રીતે પસાર થયો. યુરોપનું યુદ્ધ તો મોટે ભાગે મંદ પડયું હતું. પણ જનરલ વેવલના બ્રિટિશ લશ્કરે લીબિયાના કિનારા ઉપર ઇટાલિયનોને પરાસ્ત કર્યા. ગ્રીકોએ પણ ઇટલીના લશ્કરને મારી હઠાવી ઠેઠ આલ્બેનિયામાં જંગ શરૂ કર્યો હતો. પરંતુ બાલ્કન દેશોમાં જર્મન પ્રવૃત્તિ ખતરનાક બનતી હતી. જર્મનો ઉઘાડે છોગ ત્રિપક્ષી કરારોમાં બંધાયેલાં રૂમાનિયા, બલ્ગેરિયાને યુદ્ધના મોરચામાં ફેરવી નાખતા હતા. ઉત્તર આફ્રિકામાં પણ જર્મન ફોજેએ ઊતરી ઓચિંતું આક્રમણ કરી બેંગાઝી લઇ લીબિયા ઓળંગી ઇજીપ્ત તરફ પ્રસારો શરૂ કર્યો. પણ હિટલરે બાલ્કનમાંના પોતાના વિરાટ લશ્કરને ત્રણ બાજુથી યુગોસ્લાવિયા ઉપર ત્રાટકવાનો હુકમ આપી ગ્રીસ તરફ પણ એક ફોજ રવાના કરી. તુમુલ ઝડપી યુદ્ધ–માઉન્ટેડ બ્લીટ્ઝ–ને અન્તે યુગોસ્લાવિઆ અને ગ્રીસને જર્મન જનરલ ફૉન લિસ્ટના લશ્કરે મહાત કર્યા અને થોડી સામગ્રી સાથે આવેલા બ્રિટિશ લશ્કરને ગ્રીસમાંથી નિવૃત્ત થવું પડયું.

હિટલરનો હવે પછીનો દાવ પણ એક કોયડો છે. આટલાંટિકમાં પ્રચંડ દરિયાઈ યુદ્ધ આરંભી, અમેરિકાથી ઇંગ્લાંડ જતો લાખો ટનનો લશ્કરી અસબાબ તે દરિયાને તળિયે પહોંચાડી રહ્યો છે. બીજા [illegible] મોરચાઓ કરતાં ઉપયોગી અને બ્રિટનના [illegible] ચાવી રૂપ આટલાંટિકના યુદ્ધના મોરચાના આ હાલ દેખી અમેરિકા ચોંકી ઊઠયું છે. લોકશાહીને વિજયવંત બનાવવાનો મક્કમ નિશ્ચય દર્શાવતું ઐતિહાસિક કથન પ્રે. રૂઝવેલ્ટે થોડા દિવસ ઉપર જ વહેતું મૂકયું છે કે 'અમેરિકા લડાઈમાં ઊતરશે.' દૂર પૂર્વમાં જાપાન રશિયા સાથે બીનઆક્રમણના કરાર તાજેતરમાં કરી, પ્રચંડ લશ્કરો જમા કરી ઘા મારવા તૈયાર બેઠું છે. સિંગાપોર વગેરેમાં બ્રિટિશ લશ્કર પણ તૈયાર જ છે. અમેરિકા લડાઈમાં ઊતરે તો જાપાન પણ પાસિફિકમાં અમેરિકાને ઘા મારશે! ફ્રાન્સની 'વીચી' સરકાર પરદેશમંત્રી દાર્લાની ખટપટથી જર્મની સાથે જોડાઇ મોરોક્કો, પશ્ચિમ આફ્રિકા વગેરેમાં જર્મનોને પેસવા દઇ ફ્રેન્ચ કાફલો વગેરે આપશે? સ્પેન જર્મનોને જિબ્રાલ્ટર ઉપર તૂટી પડવા દેશે? એકલું પડતું ટર્કી જર્મનોની શેહમાં દબાશે? ઇરાકમાં જર્મનપક્ષી રીજન્ટ રશીદ અલી ગિલાનીએ બ્રિટીશ વિરૂદ્ધ જગાડેલા બળવાથી યુદ્ધની આગ કયાંકયાં પ્રસરશે? વગેરે સવાલો અત્યારે જગતના મોંમાંથી નીકળ્યા કરે છે. જવાબ તો ભવિષ્ય જ આપશે. પણ એટલી તો અટકળ થઇ શકે કે જગદ્વ્યાપી દાવાનળ ફાટવાની ઘડીઓ ગણાય છે.

હિંદની સ્થિતિ અત્યારે સૌથી કમનસીબ છે. ગાંધીજીએ પોતાની હિંદની કારકીર્દિનું ત્રીજા વખતનું અહિંસક યુદ્ધ પોકાર્યું છે. પણ તે પ્રેમથી ભરપૂર છે. 'યુદ્ધ' શબ્દને લાયક નથી. પણ બ્રિટિશ સરકાર હિંદને સત્તા આપવાના અખાડા કરે છે. હિંદી વજીર ઍમરીનો છેલ્લો જવાબ નિરાશાજનક છે. મિ. ઝીણાનો તાજેતરનો પાકીસ્તાનનો પોકાર તથા હિંદનાં શહેરોમાં મોટા પાયા ઉપરનાં કોમી રમખાણો વગેરે જોતાં આપણા રાજકીય ભવિષ્યમાં તો અંધારપટ દેખાય છે. આપણે જૂના મધ્યયુગના અંધકારમાં ધકેલાઈ જઇશું કે શું એવી ભીતિ કોઇ કલ્પનાપ્રધાન ચિત્તમાં પેદા થાય તો નવાઇ નહિ. જો જીવનનાં મૂલ્યો સપાટાબંધ બદલાવાનાં જ હોય તો અત્યાર સુધીની આપણી જીવન જીવવાની ઢબ બદલી યુગધર્મ પ્રમાણે ખડતલ બની જીવનસંગ્રામ માટે તૈયાર બનવુ જોઇએ. હિંદે આધુનિક સંસારસ્થિતિમાંથી તો આ જ બોધપાઠ લેવાનો છે.

દેવેન્દ્ર મજમુંદાર

દૃશ્ય જોતાં એમનો ત્રાસ હાથી છૂટતો, ઘણાંને ઘેટીનું ચાળું ગોઠવવાની અને ખીલડા ઢળવા-બારે કરવાની ખટપટ પણ માથાભારે થઇ પડે છે. તેમને મન જમીન પર કપડું બિછાવી. તે પર પડ માંડી દળવાનો દોઢો શ્રમ સરળતાભર્યો ભાસે છે. એક તરફ ખટપટથી ભાગવાની આપણી આ કાયરતા ને બીજી તરફ ગંદકી અને ચોખલિયાપણાની ખોટી સમજ આપણાં નઠારાં પાયખાનાં અને સડતી ભાગોળોને સારુ જવાબદાર છે.

ફીનિક્સમાં ગાઉના ગાઉ સુધી માથાપૂર ઘાસનું બીડ હતું ને સુંદર જંગલ પણ હતું. અમારી જમીનની બંને તરફ સોહામણાં નાળાં હતાં. છતાં કોઇને છૂટમાં જંગલ ઝાડે જવું રુચતું નહિ. ગોરાઓની રીત પ્રમાણે અમારું સામૂહિક સ્નાન કૂવા પર ને નાળા પર નવરાશ ચાલતું, પણ શૌચ માટે જંગલમાં યે પાયખાનાં અનિવાર્ય હતાં.

ભંગી ત્યાં હતો નહિ અને હોય તો યે બાપુજી ભંગીના ઘરમાં જનમ લેવાને કારણે જ કોઇ માણસ ઉપર મેલું સાફ કરવાનો બધો ભાર નાખવો પસંદ કરે એમ ન હતું. ફળઝાડના બગીચાંનો શોખ અમને હતો અને તેને સારુ ખાતરની જરૂર હતી; એટલે શરૂથી જ મેલું માટીમાં દબાવી તેનું સારામાં સારું ખાતર બનાવવાના પ્રયોગો શરૂ થએલા. એક ફક્ત છાપખાના આગળ મેલાનું ખાતર કરવું ફાવે તેમ ન હતું, કેમકે છાપખાનાની આજુબાજુ નાળું ને બાઇ હતાં; અડખેપડખે ખેતી ચાલતી ન હતી; અને જમીનમાં મહીનાઓ સુધી ભેજ રહેતો. વળી મેલું-માટી ત્યાંથી ઊંચકી ટેકરીઓની ટોચે જ્યાં બગીચા હતા ત્યાં લઈ જવા એ ખોટી મહેનત થઈ પડે એમ હતું. એટલે માત્ર છાપખાનાનું પાયખાનું 'ફ્લશ-ટટ્ટી' જેવું હતું.

તેમાં આશરે દસબાર ફૂટ ઊંડો ને ચારેક ફૂટ લાંબો-પહોળો ખાડો ખોદી તે પર કાયમી પાયખાનું ગોઠવેલું હતું. પાયખાનાંની રચનામાં સામાન્ય કિસાન-ટટ્ટીની જેમ એક ચોકઠા પર બે પાટિયાં ગોઠવી તેની ચોતરફ પાતળાં પાટિયાંની પડદી કરી લીધેલી. એક તરફ બારણું. શૌચ જઇ આવ્યા પછી દરેક જણે બહાર પડેલી લાંબા હાથાવાળી ડોલીથી મેલાને ઊંડાણમાં ધકેલી દેવાનું રહેતું. વરસાદ હોય, કાદવ હોય, મેલા પર ઢાંકવા લાયક ધૂળ ન હોય તો યે આ પાયખાનું સાફ રહેતું. એને ખસેડતા રહેવાની મહેનત ન પડતી.

પાયખાનાંનાં બારણાં તરફથી ઢળતો જતો ખાડો ઊંડાણમાં ક્યાં પહોંચે છે એ દેખાતું નહિ. ઢાળ ઉપરથી મેલું સહેજ ઠેલો વાગતાં ઊંડા ગરતમાં પહોંચી જતું. આજે હું કલ્પી શકું છું કે એ ઊંડાણે કદાચ પાણી હશે અને પાણીમાં ને પાણીમાં મેલું સડી પાણી રૂપ થઈ જતું હશે. આસપાસ દૂર સુધી પીવા વાપરવાના પાણીનો કૂવો. કુંડ કે એવું કંઇ ન હતું એટલે આવી રીતે જમીનના પેટાળમાં સડી જતો મળ અપાયકારી હોવાના ભયનું કારણ ન હતું. પાણીમાં મળ પહોંચવાની મારી કલ્પના કદાચ ખોટી યે હોય, કારણકે એ ઢળતા ગરતને તળિયે કેવી રચના છે એ હું જોવા પામ્યો ન હતો. મારી બાળ આંખોને એ વ્યવસ્થા આશ્ચર્યમુગ્ધ કરી દેતી. જો એ ફ્લશ-ટટ્ટીનો ખાડો પાણીની સપાટી સુધી ન હોય અને સૂકા ને સૂકા અંધારામાં મળ એકઠો થતો હોય તો એની બદબો આવવી જોઇએ. એવી બદબોનો અનુભવ એમાં થતો નહિ.

બીજા પ્રકારનું બાજરૂ તે પાકી ઓરડીની અંદર મૂકેલા, ડામર લગાડેલા, ઘાસતેલિયા આડા ડબ્બાની વ્યવસ્થા. સફાઇ વખતે એ ડબ્બાઓને આંકડીયા ભેરવીને કાઢી શકાય એવી ગોઠવણ હતી. મગનકાકા રોજ નહાતાં પહેલાં એ ડબ્બાનો મળ, બગીચાનાં ફળઝાડ વચ્ચે તૈયાર કરી રાખેલી ચરોમાં ઠલવી દેતા અને તે પર ધૂળ વાળી દેતા.

આ પ્રયોગ બાદ બગીચામાં ખાડો કરીને ત્યાં ને ત્યાં જ તાપડાનું પાયખાનું ગોઠવવાનો અને જે શૌચ જાય એ પોતાને હાથે માટી નાખી આવે એ પ્રયોગ ચાલુ થયો. આવાં પાયખાનાંમાં બે અડચણ આવતી. એક તો વાવંટોળ આવે કે પાયખાનું ઊડી જાય. અમુક મોસમમાં લગભગ રોજ ખાડા ઉપરથી ઊડીને પાયખાનું કેટલા યે ગજ આઘું પડ્યું હોય. તૂટી જાય એ જુદું. બીજું એ કે વરસાદ આવે એટલે ખાડા પાણીથી ભરાઈ જાય અને મળ ઢાંકવાને સૂકી ધૂળ ન મળે.

પહેલી અડચણ દૂર કરવાને મગનકાકાએ જાતજાતનાં ચાટવાળાં પાયખાનાં બનાવ્યાં, અને છેવટે છાનીપર ચેચું, છાપરાવિનાનું પાયખાનું નમૂનેદાર લેખાયું. એની પડદીઓ દેવદારનાં પાટિયાંની બનાવી હતી. બારણાંને બદલે ગુણિયાના પડદાથી કામ ચલાવ્યું હતું. અંદર, બહાર તથા પડદાને ચૂનો ચોપડી અને

શોભીતું કર્યું હતું. ઘરનાં છાપરાં ઉડાડી મૂકનારાં વાવાઝોડામાં યે આ પાયખાનું સ્થાનચ્યુત ન થયું ત્યારે મગનકાકાને બહુ જ આનંદ થયો. અમારે ઘેર જે કોઈ મહેમાન આવે તેને મગનકાકા કેળાંમોસંબીસંતરાંથી લદાએલાં ફળઝાડો બતાવતાં પહેલાં યે આ પાયખાનાંની વાત કરે અને એ બતાવવાં લઈ જાય.

પણ બીજી મુશ્કેલીનો તોડ ન તો ફીનિક્સમાં આણી શકાયો કે નથી સાબરમતીમાં હજુ સુધી આણી શકાયો. આ કારણે, પાકાં બાંધવાળાં સ્થાયી જાજરૂની ગોઠવણ જ સ્વીકારવી પડી છે. એ સંબંધી મને યાદ આવનારા પ્રયોગો અહીં આપી જાઉં.

મળ ઢાંકવા માટે માટીનો સંગ્રહ કરવો અને મળમાટીની ભરેલી ભારી બાલટી ઊંચકવી એ સખત મજૂરી માગી લે છે. આ મજૂરી ઓછી કરવાને મગનકાકાએ બે ઈંટો વચ્ચે ગોઠવી શકાય એવું ટીનનું છીછરૂં નાનકડું વાસણ બનાવેલું અને પાયખાનાંની ઓરડીના ખૂણામાં જ એક સજ્જડ ઢાંકણાવાળી મોટી ડોલ ગોઠવેલી. જે કોઈ શૌચ જાય એ પેલા નાના વાસણમાં જાય. અને ઊઠે ત્યારે નાનું વાસણ ખૂણામાં પડેલી મોટી બાલટીમાં ઠલવી બાલટીનું ઢાંકણું સજ્જડ બંધ કરી દે. જેથી માખી કે દુર્ગંધનો ત્રાસ ન રહે. ચોવીસ કલાકમાં એક વાર આ બાલટી બગીચામાં જ્યાં ખાતર જોઈતું હોય ત્યાં સાફ કરી અવાય. માટીનો ભાર ન હોવાથી એ સરળતાથી ઊંચકીને લઈ જઈ શકાય. ઘરનું નાનુંમોટું દરેક જણ જો પોતાનું મળપાત્ર મોટી ડોલમાં ઠલવવાનો કંટાળો ન સેવે તો આથી વધુ શુદ્ધ અને સ્વચ્છ ગામઠી પાયખાનું કોઈ ન ગણાય. વાપાણીની એના પર કશી અસર ન થાય. સાબરમતીમાં વરસોનાં વરસ સુધી મગનકાકાએ આવું પાયખાનું ચલાવેલું. ચોકખાઈના પૂરા આગ્રહી હોવા છતાં પોચી ને ખોટી સૂગ પર મગનકાકાએ પૂરો કાબૂ મેળવેલો.

જેમ પાયખાનું સાફ રાખવાની દૃષ્ટિએ જુદાજુદા ગોઠવણો થતી તેમ જમીનમાં ખાતર વાવેલામાં વહેલું તૈયાર કરી લેવાની દૃષ્ટિએ પણ પ્રયોગો ચાલતા. મગનકાકાની નોંધો કાગળ પર ઓછી રહેતી; મગજમાં ઘણી રહેતી. પ્રયોગો કરીકરીને તેમણે પોતાના મગજમાં નોંધી રાખેલું કે જુદીજુદી ચીજો કેટલા સમયમાં ખાતર રૂપ બની જાય છે. કેળાંનાં પાંદડાં, દાતરડાંથી કચ્ચર કરેલાં કેળાંના થડ, નીંદી કાઢેલું ઘાસ, બાળી શકાય એવાં લાકડાં, વેડી લીધા પછીનાં લીંબુ-સંતરાંનાં ડાખળાં, કપડાંનાં ચીથરાં અને કાગળના ડૂચા; દરેક ચીજ કેટલાં અઠવાડિયાં કે કેટલા મહિનામાં માટી બની જાય છે તેનો હિસાબ તમે પૂછો કે તરત મગનકાકા બતાવી દે. એ જ પ્રમાણે પાયખાનું બે હાથથી વધુ ઊંડું દાટ્યું હોય તો ત્રણ ચાર મહિને, છીછરૂં દાટ્યું હોય તો મહિને માસે; પાણી ભેળવ્યા વિના દાટ્યું હોય તો લાંબે ગાળે અને પાણી તથા માટીનું મિશ્રણ કર્યું હોય તો બહુ જ જલદી ખાતર બને છે એવા અનુભવો તેમણે મેળવેલા.

બાપુજી અને ફીનિક્સનાં સઘળાં ભાઈબહેનો જેલ જતાં ઘણુંખરૂં ઘરકામ અમ બાળકોને ભાગે આવેલું. પણ પાયખાનાં-સફાઈનો ઈજારો મગનકાકાએ પોતે જ રાખેલો. એટલા પૂરતો વખત તેઓ ગમે ત્યાંથી મેળવી લેતા. પરંતુ જતે દહાડે કામનો ભાર અતિશય વધી ગયો અને બબ્બે દિવસ સુધી એમને પાયખાનું સાફ કરવાનો અવકાશ ન મળ્યો ત્યારે દેવદાસકાકાએ અને મારે મળીને એ કામ કરવું એમ ઠર્યું. એ દિવસોમાં પાયખાનું દાટવાની જે પદ્ધતિ ચાલુ હતી એ આકરામાં આકરી હતી. સૂગને પૂરેપૂરી તિલાંજલી આપી જ એ રીતે પાયખાનું સાફ થઈ શકતું. જેટલી એ આકરી રીત હતી એટલી જ ખાતરની દૃષ્ટિએ ફાયદાકારક પણ હતી, કેમકે દશેક દિવસમાં એ ખાતર માટી રૂપ બની જતું. મારે માટે પાયખાનાં-સફાઈનો સૌ પહેલો અનુભવ નીચે મુજબ વીત્યો. ઘાસતેલના બે ડબ્બા સમાય એવડી મોટી ડોલ લગભગ આખી મેલ અને માટીથી ભરેલી હતી. પાયખાનાંમાંથી ઉપાડી સારી પેઠે દૂર આવેલા કેળાના ખેતરમાં તે લઈ જતાં અમારો દમ નીકળી ગયો. દેવદાસકાકા તો જોરાવર, પણ મારાથી એ ભાર ઉપાડ્યો ન ઊપડે. બંને હાથે બધું જોર એકઠું કરી ઊંચકું ને દસ ડગલાં જાઉં ત્યાં ડોલને પાછી જમીન ઉપર મૂકી દઉં. આમ મહામહેનતે સફાઈની ક્યારી સુધી પહોંચ્યા. ડોલ બાજુએ મૂકી અમે કાંણી અને કદણ જમીનમાં ચરૂ ખોદી તૈયાર કરી. સામાન્ય રીતે ચરમાં એમ ને એમ ડોલ ઠલવી દેવાય છે, પણ અમારે વિશેષ કરવાનું હતું. ફીનિ-

કેસમાં ઘણાં જણ પાયખાને જતાં ત્યારે પાણી ન વાપરતાં કાગળ જ વાપરતાં. ગોરાઓ તો એજ વાપરે. એ કાગળના જે મોટમોટા ટુકડા હતા તે એ મેલમાં જુદા વીણી લઈ અલગ ખાડામાં તેને દાટી દીધા. કારણ કાગળને ગળી ખાતર થતાં લગભગ આખું વરસ વીતે છે. પછી બાકી જે મેલ-માટી હતાં તેમાં પાણી નાખી 'સ્પેડ' (વિલાયતી પાવડી) વતી તેને વલોવવા માંડ્યું. પા અર્ધો કલાક એમાંના કાગળની ઝીણીઝીણી કટકીઓ અને બીજું બધું મળી એકરસ થઇ ગયું ત્યારે હળવેહળવે એ મળ-રસાયણમાં ફરી ગાંઠો પડી ન જાય એ રીતે બંનેએ મળી એ ભારી ડોલ ચરમાં ઠલવી અને એકસરખો થર પાથરી ચાર આંગળ માટી વાળી દીધી. ધૂળ વાળ્યા પછી અમારા દમમાં દમ આવ્યો. એ અગાઉ જ્યારથી 'સ્પેડ'વડે ઘોળ કરવા માંડેલો ત્યારથી અકળાવી મૂકનારી દુર્ગંધ આવવા લાગી હતી. કોબી કે મૂળાનું એક રાતનું વાસી શાક સડવા લાગતાં જેવી ગંધ ફેલાય એવી ગંધ એમાંથી નીકળતી હતી. આ ગંધથી માથું ફરી જતું હતું, એટલું જ નહિ પણ ગળે ભીંસ પડી ઊબકા આવતા હતા. સારૂં હતું કે મળ ભેગી માટી મળેલી હોઈ બદબો ઓછી પડતી હતી. માટી વિના તો એ ગંધ અસહ્ય થઇ પડે.

ધૂળ વાળી લીધા પછી બોલવાની ને વાતો કરવાની હિંમત આવી. દુર્ગંધનો આવો કડવો અનુભવ બાપુજી કેમ વેઠી શકતા હશે એ સવાલ મને થયો ને મેં દેવદાસકાકાને પૂછ્યું. જવાબ આપ્યો તેમણે કે 'બાપુજીનું નાક સાવ નબળું છે; એમને આ ગંધ આવતી હશે તોપણ બહુ જ ઓછી.'

મળ દાટ્યા પછી હાથ ખરડાવાનો ભય આવ્યો, કારણ એ ડોલને ધોઈને સાફ કરવાની હતી. કપડે છાંટા ન ઊડે એવી સાવધાનીથી અમે એ ધોઈ અને પાછા આવી યથાસ્થાને પાયખાનામાં બાલ્ટી ગોઠવી દઈ નહાવાની તૈયારી માંડી.

નહાવા સારૂ કપડાં લઈને કેશુ કૃષ્ણ વગેરેમાંથી કોઈ અમારી સાથે આવે એ દરમિયાન મેં દેવદાસ કાકાને બહુ જ ઉદાસ થઇ ગએલા જોયા. એમને શો ખેદ ઊપજ્યો એ સમજાયું નહિ. આમ પાયખાનું સાફ કરવાના દુઃખ તેઓ દુઃખી છે કે શું એ મને સંદેહ ગયો. એવા દુઃખે એ કચવાય એવા તો હતા નહિ. ઘણીવાર હું એમની સામે તાકી રહ્યો ત્યારે એમણે એક નિસાસો નાખ્યો: 'બાનું કહેવું ગમતું નહિ. પણ હવે અનુભવ થાય છે કે મા તે મા. એના સમાણું કોઇ નહિ.'

પાયખાનાં સફાઈની એ સાંજે શાક ખાવું મને અકારૂં થઇ પડ્યું. એ પહેલા દિવસની દુર્ગંધના કડવા અનુભવે જે ત્રાસ છૂટચો તેને આજ વરસોનાં વરસ વીત્યાં તો યે વીસરી નથી શકયો. અને હજુ યે કોબી. ફ્લાવર કે મૂળાનું રાંધેલું શાક ખાવું મને અકારૂં થઈ પડે છે. એની મ્હેક આવતાંની સાથે પહેલા દિવસની પાયખાનાં-સફાઈનું સ્મરણ તાજું થઈ આવે છે. એ પછી તો પાયખાનાં-સફાઈના સેંકડો અનુભવો મેળવ્યા. અને હવે એ કામમાં એક જાતનો રસ પણ પડે છે.

વાચકને કદાચ આ પ્રકરણ લાંબું જુગુપ્સાભર્યું ને અળખામણું લાગશે, પણ આ વિષય ઉપર વૈજ્ઞાનિક. આરોગ્ય તથા ખેતીવિષયક અને સામાજિક દૃષ્ટિએ ઊંડા અધ્યયનવાળાં પુસ્તકો લખાવાની જરૂર હું માનું છું. ભવિષ્યમાં આ વિષયનું સાહિત્ય પેદા થશે જ. એ પ્રયોગોના બાપુજી અને મગનકાકાને હાથે થએલા ઉદ્‌ગમની નોંધ મેં આપી. હવે ત્રણ પાઉંડ સામેના ઐતિહાસિક સત્યાગ્રહની કથા પર પાછો આવું.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનાં નવાં પુસ્તકો

સાહિત્યવિચાર લેખક: આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ, સંપાદક: રામનારાયણ વિશ્વનાથ પાઠક અને ઉમાશંકર જોષી ૧-૦-૦; **સાહિત્ય અને વિવેચન** (ભાગ ૨) દી. બ. કેશવલાલ હ. ધ્રુવ બી. એ. ૧-૦-૦; **કવિચરિત** (ભાગ ૨) લેખક: કેશવલાલ કાશીરામ શાસ્ત્રી, પંડિત સંશોધનવિભાગ ૧-૦-૦; **બુદ્ધિપ્રકાશ: લેખસંગ્રહ** (ભાગ ૧ લો ઇ. ૧૮૫૪ થી ૧૯૦૮) સંપાદકો: નવલરામ જ. ત્રિવેદી, એમ. એ; અનંતરાય મ. રાવળ, એમ. એ. ૧-૦-૦; **માનવજીવનનો ઉષઃકાળ** લેખક અશોક હર્ષ, ૦-૭-૦; **દૂધ** લેખક: ડા. નરસિંહ મૂળચંદભાઇ શાહ, એમ. એસસી. પીએચ. ડી. ૦-૧-૦; **ગામડાંનું આરોગ્ય કેમ સુધરે?** લેખક: કેશવલાલ ચતુરદાસ પટેલ, ડભોડા ૦-૧-૬; **સહશિક્ષણ** લેખક: રણજિતભાઈ એમ. પટેલ ૦-૧-૬; **ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનો સને ૧૯૩૯નો અહેવાલ**

ત્રણ જણની આશા દુનિયામાં કોઈથી ન પૂરી શકાય: ધનવાનની, રોગીની અને પ્રવાસીની.

(અનુ. પાછળ પૃ. ૧૭૨ થી) થતી નથી. બ્રિટિશ પ્રજા સામના માટે કૃતનિશ્ચય ઊભી છે. અમેરિકા તેની પીઠ થાબડે છે. ત્યાંથી સરંજામ પણ આવતો જાય છે. બ્રિટનનું બળ વધવા માંડયું છે. હિટલરનાં વિમાનો લંડન ઉપર મારો કરે છે, તો બ્રિટીશ વિમાનો જર્મનીને પંપાળતાં નથી.

બ્રિટન ઉપરના આક્રમણમાં ન ફાવવાથી હિટલરે હવે નવો દાવ ખેલ્યો. દૂર પૂર્વના પોતાના જ જેવા આક્રમણકારી ભેરૂબંધ જાપાનને તેણે જર્મની–ઇટલીની ધરી સાથે સંધિથી જોડી લીધું. આમ કરી હિટલરે અમેરિકાને શેહ આપવા ધાર્યું, પણ પરિણામ ઊલટું જ આવ્યું. અમેરિકાએ આ આવ્હાન ઊચકી લઇ, અમેરિકન પ્રણાલિકાની વિરૂદ્ધ જઇને પણ બ્રિટનપક્ષી રૂઝવેલ્ટને પ્રમુખ તરીકે ત્રીજી વાર ચૂંટયો, અને લોકશાહી સંસ્થાનું રક્ષણ કરવા કમર કસી. બ્રિટનને તમામ શકય મદદ આપવા ઉપરાંત તેણે સ્વરક્ષણને જરૂરી એવો યુદ્ધનો ગંજાવર સરંજામ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. બ્રિટનનું બળ પણ તેથી વધ્યે જાય છે.

ગઇ સાલ કરતાં યુરોપનો આ વખતનો શિયાળો જરા જુદી રીતે પસાર થયો. યુરોપનું યુદ્ધ તો મોટે ભાગે મંદ પડયું હતું. પણ જનરલ વેવલના બ્રિટિશ લશ્કરે લીબિયાના કિનારા ઉપર ઇટાલિયનોને પરાસ્ત કર્યા. ગ્રીકોએ પણ ઇટલીના લશ્કરને મારી હઠાવી ઠેઠ આલ્બેનિયામાં જંગ શરૂ કર્યો હતો. પરંતુ બાલ્કન દેશોમાં જર્મન પ્રવૃત્તિ ખતરનાક બનતી હતી. જર્મનો ઉઘાડે છોગ ત્રિપક્ષી કરારોમાં ભળેલાં રૂમાનિયા, બલ્ગેરિયાને યુદ્ધના મોરચામાં ફેરવી નાખતા હતા. ઉત્તર આફ્રિકામાં પણ જર્મન ફોજોએ ઊતરી ઓચિંતું આક્રમણ કરી બેંગાઝી લઇ લીબિયા ઓળંગી ઇજીપ્ત તરફ ધસારો શરૂ કર્યો. પણ હિટલરે બાલ્કનમાંના પોતાના વિરાટ લશ્કરને ત્રણ બાજુથી યુગોસ્લાવિયા ઉપર ત્રાટકવાનો હુકમ આપી ગ્રીસ તરફ પણ એક ફોજ રવાના કરી. તુમુલ ઝડપી યુદ્ધ–માઉન્ટેડ બ્લીટ્ઝ–ને અન્તે યુગોસ્લાવિઆ અને ગ્રીસને જર્મન જનરલ ફૉન લિસ્ટના લશ્કરે મહાત કર્યા અને થોડી સામગ્રી સાથે આવેલા બ્રિટિશ લશ્કરને ગ્રીસમાંથી નિવૃત્ત થવું પડ્યું.

હિટલરનો હવે પછીનો દાવ પણ એક કોયડો છે. આટલાંટિકમાં પ્રચંડ દરિયાઈ યુદ્ધ આરંભી, અમેરિકાથી ઇંગ્લાંડ જતો લાખો ટનનો લશ્કરી અસબાબ તે દરિયાને તળિયે પહોંચાડી રહ્યો છે. બીજા સર્વ મોરચાઓ કરતાં ઉપયોગી અને બ્રિટનના વિજયની ચાવી રૂપ આટલાંટિકના યુદ્ધના મોરચાના આ હાલ દેખી અમેરિકા ચોંકી ઊઠયું છે. લોકશાહીને વિજયવંત બનાવવાનો મક્કમ નિશ્ચય દર્શાવતું ઐતિહાસિક કથન પ્રે. રૂઝવેલ્ટે થોડા દિવસ ઉપર જ વહેતું મૂકયું છે કે 'અમેરિકા લડાઇમાં ઊતરશે.' દૂર પૂર્વમાં જાપાન રશિયા સાથે બીનઆક્રમણના કરાર તાજેતરમાં કરી, પ્રચંડ લશ્કરો જમા કરી ઘા મારવા તૈયાર બેઠું છે. સિંગાપોર વગેરેમાં બ્રિટિશ લશ્કર પણ તૈયાર જ છે. અમેરિકા લડાઇમાં ઊતરે તો જાપાન પણ પાસિફિકમાં અમેરિકાને ઘા મારશે ? ફ્રાન્સની 'વીચી' સરકાર પરદેશમંત્રી દાર્લાની ખટપટથી જર્મની સાથે જોડાઇ મોરોક્કો, પશ્ચિમ આફ્રિકા વગેરેમાં જર્મનોને પેસવા દઇ ફ્રેન્ચ કાફલો વગેરે આપશે ? સ્પેન જર્મનોને જિબ્રાલ્ટર ઉપર તૂટી પડવા દેશે ? એકલું પડતું ટર્કી જર્મનોની શેહમાં દબાશે ! ઇરાકમાં જર્મનપક્ષી રીજન્ટ. રશીદ અલી ગિલાનીએ બ્રિટીશ વિરૂદ્ધ જગાડેલા. બળવાથી યુદ્ધની આગ કયાંકયાં પ્રસરશે ? વગેરે સવાલો અત્યારે જગતના મોંમાંથી નીકળ્યા કરે છે. જવાબ તો ભવિષ્ય જ આપશે. પણ એટલી તો અટકળ થઇ શકે કે જગદ્વ્યાપી દાવાનળ ફાટવાની ઘડીઓ ગણાય છે.

હિંદની સ્થિતિ અત્યારે સૌથી કમનસીબ છે. ગાંધીજીએ પોતાની હિંદની કારકીર્દિનું ત્રીજા વખતનું અહિંસક યુદ્ધ પોકાર્યું છે. પણ તે પ્રેમથી ભરપૂર છે. 'યુદ્ધ' શબ્દને લાયક નથી. પણ બ્રિટિશ સરકાર હિંદને સત્તા આપવાના અખાડા કરે છે. હિંદી વજીર ઍમરીનો છેલ્લો જવાબ નિરાશાજનક છે. મિ. ઝીણાનો તાજેતરનો પાકીસ્તાનનો પોકાર તથા હિંદનાં શહેરોમાં મોટા પાયા ઉપરનાં કોમી રમખાણો વગેરે જોતાં આપણા રાજકીય ભવિષ્યમાં તો અંધારપટ દેખાય છે. આપણે જૂના મધ્યયુગના અંધકારમાં ધકેલાઇ જઇશું કે શું એવી બીતિ કોઇ કલ્પનાપ્રધાન ચિત્તોમાં પેદા થાય તો નવાઇ નહિ. જો જીવનનાં મૂલ્યો સપાટાબંધ બદલાવાનાં જ હોય તો અત્યાર સુધીની આપણી જીવન જીવવાની ઢબ બદલી યુગધર્મ પ્રમાણે ખડતલ બની જીવનસંગ્રામ માટે તૈયાર બનવું જોઇએ. હિંદે આધુનિક સંસારસ્થિતિમાંથી તો આ જ બોધપાઠ લેવાનો છે.

દેવેન્દ્ર મજમુંદાર

એક ખેડૂત હતો. તેને ઘેર મજાનો તાજોમાજો એક બળદ હતો. બળદ ખાવાપીવામાં ભારે હોશિયાર, પણ કામ કરવા ટાણે તેને બેસી જવાની જ ટેવ. કોસે પાણી કાઢવા જોતરે કે બંદા બેસી જાય. ખેતરમાં હળે જોડે કે ભાઈ બેઠા જ છે! ગાડે જોડે તોપણ બેસી જાય. પછી ભલેને ખેડૂત તેને ગમે તેટલું મારે, પણ બળદભાઇ ઊઠે જ શેના? એવો એ લુચ્ચાનો સરદાર હતો. છેવટે કંટાળીને ખેડૂતે વિચાર કર્યો કે 'આ બળદ કોઇને સાટામાં દઇ દેવો. જરા બુદ્ધિ વાપરવી પડશે, પણ વાંધો નહિ.' આમ વિચારી, બળદ લઇને સાટું કરવા એ બહારગામ જવા ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં એક ગામ આવ્યું ત્યાં એ ગયો.

ગામમાં એક ખેડૂતને ઘેર એક ભેંશ હતી. મજાની સાજીતાજી, ખાધેપીધે પૂરી, પણ તેને કોઈ દોવા બેસે એટલે તેના કપાળમાં ભેંશ લાત માર્યા વિના ન રહે. કોઇને દોવાં દે જ નહિ ને! ખેડૂત તેના પગ બાંધીને દોવા બેસે તો બેસી પડે. પગ બાંધ્યા વિના દોવા બેસે તો પગની લાતો મારે. ગમે તેમ કરે, તો પણ ભેંશ દોવા જ ન દે. ખેડૂતે વિચાર કર્યો કે હવે તો આ ભેંશથી થાક્યા. કાં તો કોઇને વેચી મારીએ અને નહિ તો તેનું કોઇની સાથે સાટું કરીએ.

તેણે સાંભળ્યું કે બહારગામથી આજે કોઇ ખેડૂત પોતાના બળદનું સાટું કરવા આવ્યો છે. બળદ તાજેમાજે, જુવાન. દેખાવડો ને મજાનો છે.

આ વાત સાંભળી આ ખેડૂતના મનમાં આનંદ થયો. તેણે વિચાર્યું: 'ચાલો. આપણું કામ પાક્યું.'

તેણે પેલા બહારગામના ખેડૂતને પોતાને ઘેર બોલાવ્યો. શીરામણ કરાવ્યાં. હોકા ભરીને પીવા બેઠા. ત્યાં તેણે વાત કાઢી: 'કાં! તમારા બળદ અને મારી ભેંશનાં સાટાં કરશું ને?'

પહેલો ખેડૂત હાવકું માં રાખીને કહે: 'હા. હા; એટલે તો આટલો પંથ કરીને આવ્યો છું.'

બીજો ખેડૂત બોલ્યો: 'એમ! તો આપણી પણ ક્યાં ના છે?'

બીજો ખેડૂત કહે: 'પણ તમારા બળદમાં કંઈ ખોડ તો નથી ને?'

પહેલો ખેડૂત કહે: 'આ ઊભો, જોઈ લ્યોને? વળી પાછળથી તમે કહો કે મને ખરાબ બળદ દીધો! કેવો મજાનો બળદ છે! મારે ઊઠીને મારા બળદનાં શાં વખાણ કરવાં? પણ તેને એક ટેવ છે, કે તમે એને છાંયામાં કામ કરાવશો તો તે બેસી જશે. આ સિવાય બળદ લાખ રૂપિયાનો છે. તમારી ભેંશમાં તો કાંઇ વાંધો નથી ને?'

બીજો ખેડૂત કહે: 'જોઈ લ્યો. આ હાથણી જેવી તમારી નજર સામે બાંધી. તેના આઉમાં મણ એક તો દૂધ છે! બિલકુલ કુટેવ વિનાની છે બિચારી. પણ તેને એક નાનકડી ટેવ છે. તે એ કે તમારે એની મશ્કરી ન કરવી. નહિ તો ભેંશ કોઇની નહિ રહે.'

પહેલો ખેડૂત બોલ્યો: 'અરે, ભલા માણસ! એવું તે હોય? ભેંશની તે કોઈ મશ્કરી કરતું હશે!'

બીજો ખેડૂત બોલ્યો: 'ત્યારે સુખેથી મારી ભેંશ લઈ જઇને મોજ કરો.'

સોદો પતી ગયો. બળદ અને ભેંશનાં સાટાં પાંચ માણસ વચ્ચે થઈ ગયાં. બળદનો ધણી બળદ આપી ભેંશ લઇને પોતાને ગામ ચાલ્યો ગયો.

વાવણીનો વખત હતો. ખેતરમાં વાવણી શરૂ થઈ હતી. એટલે તે જ દિવસે બપોરે બીજા ખેડૂતે બળદને વાવણીમાં જોડ્યો. ધોંસરું બળદને કાંધે નાખ્યું કે બળદ ટપ દઈને નીચે બેસી ગયો. ઊભા રહે એ બીજા! તો બાદસાહેબ ચાલે તો શેના જ! ખેડૂતે તેને હોકારા કર્યા, પડકારા કર્યા, માર્યો અને ખૂબ મહેનત કરી. પણ બળદ ઊઠ્યો નહિ અને કામ થયું નહિ. ખેડૂત મનમાં ગણગણ્યો: 'મારે વા'લે મને છેતરી માર્યો. જવા દે બળદ લઈ ને તેને ઘેર. આવા બાળી નાખે તેવા તડકામાં પણ તે ચાલતો નથી. એ બળદને છાંયા

ઠગને ઘેર ઠગ



નો આપ્યો નથી. હવે શું થાય!'

વિચાર કરીને બીજો ખેડૂત પહેલા ખેડૂતને ગામ ગયો અને તેણે બળદ ન ચાલવાની વાત કરી.

પહેલો ખેડૂત કહે: 'પણ તમે તેના ઉપર છાંયો કર્યો હશે.'

બીજો ખેડૂત કહે. 'છાંયો શું કરે મારૂં કપાળ? ખેતર વચ્ચે ક્યાંય ઝાડનું તો નામ નથી. વળી તડકો આપણને સળગાવી દે તેવો આકરો છે. છાંયો કેવો અને વાત કેવી! ભલા માણસ, તમે તો મને છેતર્યો!'

પહેલો ખેડૂત કહે: 'પણ ભાઈ, એમ આકરા ન થાવ. માંડીને વાત કહો. તમે બળદને કેવી રીતે કામે જોતર્યો?'

બીજો ખેડૂત કહે: 'ભાઈ, કંઈ બળદને કામે જોતરવાની કોઈ નવી રીત મેં નથી શોધી. દુનિયા આખી જેમ કરે છે તેમ જ મેં કર્યું છે. જેવું મેં બળદને કાંધે ધોંસરું નાખ્યું તેવા જ ભાઈ ટપ દઈને બેસી ગયા.

તરત પેલો ખેડૂત વચ્ચે જ બોલી ઊઠ્યો: 'જુઓ, ત્યાં જ તમારી મોટી ભૂલ થઈ. તમે તેની કાંધ ઉપર ધોંસરું નાખો એટલે તેને ધોંસરાનો છાંયો તો થાય જ ને? પછી તો તે બંદો શેનો ચાલે!'

બીજો ખેડૂત કહે: 'પણ ધોંસરું મૂક્યા વિના તો કામ કેમ થાય!'

પહેલો ખેડૂત કહે: 'એ તો ખૂબી છે.'

બીજો ખેડૂત મૂંગોમૂંગો પોતાને ગામ ચાલ્યો ગયો અને મનમાં ગણગણતો ગયો: 'ઠીક છે ભાઈ [illegible] તેં મને છેતર્યો છે, પણ તું યે ભેંશમાં ખાટી [illegible]

તે જ દિવસે સાંજે જ્યાં પહેલો ખેડૂત ભેંશને દોવા બેઠો, ત્યાં તો ભેંશે ફૂ દઈને જે પાટુ મારી કે દૂધ દોવાનું વાસણ ગયું ગાજતું! ભેંશને ડચકારો કરે, પંપાળે, બાપો બાપો કરે, ખાણ ખવડાવે, લીલું ઘાસ નીરે, ત્યારે ભેંશ થાઈ શાંત. એને નીરે તે બધું ખાઈ જાય. પણ દોવાની વાત ખોટી!

પહેલો ખેડૂત તો મનમાં ને મનમાં બળી ઊઠ્યો: 'મારે વા'લીડે, ભેંશ વળગાડીને? જાવા દે તેને ઘેર.'

ઘા નાખતો તે પહોંચ્યો બીજા ખેડૂતને ઘેર અને ભેંશને દોવાની બધી વાત કરી.

એટલે બીજો ખેડૂત બોલ્યો: 'અરરર! તમે એ શું કર્યું! ભેંશને દોવાની તમે મશ્કરી કરી? ભેંશનું દૂધ તો તેની પાડીને પીવા માટે ભગવાને કર્યું છે. અને તમે ભેંશને દોવાની મોટી મશ્કરી કરો, તેમાં કોનો વાંક? પછી એ બિચારી પાટુ ન મારે તો શું તમને ચાટે?'

થોડી વાર બંને ખેડૂત ચૂપ બેસી રહ્યા. પછી પહેલો ખેડૂત બોલ્યો: 'તમે તો પક્કા ઠગ નીકળ્યા!'

એ સાંભળી બીજો ખેડૂત બોલી ઊઠ્યો: 'અને તમે? દોઢ ઠગ, ખરૂં ને?'

મનમાં ને મનમાં સમસમી રહી બંને છૂટા પડ્યા.

ગુલાબસિંહ બારોટ

પંચતંત્રની વાર્તાઓ

(અંક ૨૦૭ના પૃ. ૧૧૪ને અનુસંધાને આગળ)

બ્રાહ્મણના આ વચનથી બ્રાહ્મણી પલળી ને બોલી, 'તો ઠીક. આપણા ઘરમાં થોડા તલ ને ચોખા છે તે ખાંડી ને દૂધમાં પકવી બ્રાહ્મણને કૃશર જમાડીશ. એટલે તમે પરોઢિયે ઊઠી સમિધ તથા કુશ લેવા જાઓ અને હું તથા આ શિષ્ય કામન્દકી ત્રણ બ્રાહ્મણની રસોઈ કરશું.' એટલે તેણે પ્રભાતે તલ ખાંડ્યા. અને કામન્દકીને એનું ધ્યાન રાખવાનું કહીને તડકે સૂકવ્યા. બ્રાહ્મણી ઘરકામમાં વ્યગ્ર હતી, અને કામન્દકીનું બીજે ધ્યાન હતું ત્યાં એક કૂતરે તલમાં મોઢું નાખીને તે અભડાવી દીધા.

એ જોઈને બ્રાહ્મણી કહે, 'કામન્દકી, આ તો ઠીક ન થયું, બ્રાહ્મણતર્પણમાં વિઘ્ન આવ્યું. તો પણ ઝટ જા અને આ તલને સાટે કાળા તલ લઈ આવ. દૂધપાક ભલે કાળો થાય.' એટલે જે ઘેર હું ભિક્ષા માગતો હતો ત્યાં કામન્દકી તલનાં સાટાંપાટાં કરવા આવ્યો. તેમાં સ્ત્રી તો કાળા સાટે ધોળા તલ સાંધામાં લેવા તૈયાર થઈ ગઈ, પણ ગૃહપતિએ હસીને કહ્યું, 'આમાં કાંઈક કારણ હશે.' એટલે હું કહું છું: શાંડિલીમાતા ઇત્યાદિ.

આ આખ્યાન કહીને બાવો બોલ્યો, 'ચૂડાકર્ણ, આ ઊંદર આટલું બળ કરીને ભિક્ષા ખાઈ જાય છે

એનું કાંઇક કારણ હશે. એની આગળ બહુ ધન હશે. તમારી આગળ કોદાળો છે કે?' 'આ રહી,' એમ કરીને ચૂડાકર્ણે કોદાળી આણી. એટલે મહોદરે મારો સંચરણમાર્ગ જાણી લઈ ને મારું બોણુ ખોદી નાખ્યું, અને મારું ચિરસંચિત સોનું ઉપાડી જઈને બેય જણે અર્ધું અર્ધું વહેંચી લીધું. પછી મહોદર બોલ્યો, 'ચૂડાકર્ણ, હવે તું નીરાંતે સૂઈ રહેજે. આ ધનને પ્રતાપે ઊંદર તને જાગરણ કરાવતો હતો.' ધનનાશ થયો, એટલે કેમે કરીને મારા મનને શાન્તિ ન થાય. મૂળથી જ માણસ નિર્ધન હોય તો તેને, ધન પામીને એને ખોનાર સુખોચિત માણસ જેટલું દુઃખ ન થાય. કહ્યું છે, કે

સૂનું અપુત્રઘર છે સૂનું હૃદય જ મિત્ર નહિ જેને।
દિશા મૂર્ખની સૂની સઘળું સૂનું દરિદ્રોને॥પૂ૦ ૨-૮૦॥

મુઉં અશ્રોત્રિયશ્રાદ્ધ મુઓ નિર્ધન પૂરુષ।
નિ. સા. ૨-૧૦૧॥

મારી સેવાથી હવે લાભ નથી પણ વિપત્તિ જ છે એમ જાણીને પુષ્પરહિત તરુવરને ભમરા છોડે અને નિર્જલ સરોવરને હંસ વર્જે તેમ મારા સેવકોએ મને ત્યજ્યો. મને થયું કે મારા જેવા વિત્તવિહીને હવે વનવાસ જ કરવો ઘટે. કારણ કહ્યું છે, કે

લાજે બાન્ધવ તેનાથી સંબન્ધ પણ ગોપવે।
મિત્રો અમિત્રતાચારી જેને નહિ કપર્દક॥
નિ. સા. ૨-૧૦૫॥

વસો માનાધિકો વાસ અપમાન ન સેવતા।
માનહીન સુરો સાથે વિમાન પણ વર્જજો॥
પૂ. ૨-૮૨॥

માગવું અને મરવું સમાન છે; કેમ કે

તૃણથી હળવું રૂ છે રૂથીયે લઘુ યાચક।
વાયુએ ન ઉપાડ્યો કાં મારી આગળ માગશે॥
કંઠે ગદ્ગદતા સ્વેદ મુખે વૈવર્ણ્ય વેપથુ।
મરનારતણાં ચિહ્ન જે છે તે માગનારનાં॥
તન્ત્રાખ્યાયિક ૨-૧૫॥

પણ મારું ધન પાછું લેવાનો પ્રયત્ન કરી જોઉં. એમ કરતાં મરું તો ય ઠીક છે:

ગાયઅર્થે બ્રાહ્મણાર્થે સ્ત્રીવિત્તહરણે તથા।
ત્યજે છે પ્રાણ જે યુદ્ધે એના લોક સનાતન॥૧૯૧॥

એમ કરીને મહોદરના ઓશીકા આગળ ધનપેટી હતી તેમાં મેં છિદ્ર કર્યું, ત્યાં કૃતપસ્વી જાગ્યો ને મને માથા ઉપર એવો વાંસડો માર્યો કે મારું આયુષ્ય હજી શેષ રહ્યું હશે એટલે જ હું મરી ન ગયો, પણ મારો ધનમોહ છૂટી ગયો. કહ્યું છે, કે

વનમાં શાક ઊભાં છે નદીઓ વિમલોદકી।
ચન્દ્ર સામાન્ય દીવો આ ધનનું શું પ્રયોજન॥
તન્ત્રાખ્યાયિક ૨-૮૪॥

સર્વ સંપત્તિઓ તેની જેનું સંતુષ્ટ માનસ।
ઉપાનહ્ગૂઢપાદોને પૃથિવી ચામડે મઢી॥પૂ.૨-૯૭॥

જ્ઞાન જ ચક્ષુ ન નયનો
શીલ જ સુકુલીનતા ન કુલજન્મ।
સંતોષ એ સમૃદ્ધિ
પાંડિત્ય જ અકાર્યવિનિવૃત્તિ॥પૂ-૨-૯૧॥

સપ્તદ્વીપાધિપતિને જો તૃષ્ણા વળગેલ છે।
દરિદ્ર જાણવો એને સંતુષ્ટ પરમેશ્વર॥પૂ૦૨-૧૩૦॥

અને પછી લઘુપતનક ભેળો તમારે શરણે આવ્યો.'

હિરણ્યકની વીતકકથા સાંભળીને મન્થરકે એને આશ્વાસન આપ્યું, કે 'ભદ્ર, સ્વદેશપરિત્યાગ તમે કર્યો છે, એટલે સંતાપ ન કરતા. તમે સુજ્ઞ છો, એટલે મુંઝાવું નહિ.

શાસ્ત્રો ભણે તો પણ હોય મૂર્ખ
જે છે ક્રિયાવાન્ નર તે જ વિદ્વાન્।
સુચિંતવ્યાં ઔષધ આતુરોને
ન નામમાત્રે જ કરે અરોગ॥તન્ત્રાખ્યાયિક ૨ ૮૮॥

ફલો કતકવૃક્ષોનાં જો કે અંબુપ્રસાદક।
નામ લીધાથકી તેનું નહિ વારિપ્રસન્નતા॥૮૯॥

દેશ છોડી ફરે છે જો સિંહ સત્પુરુષો ગજ।
મરી જાય જ ત્યાં ને ત્યાં કાગ કાપુરુષો મૃગ॥
દક્ષિણી ૨-૫૩॥

અને ધન ગયું તો શું થઈ ગયું? તમારામાં પ્રજ્ઞા ને ઉત્સાહ છે ત્યાં લગી ચિન્તા કેવી! ઉદ્યોગીને મેરુ અતિઉચ્ચ નથી, રસાતલ અતિનીચું નથી અને મહોદધિ અપાર નથી. અહિં આ તમારું ઘર જ છે એટલે આવો. પીઓ ને મોજ કરો.'

દેસાઇ વાલજી ગોવિન્દજી

શિક્ષક:— જ્યારે હું વર્ગમાં દાખલ થયો ત્યારે તમે પ્રવીણને શું કહેતા હતા?

રમણ:— કંઇ નહિ, સાહેબ.

શિક્ષક:— પણ મેં મારી સગી આંખોએ તમને વાત કરતા જોયા છે.

રમણ:— ખરું છે સાહેબ; તેણે મને પોતાની બેન માટે શું આપશો એમ પૂછ્યું હતું. અને મેં એને કહ્યું હતું— 'કંઇ નહિ.'

એનું નામ તે સાધુ

મુકદનની મેડિકલ કૉલેજનો એક ભાગ ચીના લોકોએ પોતે આર્થર જૅક્સન નામે અંગ્રેજ મિશનરી ડાક્ટરના સ્મારક દાખલ ચણાવ્યો છે.

જૅક્સન જેટલો વર્ગમાં એટલો જ ફુટબૉલના પટ ઉપર પ્રખ્યાત હતો, અને નાનાથી જ એણે ભગવત્સેવાનાં વ્રત લીધાં હતાં.

અભ્યાસ પૂરો કરીને જૅક્સન ચીન ગયો. ચીનની માટી એના બત્રીશલક્ષણા શરીરને પોતામાં ભેળવીને પવિત્ર બનવા પોકાર કરતી હતી, એટલે એ ચીન ગયો તે ગયો જ; ફરીને એણે બ્રિટનમાં પગ ન મૂક્યો.

પચીસ વર્ષનો જૅક્સન ૧૯૧૦ના અન્તભાગમાં ચીન પહોંચ્યો અને ૧૯૧૧માં મુકદન નગરમાં મરકી ફાટી નિકળી. મુકદન રેલ્વેનું મોટું મથક છે, ત્યાં જ મરકીને રોકી રાખવાની હતી; નહિ તો તે પેકિંગમાં તથા બીજે ફેલાય એમ હતું.

મરકી સામે ઝૂઝવાનું મુખ્ય ક્ષેત્ર રેલ્વે સ્ટેશન હતું, અને સ્ટેશન ઉપર જ સેવા કરવાનું જૅક્સને પોતાને માથે લીધું. બીક શું હોય તે એ જાણતો જ નહિ, કારણ જ્યાં પ્રીતિની આણ વર્તે છે ત્યાંથી ભીતિ ભાગી જાય છે.

મરકીથી મરણ પામેલા માણસો જોડે રહેલા ૪૦૦ મજૂરોને જૅક્સને સંભાળવાના હતા. મધ્યશીઆળો હતો; કડકડતી ટાઢ પડતી હતી. જૅક્સને ચીનાઈ વીશીઓનો કબજો લીધો અને આ લોકોને ત્યાં રાખ્યા. પહેલી જ રાતે તેમાંથી બે જણનાં મરણ થયાં. એક રેલના ડબામાં જૅક્સને દવાખાનું કર્યું હતું, અને સૂવાનું સ્ટેશન ઉપર જ રાખ્યું હતું. પહેલું અઠવાડિયું પૂરું થયું ત્યાં તો ૭૦ મરણાં થઈ ગયાં. દર્દીઓ સારુ જૅક્સન બને તે કરી છૂટતો; તેમની વેદના કેમ ઓછી કરવી એના જ એને વિચાર આવતા. એના પ્રેમપ્રસન્ન મુખને જોતાં જોતાં કંઈક ગરીબ ચીનાએ દેહ છોડ્યો. જૅક્સનના મનમાં ઉલ્લાસ માતો નહોતો, એના સમાગમમાં આવનારામાં એ આશાનો સંચાર કરતો, અને આવો અપૂર્વ અવસર વિરલાને જ મળે છે એમ એ કહેતો.

જૅક્સનની યોજનાથી વીશીઓ કરતાં વધારે સારી તથા વિશાળ જગ્યા દર્દીઓને રાખવા સારુ મળી, પણ મરકી સામેના યુદ્ધમાં વધુ ભાગ એ ન લઈ શક્યો; કારણ એ સાવધાન તો બહુ રહેતો, તોપણ એક દિવસે સવારે એને મરકી થઈ, અને સન્ધ્યાકાળે સૂર્યાસ્ત ભેળો એના જીવનનો પણ અસ્ત થયો. ચીનને એણે હજી પૂરા ત્રણ માસ પણ નહોતા આપ્યા; પણ જુગ ને જુગ ધૂંધવાવા કરતાં એક ક્ષણ જ જાજ્વલ્યમાન તથા પ્રતાપી બનવું એ વધારે સારું.

જૅક્સન જેવા તરુણોના સ્વેચ્છામરણના અનુસંધાનમાં ૧૯૧૪–૧૮ના વિશ્વવિગ્રહમાં કામ આવેલા જુવાન ડાક્ટર રિચર્ડ ડેનીસ(Dennys)ની માએ ઉતારેલી એક કવિતા મનનીય છે:

Better far to pass away
While the limbs are strong and young,
Ere the ending of the day,
Ere Youth's lusty song be sung.
Hot blood pulsing through the veins,
Youth's high hope a burning fire,
Young men needs must break the chains
That hold them from their heart's desire.

Come when it may, the stern decree
For me to leave the cheery throng,
And quit the sturdy company
Of brothers that I work among.
No need for me to look askance,
Since no regret my prospect mars.
My day was happy—and perchance
The coming night is full of stars.

'દેહલતા બળવાન્ તથા જુવાન હોય ત્યાં જ, દિવસ નગયો ન હોય ત્યાં જ, જુવાનીનું મદોન્મત્ત ગાયન ગવાઈ ન રહ્યું હોય ત્યાં જ શુભકામમાં ખપી જવું શ્રેયસ્કર છે. નાડીમાં તપેલું લોહી ધબકતું હોય, ને જુવાનીની આશા જાજ્વલ્યમાન હોય ત્યાં જ, જુવાનોએ પોતાના મનોરથની સિદ્ધિમાં આડી આવતી શૃંખલાને તોડવી જોઇએ.

'પ્રસન્નવદનવાળા ભાઇબંધોના હૃષ્ટપુષ્ટ સમાજમાંથી ઊઠવાની કઠોર આજ્ઞા જ્યારે આવવી હોય ત્યારે આવે, પણ તે વેળાએ મારે વિમુખ બનવાનું પ્રયોજન નથી, કેમ કે મારા મોઢા આગળ પથરાયેલા દૃશ્યમાં ક્યાંય શોકને સ્થાન નથી. મારો દિવસ સુખમય હતો—અને રાત આવશે તે પણ તારાભરી જ હશે.'

(આર્થર મીના અંગ્રેજી ઉપરથી) મ. દે. ?

દે. ના.

Our Friends Abroad — પરદેશી મિત્રોના પત્રો



'કુમાર'ના ઘણા વાચકો પરદેશી મિત્રોના સરસ પત્રો મેળવવા સફળ થયા છે અને તેમણે 'કુમાર'માં તે પત્રો પ્રસિદ્ધ કરવા મોકલીને 'કુમાર'નું ઋણ અદા કર્યું છે. એ પ્રમાણિક સદ્‌ભાવ ને વ્યવહાર માટે 'કુમાર' તે સૌનું આભારી બન્યું છે. હજી પણ કોઈ પોતા પર આવેલા પત્રો મોકલશે તો તેનો ક્રમશઃ ઉપયોગ કરવામાં આવશે. —તંત્રી

પત્ર મેળવનાર : કુમારી વસંત જેઠાભાઇ-મુંબાઈ

ઇથાકા (મિશિગન) યુ.એસ.એ.

પ્રિય બેન વસંત, માર્ચ ૧૮, ૧૯૩૯

થોડા સમય પહેલાં તમારો પત્ર મળ્યો ત્યારે હું તાજ્જુબ બની ગઇ અને આનંદ પામી. હું તો તુરત જવાબ લખવા બેસી ગઇ, પણ પત્ર પૂરો થઇ શક્યો નહિ; કારણ કે મારે ઘણું કામ રહે છે. મારાં બા અને તેમનાં બા બંને બહુ જ બીમાર છે. આથી જલદી પત્ર ન લખાયો તે માટે ક્ષમા કરશો. તમને પત્ર લખવાનો પ્રસંગ સાંપડ્યો છે તેથી હું કેટલી ખુશ થઇ છું એ તમને કહી નહિ સમજાય. હું માનું છું કે તમને મારૂં સરનામું 'કુમાર' માસિકમાંથી જ મળ્યું હશે. ખરૂં ને?

હું પંદર વર્ષની છું. પાંચ ફૂટ પાંચ ઇંચ ઊંચી છું અને મારૂં વજન ૧૧૨ રતલ છે. કેમ, તમારા જેવી જ ઊંચી ને જાડી જેવી ખરીને? મારા વાળ ઘેરા કથ્થાઇ છે અને આંખો ભૂરી છે.

મારાં ચાર ભાઇ અને એક બેન જીવતાં છે. મારી એક બીજી બેન વરસો પહેલાં મોટરના અકસ્માતમાં કચરાઇ મરી ગઇ હતી. બધાં ભાંડરમાં હું સૌથી મોટી છું. ઇથાકાની પબ્લિક હાઈસ્કૂલમાં હું ભણું છું અમારા (મિશિગન) પ્રાંતના પાટનગર લેંસિંગની પાસે ઇથાકા ગામમાં તે આવેલી છે. મારા પિતા ખેડૂત છે અને ગામની પૂર્વ તરફ બે માઇલ ઉપર અમારૂં ખેતર આવેલું છે.

હું શાળામાં જે વિષયોનો અભ્યાસ કરૂં છું તે આ પ્રમાણે છેઃ પ્રાચીન ઈતિહાસ, ભૂમિતિ; બીજા વર્ષમાં લૅટિન અને ઇંગ્લિશ. હું બારમી શ્રેણીમાં છું અને ઇતર ભાષાઓમાં રસ ધરાવું છું. મેં પૂરાં ચાર વર્ષ અભ્યાસ કરવો ધાર્યો છે. બે વર્ષ લૅટિન કરી બે વર્ષ ફ્રેંચ લઈશ. અમારી શાળામાં એટલું જ બને એમ છે.

મારા શોખમાં વાચવું, રેડીઓ સાંભળવો, શિયાળામાં બરફ પર સ્કેટિંગ કરવું, બાઇસિકલ ચલાવવી અને ઉનાળામાં બેઇઝ બૉલ રમવો એટલું છે. હવે હું કેટલોક પત્રવ્યવહાર વધારવા માગું છું અને એ વિચારથી મેં હવાઈ ટાપુમાં પત્ર લખ્યો હતો, પણ મને તે ભાઇનો જવાબ મળ્યો જ નથી. પોર્ટોરિકોમાં એક બેનપણીને હું લખવા ધારૂં છું.

તમે ટિકિટો ભેગી કરો છો? અહીં તે બહુ લોકપ્રિય નાદ બની ગએલ છે. તમને તેમાં રસ હોય તો થોડી મોકલી આપું. અને તમે મોકલશો તો તે પણ મને ગમશે.

તમારાં બીજાં કોઇ બેનપણી અમેરિકામાં પત્રવ્યવહાર કરવા માગતાં હોય તો મારી એક તેર વર્ષની બેન છે તે જવાબ આપશે.

તમે હવે જલદી પત્ર લખશો ને?

તમારી અમેરિકન બેનપણી

Betty M. Parling

કુમાર પ્રવાસ મંડળ

[આ મંડળ કુમાર કાર્યાલયથી તદ્દન સ્વતંત્ર પ્રવૃત્તિ છે. તેના પ્રચારકને ઉત્તેજન આપવાના હેતુથી જ આ નિવેદન અહીં પ્રકટ કરીએ છીએ. અમે તેમનો ઉત્કર્ષ ચાહીએ છીએ.—તંત્રી]

ગયાના આગલા અંકમાંની પ્રવાસમંડળવિષેની માહિતી દરખાસ્ત વાચકોએ જોઇ હશે. એ મંડળના ઉદ્દેશો નીચે મુજબ છે.

જેમાંથી સાહસિકતા અને ખડતલપણું જન્મે, જે પ્રકૃતિના સાન્નિધ્યમાં જીવતાં શીખવે અને શિક્ષણીય દૃષ્ટિએ જે ઉપયોગી જણાય, તેવા ઐતિહાસિક, ભૌગોલિક, પ્રાકૃતિક અને સામાજિક પ્રવાસો ખેડવા.

ઉપરોક્ત વિષયને અનુસરતું આવક સાહિત્ય પ્રકટ કરવું.

સોળ વર્ષની ઉપરના દરેક ભાઇ બહેન સભ્ય બની શકશે.

મંડળના સભ્યો એક ચોક્કસ આંકડો મળ્યા પછી અથવા નામ પ્રાપ્ત થયા પછી મંડળને બંધારણીય સ્વરૂપ આપતાં જે કંઈ સુધારાવધારા યોગ્ય જણાશે તે સ્વીકારાશે.

આટલાથી જ પ્રવાસના કાર્યપ્રદેશનો કે પ્રકારનો ખ્યાલ નહિ આવે. તે માટે એક દાખલો આપું. ભૌગોલિક પ્રવાસ લીધો. નર્મદાના કિનારા પકડ્યા. ગુજરાતમાં નર્મદાનું મુખ છે, એટલે મુખથી જ આગળ વધવું વધારે સુગમ પડે. મુખથી મૂળ સુધી જવાનું છે. તેમાંથી આટલી બાબતો જાણવા જેવી: કિનારે આવતાં શહેરો ને ગામો, ત્યાંની વસતિ, પેદાશ, જમીન, પશુપક્ષીઓ, પ્રાકૃતિક સંપત્તિ, રાજ્યોની હદ, લોકાભિરુચિ, કેળવણી, પ્રાદેશિક હકીકત વગેરે વિષે માહિતી મેળવવી અને સાંજે મુકામ કર્યા પછી બધું અભ્યાસપૂર્વક સૌએ પોતપોતાની દૃષ્ટિએ રજૂ કરી, સંમિલિત સૂચના તથા વિચારવિનિમય પછી એક નોંધ તૈયાર કરવી.

આ રીતે બીજા વિષયોના પ્રવાસોમાં પણ શોધન થાય.

(અનુસંધાન સામેના પાનાને છેડે)

સંસારનાં શહેરો

૨૧–એડન

બાબ–અલ–માંડબની સામુદ્રધુનિના નાકા ઉપર રાતા સમુદ્રનો મોરચો સાચવીને ઊભેલું, અને દેખીતીરીતે તો પૂર્વદેશો જોડેના વેપારી માર્ગનો વિસામો લાગતું દક્ષિણ અરબસ્તાનનું આ નાનકડું શહેર આ મહાયુદ્ધના સમયમાં સીંગાપોર ને જિબ્રાલ્ટર જેટલી જ દરિયાઇ અગત્ય ધરાવે છે, અને દેખાવ તથા ભૌગોલિક સ્થિતિએ જિબ્રાલ્ટરને તે ખૂબ મળતું આવે છે. પોતાની પશ્ચિમે અડગ ચોકિયાત જેવો પેરીમનો ટાપુ ધરાવતું એડન પોતાની બરોબર સન્મુખ આફ્રિકાને કાંઠે આવેલા જિબુટી બંદરની સામે તોળાએલું છે, અને હિંદુસ્તાનનું મુખદ્વાર સાચવની એની કિલ્લેબંધી હિંદ અને આફ્રિકા બંનેની ચોકી કરે છે.

બુઝાઇ ગએલા જ્વાળામુખીઓના પાંચ માઇલ વિસ્તારના ઉચ્ચ પ્રદેશ પર વસેલું એડન એ જ નામના નાનકડા પ્રાંતની રાજધાનીનું શહેર છે. એની વસતિ ૫૦૦માંથી વધીને આજે ૪૭૦૦૦ની થઇ છે, છતાં ત્યાં જઇને વસવાની કોઈ લાલચ થાય એવું નથી. જ્વાળામુખીના પહાડોની ઊંચી દુર્ભેદ્ય કરાડો ચોમેર ધરાવતા એ ભૂમિભાગમાં પાણીની અત્યંત તંગી છે, અને ત્યાં પડતા જૂજજૂજ વરસાદથી સરોવર જેવા ખાડાઓમાં જે કાંઇ થોડુંઘણું પાણી ભરાઇ રહે છે તે બહુ સારૂં ગણાતું નથી. અત્યંત ગરમીને કારણે હવામાન મેલેરિયાથી મુક્ત ને તંદુરસ્ત લેખાતું હોવા છતાં એ ગરમી જ ત્યાંના વસવાટની બાધક નીવડે છે.

આમ, બીજી બધી રીતે અનાકર્ષક હોવા છતાં પૂર્વદેશોના મુખદ્વાર જેવું આ નાનકડું શહેર લગભગ ૨૦૦૦ વર્ષ જૂનો ઇતિહાસ ધરાવે છે. ઈ.સ. પૂર્વે ૨૪માં રોમનોએ એનો કબજો લીધેલો. તે પછી ફરી પાછો ઈ. ૧૫૧૩માં આલ્ફોન્સો આલ્બુકર્કની સરદારી નીચે પોર્ટુગીઝોએ તેના પર હલ્લો કરેલો, પણ ફાવેલા નહિ. ઈ. ૧૫૩૮માં છેવટે તે તુર્કોને હાથ પડ્યું અને બાદશાહ સુલેમાને તેનો કિલ્લો બંધાવ્યો. પણ તુર્કો પાસેથી તે સાનાના સુલતાનની હકુમતમાં આવ્યું અને ૧૭૩૫ સુધી રહ્યું, જે પછી લાહેજનો શેખ તેનાથી છૂટો પડી તેનો સ્વતંત્ર સુલતાન થયો. પણ ત્યારથી એ પ્રાંત માટે ખૂબ ઝગડા ચાલ્યા કર્યા તે છેક ૧૮૩૯માં અંગ્રેજોએ તેને બ્રિટિશ હિંદ સાથે જોડી દીધું ત્યાં સુધી. ૧૯૩૭ સુધી તે એ રીતે હિંદી સરકારને તાબે રહ્યું. પણ તેની અગત્ય વિચારીને ૧૯૩૭માં તેને ક્રાઉન કૉલોની તરીકે સીધું ઇંગ્લંડના સંબંધમાં મૂકી દેવામાં આવ્યું છે.

છેક ઇ.સ.પૂર્વેથી યુરોપ ને એશિયા વચ્ચેના દરિયાઈ વેપારી માર્ગમાં અગત્યના મથક ગણાતા એડને સુએઝની નહેર થયા પછી અનેકગણું મહત્ત્વ પ્રાપ્ત કર્યું છે. કૉફી, દાણા, ખાંડ, કોલસા, તમાકુ, ચામડાં આદિ આયાતનિકાસ ઉપરાંત મીઠું ને તમાકુ એની વિશિષ્ટ પેદાશ છે. અને સ્ટીમરો માટે કોલસાનું મથક હોવા ઉપરાંત, ઉપર જણાવી તે ભૌગોલિક દૃષ્ટિએ લશ્કરી થાણાનું તથા વાયરલેસનું પણ મથક છે.



જેનેજેને આ વાત રૂચે, ગમે, તે પ્રવાસમંડળના સભ્ય બને. સભ્ય બનવા માટે હમણાં તો પોતાનું નામ, ઉમર, જાતિ, અભ્યાસ, ધંધો અને પૂરૂં સરનામું લખી મોકલવાં. સભ્યોનાં નામ આવી ગયા પછી એક નાનકડો પ્રવાસ ગોઠવીશું. તેમાં બધા મળી બંધારણ ઘડીશું. જેમ બને તેમ વહેલામાં વહેલાં નામો મળી જાય તો વધારે ઉપયોગી બને. ઉનાળાના સમયનો કંઇક લાભ લઇ શકાય. (C/o કુમાર કાર્યાલય-રાયપુર-અમદાવાદ) જીવરામ જોષી



માધુકરી

કાપેલાં નવપલ્લવે ફરી વધે વૃક્ષો જુઓ વેગથી,
નિત્યે ક્ષીણ થતો સુધાંશુ વધતો સંપૂર્ણ બિંબે પુનઃ,
કાળાં વાદળ ઘોર અંકિત બન્યાં આ હેમરેખા વડે,
શાને થાવ નિરાશ ? ઇશ્વરકૃપા સત્કર્મથી સાંપડે.

ડૉ. હોમી જે. ભાભા

વધુમાં વધુ શ્રમે ઓછામાં ઓછી કીર્તિ જો કોઇ ક્ષેત્રમાં મળતી હોય તો તે વિજ્ઞાનના. અનેક વિજ્ઞાનીઓ બુઝુર્ગીને આરે પહોંચ્યા છતાં પણ કીર્તિની યશકલગીથી વંચિત રહ્યા હોય છે, જ્યારે કેટલાકનું તો મરણોત્તર જ કીર્તિશ્રાદ્ધ થાય છે.

એવી એ કીર્તિવંચિત જમાતમાં બત્રીસ જ વર્ષની



વયે લંડનની રૉયલ સોસાઍટીના ફેલો ચૂંટાવાની ઈર્ષાપાત્ર કીર્તિ સંપાદન કરી લેનાર આપણા તરુણ પારસી વિજ્ઞાની શ્રી હોમી જે. ભાભા સ્વાભાવિક જ આપણી જિજ્ઞાસા અને પ્રેરણાના પાત્ર બની રહે છે. કલકત્તા યુનિવર્સિટીના આમંત્રણથી ઇ. ૧૯૪૦ના ડીસેમ્બરમાં એમણે દસ મૌલિક વ્યાખ્યાનો આપીને વિજ્ઞાનજગતમાં સંમાનિત સ્થાન પ્રાપ્ત કરેલું. એ વ્યાખ્યાનોમાં કણકેન્દ્રીય ભૌતિકશાસ્ત્ર (nuclear physics), પૃથ્વીના ચુંબકક્ષેત્રમાં વિદ્યુદણુઓની ગતિનો સ્ટામરનો સિદ્ધાંત, વૈશ્વપ્રસરણ વગેરે અનેક વિધિ બાબતોનો ઊહાપોહ કરી, લંડનની રૉયલ સોસાઍટીને એમણે મોકલાવેલા મેસનના સિદ્ધાંતની (theory of mesons–જે મેસન્સ અત્યાર પહેલાં ભારે વિદ્યુદણુના ખોટા નામે ઓળખાતા એની) પણ રસપ્રદ ચર્ચા કરેલી, અને એ સિદ્ધાંત પર તાજેતરમાં લંડનની રૉયલ સોસાઍટીએ પોતાની ફેલોશિપ શ્રી ભાભાને એનાયત કરી એમની યશસ્વી કારકીર્દિમાં ઓર કલગી કર્યો છે.

વૈશ્વકિરણ તથા તાત્ત્વિક અણુકણોની પ્રકૃતિ પર પ્રકાશ પાડનાર આ યુવાન ડા. હોમી જે. ભાભાનો જન્મ મુંબાઈમાં ઇ. ૧૯૦૯ના ઑક્ટોબરની ૩૦મી તારીખે થએલો. એમના પિતામહ વીસ વર્ષ સુધી મ્હૈસુર રાજ્યના ડિરેક્ટર ઑવ પબ્લિક ઇન્સ્ટ્રક્શન રહેલા અને એમના પિતા શ્રી જે. એચ. ભાભા બૅંગલોરની હિંદી વિજ્ઞાનસંસ્થામાં આજ પણ તાતા પ્રતિનિધિ તરીકે વિરાજે છે.

મુંબાઇમાં વિદ્યાર્થીજીવનની ઉજ્જ્વલ કારકીર્દિ પછી સત્તર વર્ષની વયે કૅમ્બ્રિજ જઈ પહેલા વર્ષમાં મૅથેમૅટિક્સ ટ્રાઈપૉસ ભાગ ૧, તથા ૧૯૩૦માં મિકૅનિકલ ટ્રાઈપૉસ ભાગ ૨ લઈ ને પહેલા વર્ગમાં આવ્યા. ઇ. ૧૯૨૯ના વૅકેશનમાં ફરી

મુકામે બ્રિટિશ થૉમ્પ્સન હ્યુસ્ટન વર્ક્સમાં એન્જિની-અરિંગ ઍપ્રેન્ટાઇસ તરીકે એમણે કામ કરેલું.

ઇ. ૧૯૩૦માં સ્નાતક થયા પછી ભાભાએ વિદ્યાર્થી-જીવનની શરૂઆતથી જ પોતાને જેનો સદાનો ચાહ રહેલો એ ગાણિતિક ભૌતિકશાસ્ત્રનો ગંભીર અભ્યાસ આદરવાનો નિર્ણય કર્યો અને પી. એ. એમ. ડિરાક તથા એન. એફ. મૉટ એ બે પ્રોફેસરો પાસે રહી એનો અભ્યાસ કર્યો. દરમિયાનમાં અનેક શિષ્યવૃત્તિઓ એમને મળતી રહેતી એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. ૧૯૩૨માં રાઉસ બૉલ પ્રવાસી અભ્યાસી તરીકે તેમની પસંદગી કરવામાં આવી અને એ વર્ષે ઝુરિચ મુકામે પ્રખ્યાત પ્રોફેસર ડબલ્યુ. પાઉલીના હાથ નીચે અને ઇ. ૧૯૩૩–૩૪માં રોમમાં પ્રોફેસર ઈ. ફર્મીના હાથ નીચે, યુટ્રેક્ટમાં પ્રોફેસર એચ. એ. ક્રૅમર્સના સહાયક તરીકે અને ૧૯૩૬–૩૭માં કોપનહાગનમાં પ્રોફેસર નીલ્સ બોરના હાથ નીચે એમણે કામ કર્યું.

અત્યાર પહેલાં ઈ. ૧૯૩૫માં આઇઝેક ન્યૂટન અભ્યાસ-વૃત્તિ તો એમણે મેળવી જ હતી, પરંતુ ઇ. ૧૯૩૭માં 'ગ્રેટ બ્રિટન ઑવ ધી એક્ઝીબીશન ઑવ ૧૮૫૧'ની પણ સીનિયર સ્ટુડન્ટશિપ એમણે પ્રાપ્ત કરી છે, જે પ્રાપ્તિ માટે ભાગ્યશાળી નીવડેલા એ પહેલા જ હિંદી છે.

ઈ. ૧૯૩૫થી ૧૯૩૯ સુધી જુદી જુદી વિદ્યાપીઠોમાં એ વ્યાખ્યાનો આપતા રહેલા ઈ. ૧૯૩૯માં રૉયલ સોસાયટીએ પણ પ્રો. બ્લૅકેટની માંચેસ્ટરમાંની સંસ્થામાં વૈશ્વકિરણ અંગેના સંશોધન માટે ગ્રૅાન્ટ ફંડમાંથી નાણાં આપી તેમને રોક્યા હતા પરંતુ ૧૯૩૯માં અહીં રજાઓ ગાળવા એ આવ્યા ત્યાં પાછળથી યુદ્ધ જાગતાં એ પાછા ઇંગ્લંડ ન ફરી શક્યા અને અત્યારે બૅંગલોરની હિંદી વિજ્ઞાનસંસ્થામાં પોતાનું સંશોધનકાર્ય આગળ ચલાવી રહ્યા છે.

આ ટૂંકા અહેવાલ પરથી પણ એટલું તો જણાઈ આવશે કે શ્રી ભાભા આજના વિજ્ઞાન જગતમાં પ્રથમ કક્ષાના પ્રકાશ-માન તમામ તારકોના નિકટના પરિચયમાં આવી ચૂક્યા છે અને સર્વત્ર એમનો પુરસ્કાર થયો છે; એટલું જ નહિ પણ કીર્તિમંદિરમાં યે એમનો આકસ્મિક પ્રવેશ નથી થયો પણ એકેક ઈંટ મૂકી એ મંદિરનું એમણે જાતે જ નિર્માણ કર્યું છે.

વિજ્ઞાન સિવાય એમનો અંગત શૉખ ચિત્રકળાનો છે, અને ચિત્રો આલેખવા ઉપરાંત રંગભૂમિનાં નેપથ્યવિધાન અને સુશોભનો પણ એમણે ઘણાં કર્યાં છે. —અશોક હર્ષ

વસ્તીગણતરીનો ઇતિહાસ

વસ્તીગણતરી લગભગ માનવ સંસ્કૃતિ જેટલી જ પ્રાચીન છે. બૅબિલોનમાં ઈ.સ. પૂર્વે ૨,૦૦૦માં નિયમિત વસ્તી-ગણતરી કરવામાં આવતી હતી. એ ગણતરી માત્ર વસ્તીની જ નહિ, પરંતુ ખેતીવાડીના ઉત્પન્નની તથા જનાવરોની પણ કરવામાં આવતી.

પ્રાચીન ઇરાનમાં દરેક પ્રાંતમાંથી કેટલી ખંડણી લેવી તે નક્કી કરવા વસ્તીગણતરી થતી. ચીનમાં પણ પ્રાચીન કાળમાં કર માટે વસ્તીગણતરી કરવામાં આવતી. અને પુરા-તન ઇજિપ્તમાં તો દરેક વ્યક્તિનો ધંધો શોધી કાઢવા માટે ગણતરી કરવામાં આવતી, કે જેથી 'નીતિની દેખરેખને મદદ મળે તથા જીવનનિર્વાહનાં હલકાં સાધનોને પ્રોત્સાહન ન મળે.'

પણ વસ્તીગણતરીને નિયમિત રૂપમાં તો સૌપહેલી ઈ.સ. પૂર્વે ૫૭૮માં રોમમાં સર્વસ ટુલિયસે શરૂ કરી. તેણે એવો કાયદો પસાર કર્યો કે દર પાંચ વર્ષે એક વખત ઇટલીની વસ્તીગણતરી દરેક વ્યક્તિની માલમિલકત સાથે થવી જોઇએ.

પ્રાચીન હિંદમાં ઈ.સ પૂર્વે લગભગ ૩૦૦માં ચંદ્રગુપ્તના સમયમાં વસ્તીગણતરીની નિયમિત પ્રથા હતી. મૌર્ય સામ્રા-જ્યમાં દરેક પુરુષ તથા સ્ત્રીનાં 'જ્ઞાતિ, ગોત્ર, નામ, ધંધો, આવક તથા ખર્ચની નોંધ થતી.

ઇંગ્લંડના વિજેતા વિલિયમની 'ડૂમ્સડે બુક' વસ્તી ગણતરીના સીધા પરિણામરૂપ જ હતી. તેના અધિકારીઓએ ૧૦૮૬માં તે તૈયાર કરી તેમાં લોકો, તેમની માલમિલકત તથા પોતે જીતેલા ઇંગ્લંડના ભાગમાં તેમના ભોગવટાની જમીનની નોંધ કરવામાં આવી હતી.

અર્વાચીન વસ્તીગણતરી સૌપ્રથમ ફ્રેન્ચ સંસ્થાન 'ન્યુ ફ્રાન્સ' (અત્યારના કૅનેડા)માં ૧૬૬૫માં કરવામાં આવેલી. ગ્રેટબ્રિટનની વાર્ષિક વસ્તીગણતરી માટે જ્યારે ૧૭૫૩માં કાયદાનું બિલ દાખલ કરવામાં આવ્યું ત્યારે આખા દેશમાં વિરોધ જાગેલો. કેટલાકોએ તો એવી આગાહી કરી કે તેથી આખી પ્રજામાં કોઇ ઉપદ્રવ ફાટી નીકળશે! જોકે આમ સભામાંથી તે બિલ પસાર થયું, પણ અમીર સભામાં તે ઊડી ગયું! પછી છેક ઈ.સ. ૧૮૦૦માં વસ્તીગણતરી માટે પાર્લામેન્ટમાં બિલ લાવવામાં આવતાં તે કાયદા તરીકે પસાર થયું. તે પછીના વર્ષના માર્ચ મહિનામાં ઇંગ્લંડમાં પહેલી વસ્તીગણતરી કરવામાં આવી. તેમાં વ્યક્તિઓ, કુટુંબો તથા ઘરોની નોંધ કરવામાં આવી હતી. ૧૮૭૧માં વસ્તીગણતરીનો વિસ્તાર આખા બ્રિટિશસામ્રાજ્યમાં કરવામાં આવ્યો. તે પછી દર દસકે આખા સામ્રાજ્યમાં વસ્તીગણતરી કરવામાં આવે છે.

હિંદમાં પહેલી વસ્તીગણતરી ૧૮૮૧માં કરવામાં આવી હતી. નેપાલ તથા કાશ્મીર સિવાય તેમાં આખા હિંદનો સમાવેશ થયો હતો. ૧૮૮૧ પહેલાં ૧૮૫૩માં પણ હિંદમાં એકવાર અંગ્રેજોએ વસ્તીગણતરી કરેલી, પરંતુ તે માત્ર પ્રાંતિક સરકારોએ જ કરેલી.

અમેરિકામાં યુનાઇટેડ સ્ટેટ્સની ફેડરલ સરકાર ૧૭૯૦ થી શરૂ કરીને દર દસ વર્ષે વસ્તીગણતરી કરે છે. છેલ્લે ૧૯૪૦ના એપ્રિલમાં ૧,૨૦,૦૦૦ ગણતરીદારોએ વસ્તીગણતરી કરીને ત્યાંની વિગતવાર નોંધ તૈયાર કરી છે. એ દેશમાં વસ્તીગણતરીનું કામ બહુ વ્યાપક તથા ચોકસીદાર છે. પૃછ-

વાના પ્રશ્નોમાં તદ્દન અંગત બાબતોનો પણ સમાવેશ થાય છે. વૉશિંગ્ટનની સ્ત્રીઓએ તો એવા પ્રશ્નોના જવાબ આપવા કરતાં જેલમાં જવું વધારે પસંદ કર્યું હતું! તેમણે વાંધો લીધેલો એક પ્રશ્ન એવો હતો કે 'તમને કેટલાં બાળકો જન્મ્યાં છે?' પુરુષ તથા સ્ત્રીઓ-બંને-ને અણગમતો બીજો પ્રશ્ન એ હતો કે 'ગયા વર્ષમાં તમે કેટલા પૈસા કમાયા છો?'


શહેરીઓને અઢાર મુખ્ય પ્રશ્નો પૂછવામાં આવતા હતા. તેના જવાબ તેઓએ પંદર મિનિટમાં આપવા તેવી આશા રાખવામાં આવતી હતી! એક પ્રશ્ન 'અંગત વર્ણન'નો હતો, અને તેમાં પોતાની જાતિ અથવા રંગ જણાવવો પડતો હતો. યુનાઇટેડ સ્ટેટ્સમાં ઘણી જાતિઓનું મિશ્રણ હોવાથી આ પ્રશ્નના બત્રીસ વિભાગ પાડવામાં આવ્યા હતા.

ઘર સંબંધી પ્રશ્ન વધારે ગૂંચવાડાભરેલો હતો. આ સંબંધના એકવીસ પ્રશ્નોમાં ગણત્રીદાર પૂછતો કે 'ફરનિચર તમારો માલિકીનું છે કે ભાડે છે?' 'ઘર શેનું બનાવેલું છે? તેમાં સમારકામની જરૂર છે કે કેમ?' 'તેમાં રેડિયો સેટ છે કે કેમ? વગેરે. એ વસ્તીગણત્રીને અંગે યુનાઇટેડ સ્ટેટ્સને એક કરોડ ને ત્રીસ લાખ પૌંડનું ખર્ચ થયું છે.

—છોટાલાલ માનસિંગ કામદાર

વાંસ—જાપાનનું સર્વતોમુખી જીવનસાધન

જાપાનમાં વાંસ (બામ્બુ)નું સ્થાન એટલું વ્યાપક છે કે તેના વિનાનું જાપાનીઝ જીવન જ કલ્પવું મુશ્કેલ છે. આ ખડતલ વનસ્પતિના એટલા નાનાવિધ ઉપયોગ ત્યાંના જીવનમાં, ઘરવખરીમાં અને ખોરાકમાં થાય છે કે કુદરતની એ માનવજાતને અણમોલી બક્ષિશ બની રહી છે.



ગરીબ લોકોનાં ઘર તો જાણે આખાં ને આખાં જ વાંસનાં બનેલાં હોય છે. અને ત્યાંના વાંસ પણ કેટલી વિવિધ જાત તથા કદના! ઘરના થાંભલા બને તેટલા પહોળા વાંસ પણ ત્યાં થાય છે. ચીરેલા વાંસના અછોલા જમીનમાં ભોંયતળિયે બિછાવવામાં તથા છાપરામાં પીઢડી અને વળીઓની જગ્યાએ વપરાય છે. નાની ચીરીઓ અને છોઇઓને ગૂંથીને ઓરડાની દીવાલો બનાવાય છે.

પણ ઘરની જ વાત ક્યાં કરીએ? નીસરણીઓ બાંધવામાં, ખેતીવાડીનાં સાધનો બનાવવામાં, વાડો બનાવવામાં, વહાણના કુવાથંભ માટે અને નાનામોટા પુલ સુદ્ધાં બાંધવામાં પણ વાંસ જ વપરાય છે. વાંસની નાની પાતળી જાતમાંથી ભૂંગળીઓ, છત્રીના હાથા ને સળિયા, પીછીઓ અને કલમો, તેમજ દાબડીઓ, સાદડીઓ, પડદા, આદિ અનેક ઘરવખરીની નાનાવિધ ચીજો બનાવાય છે.

વાંસની છાલની પાતળી છોઈઓમાંથી ફર્નિચર, ટોપલીઓ વગેરે બને છે. તેના અંદરના ગર્ભને પલાળી, ગૂંદીને તેના માવામાંથી ઊંચી જાતના કાગળ બનાવાય છે. અને આ હજી અધૂરું હોય તેમ વાંસનો ઉપયોગ ખાવામાં પણ કરાય છે! તેની કૂણી કૂંપળો ફૂટતી હોય ત્યારે કાપી લઇ તેનું અથાણું કે કચુંબર કરવામાં આવે છે અને વાંસનાં બી ચોખાને બદલે ખોરાક તરીકે છૂટથી વપરાય છે. જાપાનમાં તો એક માન્યતા છે કે જ્યારે ચોખાનો પાક પૂરો નથી ઊતરતો ત્યારે કુદરતીરીતે જ વાંસનો પાક મબલખ પાકે ઊતરે છે અને આને ત્યાંની પ્રજા ઈશ્વરી કૃપા માને છે.

હીલિયમ

આ વાયુનું ઉદ્ભવસ્થાન અને શોધ રસાયણશાસ્ત્રના ઈતિહાસમાં સૌથી વધુ રસપ્રદ પ્રકરણોનો ઉમેરો કરે છે.

આ વાયુ પહેલો 'દેખાયો' નવ કરોડ માઈલ દૂર-સૂર્યની કિનારી પર. ૧૮૬૮ના સૂર્યગ્રહણ વખતે હિંદમાંથી વૈજ્ઞાનિકોએ પહેલી જ વાર સૂર્યના Chromosphere પર સ્પેક્ટ્રોસ્કોપ માંડ્યું, અને આ વાયુની નવી પીળી લીટી દેખાઇ. સોડિયમ ધાતુ પણ આવી જ પીળી લીટીઓ આપે છે, એટલે થોડા વખત તો એ સોડિયમ તરીકે રહ્યો. પણ ફ્રાન્કલેન્ડ અને લોકયરે તેને નવી ધાતુ તરીકે સાબિત કરી હીલિયમ નામ આપ્યું (Helios એટલે સૂર્ય). ત્યાર પછી, પૃથ્વી પર વાયુ છે એમ શોધ્યું સર રામ્સેએ. ૧૮૯૪માં સર રામ્સે અને લૉર્ડ રેલેએ વાતાવરણમાંથી આર્ગોન વાયુની શોધ કરી. અમેરિકાના ભૂસ્તરશાસ્ત્રી હિલ્લેબ્રાન્ડે કેટલાક પત્થરોને ગરમ કરવાથી એક વાયુ મેળવ્યો હતો. તેને તે નત્રવાયુ ધારતો હતો. રામ્સેને થયું કે આ વાયુ કદાચ આર્ગોન પણ હોય. તે વાયુ મંગાવી સ્પેક્ટ્રોસ્કોપની નળીમાં મૂકતાં કરી પેલી પીળી લીટી દેખાઇ. આ થઈ પૃથ્વી પરના હીલિયમની શોધ.

ત્યાર બાદ આ વાયુનું ઉદ્‌ભવસ્થાન, રેડિયોએકટીવ પદાર્થોની શોધમાં માદામ ક્યૂરી જેટલું જ નામ કાઢનાર સોડીએ શોધ્યું. ૧૯૦૩માં તેણે શોધી કાઢયું કે રેડિયમનું જ્યારે સીસામાં રૂપાંતર થઇ રહ્યું હોય છે ત્યારે આ વાયુનો ઉદ્‌ભવ થાય છે.

બાણું મૂળતત્ત્વોમાં આ હીલિયમ, આર્ગોન અને એવા બીજા ત્રણ વાયુઓના ગુણદોષ સૌથી વધારે વિચિત્ર છે. આ પાંચ વાયુઓને બાકીનાં બધાં મૂળતત્ત્વો પ્રત્યે વેર છે. અંદરઅંદર પણ એ 'લોકો' એકબીજા સાથે ભળતા નથી. જ્યારે બીજાં મૂળતત્ત્વો એકબીજાના સંયોગથી અસંખ્ય પદાર્થોના રૂપમાં માનવજાતને ઉપયોગી નીવડયાં છે ત્યારે આ પાંચ વાયુઓ અત્યાર સુધી આપણા કોઇ ઉપયોગમાં નહિ આવેલા. રસાયણશાસ્ત્રે તેઓને બીજાં તત્ત્વો સાથે સંબંધ બાંધવા ખૂબ લલચાવી, છેવટે લાચાર થઇ તેમને Inert Gasi's એવું નામ આપી પડતાં મૂકયાં; પણ આ Inert હોવાના ગુણને લીધે જ તેઓ અમુક ખાસ વપરાશમાં આવવા લાગ્યા છે હીલિયમનો એક ઉપયોગ ગઇ લડાઈમાં શરૂ થયો. હવાઇ યાનોમાં હાઈડ્રોજનને બદલે હીલિયમ ભરવાનું શરૂ થયું. આ વાયુ સળગી શકતો ન હોવાથી આ ઉપયોગે હવાઇ યાનના ક્ષેત્રમાં થતા અકસ્માતો ઘણા ઓછા કરી નાખ્યા છે. વાયુભરેલી કોથળીમાંના સૂક્ષ્મ કાણાંઓમાંથી હાઈડ્રોજન જે ઝડપથી નીકળી જાય છે તે કરતાં હીલિયમ અરધી જ ઝડપે નીકળી શકે છે.

દરેક વાયુને ઠંડો કરવાથી અને સાથે દબાણ આપવાથી તે પ્રવાહી થઈ જાય છે. આ પ્રવાહીને વધારે ઠંડું કરવાથી તે ઘન પદાર્થ થઇ જાય છે. હીલિયમ શોધાયા પછી વર્ષો સુધી તે પ્રવાહી થઇ શકયો નહિ ૧૯૦૮માં કિમરલીંગ ઓન્સે તેને પ્રવાહી બનાવ્યો. ગયા જ દાયકામાં તે ઘન પદાર્થ બની શકયો.

શીતોષ્ણતાના વિજ્ઞાનમાં તો હીલિયમે ઘણી ક્રાંતિ કરી છે. બરફની ઉષ્ણતા કરતાં પણ ૨૭૩°(નીચે)absolute Zero) શૂન્ય ગણવામાં આવે છે. આ શૂન્ય ઉષ્ણતાએ દરેક પદાર્થના વિશિષ્ટ ગુણદોષો નાશ પામે છે. આ શૂન્ય પર જઈ શકવાના પ્રયત્નોમાં હીલિયમે અગત્યનો ભાગ ભજવ્યો છે. બધા પદાર્થોમાં હીલિયમનું Melting point (ઘનમાંથી પ્રવાહી બની જવાની ઉષ્ણતા) સૌથી ઓછું છે.

—જયન્ત ચઢીઆ

અમેરિકાનું સાર્વભૌમ કલાકેન્દ્ર

ઈ. ૧૯૩૧ના ઉનાળાના એક દિવસે અમેરિકામાં વૉશિંગ્ટનના સેક્રેટરી ઑફ ટ્રેઝરી ઍન્ડ્રયુ મેલનના મુનીમનો ટેલીફોન રણકયો: 'સાહેબ માડ્રિડનો કૉલ છે.' સ્પેનમાં એ વખતે રહેતા એક અમેરિકન મિત્રે તે કર્યો હતો કે રાજા આલ્ફાન્ઝો ટમાના પદભ્રષ્ટ થવાથી એક અમીર કુટુંબ ગોયાનું પ્રખ્યાત ચિત્ર વેચવા માગે છે. મુલક બહાર મોકલવાની રજા સ્પૅનિશ સરકાર પાસેથી મળી શકશે; પણ મુશ્કેલી એક જ હતી કે જો તે દેશ બહાર કાઢવું હોય તો તે જ દિવસે તેને સ્ટીમર પર ચડાવી દેવું જોઈએ.

મિ. મેલને તે ચિત્ર જોયું હતું. તેને ખબર હતી કે ચિત્રકાર ગોયાની તે એક મહાન કૃતિ હતી. પૂરા આદમ કદમાં માર્કિવસા પોંતેનું તે એક અદ્‌ભુત પોર્ટ્રેટ હતું. એક કલાકમાં મિ. મેલને માડ્રિડને ટેલીફોન આપ્યો અને ખરીદી મંજૂર કરી. તેની કિંમત લગભગ છ આંકડાની થતી હતી!

આખો આટલાંટિક મહાસાગર પાર કરીને સ્પેન અને અમેરિકા વચ્ચે રણકી રહેલી એ ટેલિફોન સર્વિસ એક નોંધપાત્ર બીના બની. ગોયાની અમર કલાકૃતિ અમેરિકાની માલિકીમાં ગઇ.

ત્યાર પછી ૧૯૩૭ના માર્ચની ૨૪મીએ મિ. મેલને પોતાનો ખાનગી ચિત્રસંગ્રહ વૉશિંગ્ટનની નૅશનલ ગૅલેરીને અર્પણ કર્યો ત્યારે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટે તેને વધાવી લેતાં કહ્યું કે આવો સર્વોચ્ચ સંગ્રહ ભેટ આપીને મિ. મેલને પ્રજાને સંસ્કૃતિના પ્રથમ પદે ચડાવી છે. એ ચિત્રો લટકાવવાનું એક ખાસ મકાન વૉશિંગ્ટનમાં દોઢ કરોડ ડૉલરનું થશે.

૧૮૮૨માં મિ. મેલન ૨૭ વર્ષના અને તેના જાની મિત્ર હેન્રી કલે ૩૩ વર્ષના હતા ત્યારે તેઓ પિટ્સબર્ગમાં ઉદ્યોગના પગથિયે આગળ વધી રહ્યા હતા. એ વેળા એક લાંબી સહેલગાહ ભોગવવા બંને સાથે યૂરોપ ઊપડયા અને બધા દેશોની ઉત્તમ કલાકૃતિઓ ધરાઇધરાઇને જોઇ નાખી. તે વખતે તેમને વિચાર આવેલો કે આપણા દેશમાં આવી સુંદરતાનું દર્શન કરાવનાર કંઈક હોવું જોઈએ. એની ધગશમાં એક ચિત્ર ખરીદવામાં તેમણે હજાર ડૉલર ખરચી પણ નાખ્યા. પણ ઘેર પહોંચ્યા ત્યારે જાણકારોએ કહ્યું કે તેમાં ખાટયા નથી. 'કંઈ નહિ' કરી બંને તુરત કામ પર ચડી ગયા, પણ પોતાનું સ્વપ્ન સિદ્ધ કરવા ધીમેધીમે સરસ ચિત્રો ખરીદતા રહ્યા.

૧૯૧૯માં મિ. હેન્રી કલે ગુજરી ગયા. તેમણે પોતાનો કલાસંગ્રહ ન્યૂ યૉર્ક નગરને ભેટ કર્યો. તેમાં તો પછી ખૂબ વધારો કરી આજે સરસ ચિત્રાલય ઊભું કરવામાં આવ્યું છે.

મિ. મેલને દર વર્ષે પોતાની સમૃદ્ધિ વધારવા માંડી. તેમણે ખરીદવામાં બહુ પાકી નજર રાખી હતી. મોટા નામે પર કંઇ જ ખરીદવું નહિ, પણ ત્રણ સિદ્ધાંતો પૂરા પાડે એવી ચીજ લેવી: (૧) ચિત્રમાં અસાધારણ સૌંદર્યદર્શન હોવું જોઇએ; (૨) તેના કર્તાની તે સર્વોત્તમ કૃતિ હોવી જોઇએ, બીજા નંબરની ન ચાલે; (૩) અને તે કાળનો ઘસારો ખમી શકે એવી સારી હાલતમાં હોવી જોઇએ. આ કારણે તેમણે ચિત્રોની ખરીદી વખતે જરાયે મોડું પડવાહીધું નહોતું.

તેણે ખરીદેલું રાફેલનું આલ્બા મેડોના નામનું એક જ ચિત્ર દસ લાખ ડૉલરથી યે વધારે કિંમતી છે. તેણે ભેટ

કરેલાં ૨૧ ચિત્રો બધાં મળી ૬૦થી૭૦ લાખ ડૉલરનાં થાય છે. આ ચિત્રો આવ્યાં ત્યારે સ્ટીમરોમાં તેની આસપાસ ચોકીદારો ભરી બંદૂકે પહેરો ભરતા.

આ ચિત્રાલયના મકાનની જગ્યા મિ. મેલને પોતે જ પસંદ કરી અને લંડનના એલચી તરીકેની કામગરીમાંથી ફારક થયા બાદ યૂરોપ આખો ફરીને મકાનના સ્વરૂપનો ખ્યાલ તૈયાર કર્યો. કેટલા યે પ્રસિદ્ધ સ્થપતિઓ પાસે નકશા કરાવ્યા અને છેવટે વર્ષોજૂના મિત્ર જૉન રસેલ પોપને તે કામ સોંપ્યું. ચિત્રો પ્રજાને આપતાં સરકાર પાસે મિ. મેલને શરત મૂકી છે કે ચિત્રાલય પર પોતાનું નામ જોડાય, પણ તેને 'નૅશનલ ગૅલેરી ઑફ આર્ટ' કહેવું. ગમે તે પ્રજાજનને તે જોવાનો હક હોવો જોઇએ,—અલબત્ત જરૂરી નિયમો સાથે.

પરંતુ મિ. મેલન એ સંગ્રહ તેમાં ગોઠવાએલો જોવા પામ્યા નહિ. પોતાની ભાવનાનુસાર થએલું એ મકાન પૂરૂં થાય તે પહેલાં ૧૯૩૭માં તે ગુજરી ગયા. માત્ર એટલો સંતોષ કે તેમના જીવનનું મહાન સ્વપ્ન સ્વરૂપ પામ્યું હતું. મકાનના સર્જક મિ. જૉન રસલ પોપ પણ બીજે જ દિવસે ગુજરી ગયા. અમેરિકાનું પાટનગર આ ચિત્રસંગ્રહથી સાર્વભૌમ કલાકેન્દ્રનું ગાન પામ્યું છે. તેના ભોંતળમાં મોટું પ્રેક્ષકગૃહ છે. ત્યાં ચિત્રકલાના ઇતિહાસ પર સચિત્ર વ્યાખ્યાનમાળાઓ અપાય છે. બીજામાં મોટું કલાગ્રંથાલય છે અને અસંખ્ય કલાકૃતિઓના અસલ ફોટોગ્રાફોનો મોટો સંગ્રહ છે. એક માણસે નિર્ગર્વ થઇ પોતાના નામોલ્લેખ વગર આવો સંગ્રહ પ્રજાને ભેટ આપ્યો તેની અસરથી પ્રેરાઇ બીજા પણ સમૃદ્ધ સંગ્રાહકોએ તેમાં ફાળો આપવા ઉદારતા દાખવી છે. ન્યૂ યોર્કના સૅમ્યુઅલ ક્રેસ નામના ગૃહસ્થે ૭૫ અસલ ઇટાલિયન કલાકૃતિઓ ભેટ ધરી દીધી છે. તે પ્રથમ એક શાળાશિક્ષક હતા, પણ પછી સ્ટેશનરીની દુકાન કરી તેમાંથી વધારી ૨૪૦ સ્ટોરની આખી હાર એક કાંઠેથી બીજા કાંઠા સુધી નાખી. પોતાની એ સમૃદ્ધિનો ઉત્તમ ફાળો આ રીતે પ્રજાને આપી જીવન ધન્ય માન્યું.

(નૅશનલ જ્યૉ. મૅગેઝીન ઉપરથી)

વૃક્ષારોપણનો મહિમા

આ અંકને ૧૬૩મે પાને આપેલું 'વૃક્ષારોપણનો મહિમા' વાળું ચિત્ર એ વિષયનો ટૂંકામાં પણ સોંસરો ઊતરી જાય એવો ખ્યાલ આપે છે. જંગલોના દેશને કેટલા અગણિત ફાયદા છે ને ફરીફરીને પ્રજાની સમજમાં લાવવાની જરૂર છે. જંગલો વરસાદને ખેંચી લાવે છે; જંગલો પ્રજાને બળતણ પૂરૂં પાડે છે અને જમીનનો કોલસો બચાવે છે, જે રસાયણો અને ગૅસ બનાવવા કામ લાગે છે; જંગલો વર્ષાનાં પૂરને પી જાય છે અને તેને ખાળે છે. જંગલો ઢોરને માટે ચરાણ અને ઘાસચારો તથા ઇમારતો અને ફર્નિચરો માટે લાકડું પૂરૂં પાડે છે એ તો સર્વોવાદિત વાત છે. યુકેલિપ્ટસ, રબર અને વાંસનાં જંગલો દેશમાં હોય તો તેમાંથી મોટર, વીજળી, રસાયણો અને કાગળોની બનાવટનું ઉત્પન્ન મળે. કોઇપણ ગામની જમીનનો ૩૦મો ભાગ જંગલ માટે જો ફાજલ પાડવામાં આવે તો ત્રણ વર્ષમાં એ ગામને બળતણની ખોટ ન પડે એવું જંગલ બને અને આ બધું છતાં જંગલનો એક એકરનો ખર્ચ માત્ર રૂ. ૨૭ આવે.

તમે જાણો છો?

૧૧ સ્ટૅથમોગ્રાફ એ શું છે? . . રેલવે ટ્રેઇનની ગતિ માપવાનું યંત્ર.

૧૨ માણસના લોહીનું વજન કેટલું? . . જુદાજુદા માણસોનાં બંધારણ અનુસાર થોડોઘણો ફેર પડે છે, પણ સરેરાશ દરેક માણસના લોહીનું વજન તેના કુલ વજનનું ૧/૧૩ હોય છે.

૧૩ કલાકના ૧૦૦ માઈલની ગતિના વંટોળિયા પર હવાનું દબાણ કેટલું હોય છે? . . દર ચોરસ ફૂટે પચાસ પૌંડનું.

૧૪ દુનિયામાં સૌથી ઊંચે કયું સરોવર આવેલું છે? . . તિબેટનું આસ્કલચીન સરોવર ૧૬,૬૦૦ ફૂટ પર આવેલું છે. ત્યાર પછીના સ્થાને ૧૨,૫૦૦ ફૂટ પર આવેલું દક્ષિણ અમેરિકાનું સૌથી મોટું સરોવર ટીટીકાકા આવે.

૧૫ ઘોડો વધુમાં વધુ કેટલી ઝડપે દોડી શકે? . . એપ્સમનો ૧ માઈલ, ૪ ફર્લાંગ, ને ૨૯ વારનો ડર્બી કોર્સ એક શરતી ઘોડાએ ૨ મિનીટ, ૩૬ સેકન્ડમાં પૂરો કરેલો નોંધાયો છે.

વ્યાકરણના શિક્ષક: જે વસ્તુનો તમે વિચાર કરી શકો પણ તમે તેને અડકી શકો નહિ તે વસ્તુને ભાવવાચક નામ તરીકે ઓળખાવાય. સમજ્યા? હવે એવા એક નામનો દાખલો આપો જોઉં.

બટકબોલો છોકરો ગંભીરતાપૂર્વક બોલી ઊઠયો: લાલચોળ તપાવેલો લોઢાનો સળીઓ, સાહેબ!" (ત્રિ. હે)

〃

એક દોસ્ત: (મોટરથી જખમાએલા મિત્રને)-હજુ આ પાટો ક્યાં સુધી બાંધવો પડશે?

બીજો દોસ્ત: એ બાબતમાં બહુ મતભેદ છે.

પહેલો દોસ્ત: તે કેમ?

બીજો દોસ્ત: મારો દાક્તર કહે છે બે અઠવાડિયાં બાંધવો પડશે, અને મારો વકીલ કહે છે બે મહિના!

〃

સૉલીસીટર: 'તમે કહો છો તમે ભણેલા નથી. ને બધા જવાબ તો કોઈ ભણેલા માણસ જેવા ચબરાક આપો છો.'

'કોઈ પણ મૂર્ખ માણસને એવું જ લાગવાનું'.

〃

શિક્ષક: તમારા કરતાં નાના છોકરાને મારતાં તમને શરમ આવવી જોઇએ. જ્યારે તમે મોટા થશો ત્યારે તમે શું થવાની આશા રાખો છો?

મોહન: 'શિક્ષક, સાહેબ.

આ મહિનો (મે) ઇતિહાસમાં

તા. ૧ અંગ્રેજ નિબંધકાર જૉસેફ ઍડિસનનો જન્મ-ઇ. ૧૬૭૨.

તા. ૨ મૉના લિસાના ચિત્રક અને યુરોપની અસાધારણ વિભૂતિ લીઓનાર્દો દા વિન્ચીનો જન્મ-ઈ. ૧૪૫૨.

તા. ૩ કોલંબસે જમાઇકા ટાપુ શોધી કાઢ્યો-ઈ. ૧૪૯૪. એનું મૂળ નામ હતું: Xaymaca (ક્ઝાઇમાકા), જેનો અર્થ થાય પાણી અને લાકડાંની ભૂમિ.

તા. ૬ સમ્રાટ સાતમા એડવર્ડનું રાતના પોણા બારે અવસાન-ઇ.૧૯૧૦.

તા. ૧૦ બાબરે ઇબ્રાહીમ લોદીને પાણીપતમાં હરાવ્યો-ઇ. ૧૫૨૬.

તા. ૧૪ સાપેક્ષવાદના નવતર સિદ્ધાંતના જનક વિશ્વવિખ્યાત વિજ્ઞાની આઇન્સ્ટાઇનનો જન્મ-ઇ ૧૮૭૯.

તા. ૧૭ યુદ્ધવિરોધી મહાન ફ્રેન્ચ લેખક હાંરી બાર્બુસેનો જન્મ-ઈ.૧૮૭૧. એની સર્વોત્તમ કૃતિ Under Fire છે. ૧૯૩૫માં એ અવસાન પામ્યો.

તા. ૨૪ કોપરનીકસનું અવસાન -ઈ. ૧૫૪૩.

તા. ૨૫ અમેરિકન ફિલ્સૂફ, સાહિત્યકાર ને કવિ એમર્સનનો જન્મ-ઈ.૧૮૦૩.

આ માસની વિભૂતિ

કવિવર રવીન્દ્રનાથ ટાગોર



૧૮૬૧ના મેની ૬ઠ્ઠીએ કલકત્તામાં જન્મ. દાદા દ્વારકાનાથ ટાગોરે રાજા રામમોહનરાયને સામાજિક સુધારણા તથા બ્રહ્મોસમાજની સ્થાપનામાં સાથ આપ્યો હતો ને પિતા દેવેન્દ્રનાથ તો મહર્ષિજ કહેવાતા. માતા નાના મૂકીને ગુજરી ગએલાં. નિશાળોમાં એમને ગોઠતું નહિ; જીવનમાંથી જ એ બધું શીખ્યા. પિતા સાથે બોલપુર, અમૃતસર ને હિમાલયની સફરો કરી એ વખતે માત્ર પંદરની વયે કવિતાનો ઉદય થયો. મોટા ભાઇ જ્યોતિરીન્દ્ર 'ભારતી' માસિક કાઢતા તેમાં એ છપાતી. ૧૮૭૭માં ઇંગ્લંડ ગયા ને ત્યાંથી પાછા આવી ૧૮ની વયે એક નાટક લખ્યું જે ખૂબ લોકપ્રિય થયું. એજ અરસામાં 'સાંધ્યસંગીત' 'છવિ ઓ ગાન' વગેરે લખાયાં.

ચોવીસની વયે એમનાં ભાભી (જ્યોતિરીન્દ્રનાં પત્ની) ગુજરી જતાં એમના કુમારજીવનનો એ પ્રકાશ દૂર થયો. ચિત્ત વિષાદમાં ડૂબી ગયું. એમના બુદ્ધિવૈભવનો પહેલો યુગ ત્યારે બેઠો ને એમણે 'માનસી' બહાર પાડયું, જેમાં બીજી કોઇ ભાષાઓ પણ કદાચ હરીફાઈ ન કરી શકે તેવાં ઉત્તમોત્તમ કાવ્યો છે. ત્યાર પછી નાટ્યશ્રેણી શરૂ થઈ.

એની સાથોસાથ 'સાધના' માસિક જન્મ્યું જેનો મોટો ભાગ પોતે લખતા. ૧૮૯૫માં એ બંધ કરી રાજકીય ને શિક્ષણની પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું ને શાંતિનિકેતનની સ્થાપના કરી.

વીસમી સદીના આરંભકાળે એમણે નવલકથા લખવા માંડી, જેમાં 'ગોરા' ને 'નૌકા ડૂબી' એ પહેલો પ્રસાદ છે. ૧૯૦૬માં બંગભંગ ચળવળમાં એમણે ભાષણો ને દેશદાઝથી સળગતાં કાવ્યો લખ્યાં, પણ જેવા અચાનક પ્રવેશ્યા એવા જ છૂટા થઇ ગયા. તે પછી જે સાહિત્ય લખતા ગયા તેમાં ગીતાંજલિ પણ હતું. આ ગીતાંજલિએ જ એમની કવિકીર્તિને કળશ ચડાવ્યો.

૧૯૧૨માં તેઓ ઈંગ્લંડ ગયા ત્યારે ત્યાંના વિખ્યાત કલાકાર રૉથેન્સ્ટાઇનને મળ્યા. જેમણે કવિ યીટ્સ, સ્ટૅફર્ડ બ્રૂક ને બ્રાડલેના પરિચયમાં મૂક્યા. ગીતાંજલિ અંગ્રેજીમાં ઊતરી. ૧૯૧૩ના નવેંબરમાં તે માટે જગનામી નોબેલ પુરસ્કાર મળ્યો ને ટાગોરનો કવિઆત્મા ભારતીય મટી વિશ્વાત્મા બન્યો. સર્વત્ર માનસન્માન મળ્યાં. કલકત્તા યુનિવર્સિટીએ ડૉક્ટરની ને સરકારે નાઈટની ઉપાધિ આપી. પણ ૧૯૧૯માં જલિયાંવાલાના બનાવથી એમને એટલો સંક્ષોભ ઊપજ્યો કે વાઇસરૉયને કાગળ લખી નાઇટહૂડ પાછું સોંપ્યું.

૧૯૨૦માં એ પાંચમી વિદેશયાત્રાએ ઊપડયા. એ વેળા યુરોપ અને અમેરિકામાં મળેલા પ્રોત્સાહને એમને શાંતિનિકેતનમાં વિશ્વભારતીની સ્થાપના કરવાની પ્રેરણા આપી ને આગેવાન વિદ્વાનોનાં visiting professors તરીકે વચન મેળવી ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૩મીએ ડૉ. બ્રજેન્દ્રનાથ શીલના હાથે તેનું ઉદ્ઘાટન કરાવ્યું. ત્યારથી એના વિકાસમાં તથા સાહિત્યસર્જનમાં જ એ વ્યાપૃત્યા રહે છે. હમણાં જ એમની ૭૯મી જન્મજયંતી ઊજવાઈ ત્યારે ગાંધીજીએ મોકલેલા આશીર્વાદમાં આપણે પણ સૂર પુ… વીએ કે હિંદની એ વિરલ વિભૂ… ૧૦૦ વર્ષ પૂરાં જીવે.

ભારતીય સંવતો

૧૮ લક્ષ્મણસેન સંવત

આ સંવત બંગાળના સેનવંશી રાજા બલ્લાળસેનના પુત્ર લક્ષ્મણસેનના રાજ્યાભિષેક (જન્મ)થી ચાલેલો મનાય છે. ડૉ. રાજેન્દ્રલાલ મિત્રને મળેલા 'સ્મૃતિતત્ત્વામૃત' નામક હસ્તલિખિત પુસ્તકના અંતભાગે 'શાકે ૧૫૩૬, લ સં. ૪૯૪' લખેલું છે, જે પરથી બંને વચ્ચેનું અંતર ૧૦૪૧ વર્ષ માની શકાય, અબુલફઝલ 'અકબરનામા'માં પણ એટલું જ અંતર બતાવે છે ને ડૉ. કીલહૉર્ને પણ એ જ સ્વીકાર્યું છે. આ સંવતનો પ્રચાર પહેલાં બંગાળ, બિહાર ને મિથિલામાં હતો, પણ હવે માત્ર મિથિલામાં થોડોઘણો રહ્યો છે, જ્યાં માઘ સુદિ ૧થી તેનો પ્રારંભ ગણવામાં આવે છે.

મિસરના શહેનશાહ સેસોસ્ત્રનું અભિમાન વિજયને લીધે એટલી હદે પહોંચ્યું કે પોતાનો રથ ઘોડાઓને બદલે પોતાના માંડલિક રાજાઓ પાસે ખેંચાવવા લાગ્યો. એક દિવસ એક રાજા વારંવાર રથના પૈડાં તરફ નીચો વળી જોવા લાગ્યો. સેસોસ્ત્રે કહ્યું: 'એ પૈડાંમાં શું ભરાયું છે તે ધારીધારીને જોયા કરે છે?' જવાબ મળ્યો: 'હું મારા મનને દિલાસો આપું છું કે સૌથી નીચેનો આરો પણ ફરતો ફરતો સૌથી ઊંચે ચડે છે.' સેસોસ્ત્રે મર્મ સમજી એ કામ છોડી દીધું.

અનેકાર્થી શબ્દ: કઠ=તાડછાંની કોથળી–સાદડી; કઠારો, બફારો; આંતરિક પીડા, અમુંઝણ; કઠણાઈ; એક ઋષિ; એક ઉપનિષદ.

કહેવતોના અર્થ: 'ઊંટવૈદું કરી જાણે ને વૈદ કહેવાયા'–માંદા ઊંટના ગળામાં આરાનો ડુચો ભરાયેલો જાણી લઈને તે એક ચતુર માણસે લાત મારી બહાર કાઢી નાખેલો તેના અનુકરણમાં એક ઊંટવૈદે માંદી ડોશીના ગળામાં કફ ભરાતાં ડોશીને લાત મારી રામશરણ પહોંચાડી દીધી, એવા દાખલા સાથે ઉપલી કહેવત ચાલુ થઈ છે. અધકચરા જ્ઞાન સાથે જેમાંતેમાં માથું મારનારાઓ માટે વપરાતી આ કહેવતને મળતી બીજી: 'અલ્પજ્ઞાન ને અતિ લાભ'; 'ગોવાળ'નો શેરડો ન જાણે ને મારું નામ પડો' વગેરે.

જગતના સર્વ દેશોની એકંદર મોટરોના શુમાર સાડા ચાર કરોડ માત્ર. એટલે સરેરાશ ૪૮ માણસ માટે એક મોટર થઈ. આ સાડા ચાર કરોડમાંથી ત્રણ કરોડ ગાડીઓ તો એકલા અમેરિકા પાસે છે. ત્યાં દર પાંચ માણસે એક મોટર પડે છે.

સાપ ને દેડકાં પહેલાં પોતાનો શિકાર જીવતો છે કે નહિ તેની તપાસ કરે છે ને જીવતો હોય તો જ ખાય છે.



ગાંધીજીના સર્વ અનુયાયીઓમાં એમના સત્યાગ્રહ-દર્શનને કદાચ સૌથી વધુ સમજનાર શ્રી વિનોબા ભાવેએ રચેલું આ જીવનચક્ર ઝીણવટથી જોતાં આપમેળે સમજાઈ રહે તેવું છે. જીવનનું કેન્દ્ર સત્ય અને અહિંસા છે; અને તે બે જુદાં જુદાં તત્ત્વો નહિ પણ એક જ તત્ત્વની બે બાજુ છે. બળ, પ્રેમ, જ્ઞાન અને અન્ન એ જીવનની ચાર વિભૂતિઓ છે જેની પ્રાપ્તિ દ્વારા જ સત્ય અને અહિંસા સિદ્ધ કરવાનાં છે; અને તેથી તેની પ્રાપ્તિનાં સાધન તે દરેક વિભાગની સામે તેને અનુસારનાં જ બતાવ્યાં છે. (હિંદી 'સર્વોદય')



'તું ક્યાં જન્મેલો ?'
'હૉસ્પીતાલમાં'
'હેં ? કેમ, તને કાંઈ થયું હતું ?!'


ગણિતગમ્મત

$(૦ \times ૧) + ૨ = ૨^{૨} - ૨$
$(૧ \times ૨) + ૩ = ૩^{૨} - ૪$
$(૨ \times ૩) + ૪ = ૪^{૨} - ૬$
$(૩ \times ૪) + ૫ = ૫^{૨} - ૮$
$(૪ \times ૫) + ૬ = ૬^{૨} - ૧૦$
$(૫ \times ૬) + ૭ = ૭^{૨} - ૧૨$
$(૬ \times ૭) + ૮ = ૮^{૨} - ૧૪$
$(૭ \times ૮) + ૯ = ૯^{૨} - ૧૬$
$(૮ \times ૯) + ૧૦ = ૧૦^{૨} - ૧૮$
$(૯ \times ૧૦) + ૧૧ = ૧૧^{૨} - ૨૦$

—કા. મ. જોષી


ફ્રાન્સમાં દરરોજ સરેરાશ સોળ આપઘાત થાય છે.

ઇંગ્લંડમાં પહેલવહેલો સોનાનો સિક્કો આઠમા હેન્રીએ પડાવ્યો હતો.



(ફોટો: પ્રાણલાલ પટેલ)

ઘરનાં ફૂલદાન માટે કાશ્મીરમાં હોડીવાળાઓ જથ્થાબંધ ફૂલો હોડીમાં લઈને નીકળે છે ને ઘેરઘેર તથા હોડીએહોડીએ ફરીને આપણાં ફૂલદાન ભરી આપે છે'



બંગાળ (શાંતિનિકેતન)માંના પોતાના નિવાસ દરમ્યાન કરેલાં, ત્યાંનાં જીવન અને દૃશ્ય નિરૂપતાં

સ્વ. કલાકાર હરિવદનની

ચિત્રપોથીમાંનાં પાનાં



કાશ્મીરમાં

ફોટો • અખ્તર કે. સૈયદ